# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 28.00 | 16.00 |
| વડોદરા | 31.00 | 16.00 |
| સુરત | 32.00 | 18.00 |


પેજ 5





હવે મોટાભાગની વિગતો દસ્તાવેજ અને અપ્રુવલ વિના જ અપડેટ થઈ શકશે..

26 JANUARY-2025 SUNDAY

યુએસ સુપ્રીમ કોર્ટે પ્રત્યાર્પણને મંજૂરી આપી, રાણા-હેડલીએ એટેકની...




પેજ 10


.....સુવિચાર.....

માણસની દાનત ચોખ્ખી હોય તો, ભગવાન કોઈ ને કોઈ રૂપમાં મદદ જરૂર કરે છે.


વર્ષ-14 । અંક-069 । વિક્રમ સંવત-2081 । પોષ વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## અંક બંધ

ગણતંત્ર દિન નિમિત્તે તા. 26-01-2025 રવિવારના રોજ અખબારી કાર્યાલયનું કામકાજ બંધ રહેશે, તા. 27-01-2025 સોમવારના રોજનો અંક પ્રસિદ્ધ થશે નહીં. જેની સર્વે વાચકો, વિતરકબંધુઓ અને વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવી. તા.28-01-2025ના રોજ અખબાર રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે. **-કાર્યાલય**

# દેશના 93 જવાનો માટે વીરતા પુરસ્કારની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા.25

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 76માં પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યાએ 11 મરણોપરાંત સહિત 93 સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ના જવાનો માટે વીરતા પુરસ્કારને મંજૂરી આપવામાં આવી છે. આમાં બે કીર્તિ ચક્રોનો સમાવેશ થાય છે, જેમાં એક મરણોપરાંત. 14 શૌર્ય ચક્રો, જેમાં ત્રણ મરણોપરાંત ચક્રોનો સમાવેશ થાય છે. એક વખત ટુ સેના મેડલ (વીરતા), 66 આર્મી મેડલ જેમાં સાત મરણોપરાંત મેડલો સામેલ છે. આમાં બે નૌસેના મેડલ (વીરતા) અને આઠ વાયુસેના મેડલ (વીરતા)નો સમાવેશ થાય છે.આ ઘોષણા ભારતીય સશસ્ત્ર દળો અને CAPFની અભૂતપૂર્વ સેવા અને અપ્રતિમ બહાદુરીને સન્માન આપવા માટે કરવામાં આવી છે. કીર્તિ ચક્ર એ અશોક ચક્ર પછી ભારતનો બીજો સૌથી મોટો શાંતિ સમયનો વીરતા પુરસ્કારછે. જ્યારે શૌર્ય ચક્ર એ ભારતનો ત્રીજો સૌથી મોટો શાંતિ સમયનો વીરતા પુરસ્કાર છે. નીચે મુજબના વિવિધ પુરસ્કાર આપવાની રાષ્ટ્રપતિએ જાહેરાત કરી છે.

## આ પુરસ્કારમાં સામેલ છે...

- **-2 કીર્તિ ચક્ર (1 મરણોપરાંત) - મેજર મંજીત, પંજાબ, 22 RR (સેના), નાયક દિલાવર ખાન, આર્ટીલરી, 28 RR-મરણોપરાંત (સેના)**
- **-14 શૌર્ય ચક્ર (3 મરણોપરાંત)**
- **-1 વખત સેના મેડલ (વીરતા)**
- **-66 સેના મેડલ (7 મરણોપરાંત)**
- **-2 નૌસેના મેડલ (વીરતા)**
- **-8 વાયુ સેના મેડલ (વીરતા)**
- **-30 પરમ વિશિષ્ટ સેવા મેડલ**
- **-5 ઉત્તમ યુદ્ધ સેવા મેડલ**
- **-57 અતિ વિશિષ્ટ સેવા મેડલ**
- **-10 યુદ્ધ સેવા મેડલ**
- **-1 વખત ટૂ સેના મેડલ (કર્તવ્ય પ્રત્યે સમર્પણ)**
- **-43 સેના મેડલ (કર્તવ્ય પ્રત્યે સમર્પણ)**
- **-8 નૌસેના મેડલ (કર્તવ્ય પ્રત્યે સમર્પણ)**
- **-15 વાયુસેના મેડલ (કર્તવ્ય પ્રત્યે સમર્પણ)**
- **-4 વખત વિશિષ્ટ સેવા મેડલ**

### સૈનિકોની બહાદુરી અને દેશની સેવાનું પ્રતીક છે આ પુરસ્કાર

આ પુરસ્કારનો ઉદ્દેશ્ય ભારતીય સશસ્ત્ર દળો અને કેન્દ્રીય દળોની અભૂતપૂર્વ હિંમત અને દેશભક્તિને સન્માન આપવાનો છે. આ સન્માન સૈનિકોની બહાદુરી અને દેશની સેવા પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને સલામ કરે છે. ભારતના બહાદુર સપૂતોને આપવામાં આવેલું આ સન્માન આપણા દેશની સુરક્ષામાં તેમના યોગદાન અને બલિદાનની ગૌરવશાળી ગાથાનું પ્રતીક છે.

### ભારત સરકાર દ્વારા આપવામાં આવતા વીરતા પુરસ્કારની મુખ્ય ત્રણ શ્રેણીઓ

પરમવીર ચક્ર: આ સર્વોચ્ચ સેના સન્માન છે, જે અસાધારણ બહાદુરી અને બલિદાન માટે આપવામાં આવે છે.

મહાવીર ચક્ર: આ બીજો સર્વોચ્ચ વીરતા પુરસ્કાર છે, જે યુદ્ધભૂમિમાં બહાદુરી દર્શાવવા બદલ આપવામાં આવે છે.

વીર ચક્ર: આ સન્માન યુદ્ધના મેદાનમાં ઉત્કૃષ્ટ બહાદુરી દર્શાવવા બદલ પણ આપવામાં આવે છે.

આ ઉપરાંત, શાંતિકાળમાં ઉત્કૃષ્ટ કાર્યો માટે અશોક ચક્ર, કીર્તિ ચક્ર અને શૌર્ય ચક્ર આપવામાં આવે છે.

## કેન્દ્ર સરકારે 139 પદ્મ પુરસ્કાર વિજેતાઓના નામની કરી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા.25

કેન્દ્ર સરકારે પ્રજાસત્તાક દિવસ(ગણતંત્ર દિન) પૂર્વે શનિવારે(25 જાન્યુઆરી) પદ્મ પુરસ્કારો 2025ના વિજેતાઓના નામની જાહેરાત કરી. આ યાદીમાં અનેક નામી-અનામી પદ્મ પુરસ્કાર વિજેતાઓ છે. શારદા સિન્હા, ઓસામુ સુઝુકી સહિત 7 હસ્તીઓને પદ્મ વિભૂષણ સન્માન આપવામાં આવ્યું છે. જ્યારે પંકજ ઉધાસ અને સુશીલ મોદી સહિત 19 હસ્તીઓને પદ્મ ભૂષણ સન્માન અપાયું છે. આ સિવાય 113 હસ્તીઓને આ વખતે પદ્મ શ્રી એવોર્ડથી સન્માનત કરાશે, જેના નામોની જાહેરાત કરી દેવાઈ છે. આમ, કુલ 139 હસ્તીઓને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોથી સન્માનિત કરાશે.દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાંથી એક પદ્મ પુરસ્કાર ત્રણ શ્રેણીઓમાં આપવામાં આવે છે. જેમાં પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી સામેલ છે. આ પુરસ્કાર કલા, સામાજિક કાર્ય, સાર્વજનિક કિસ્સા, શિક્ષણ, રમત અને સિવિલ સેવા જેવા વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કાર્ય કરનારાઓને માન્યતા આપે છે.

## 'બંધારણ આપણને એક પરિવારની જેમ જોડે છે', રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂનું રાષ્ટ્રજોગ સંબોધન

(એજન્સી) નવી દિલ્હી | તા.25



રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યા પર રાષ્ટ્રને સંબોધન કર્યું. તેમણે દેશવાસીઓને ગણતંત્ર દિવસની શુભકામના પાઠવી અને કહ્યું કે, 'આજે ભારત વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. બંધારણ ભારતીયોના રૂપમાં આપણી સામૂહિક ઓળખનો આધાર પ્રદાન કરે છે અને બંધારણ આપણને એક પરિવારની જેમ જોડે છે'.




# નર્મદા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ચેતન સુથારના અધ્યક્ષપદે ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

## પોતાના બહુમૂલ્ય મતાધિકારનો ઉપયોગ કરવા માટે સૌ અધિકારી-કર્મયોગીઓ સંકલ્પબદ્ધ થવાની સામૂહિક પ્રતિજ્ઞા લીધી





રાજપીપલા :- ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે ''Nothing Like Voting, I Vote For Sure''ની થીમ આધારિત આજે નર્મદા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે આયોજિત ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ચેતન સુથારે જણાવ્યું કે, જિલ્લામાં મહિલા, યુવાનો, સિનિયર સિટીઝન સહિતના મતદારોની નોંધણી આપણી લોકશાહી વ્યવસ્થાને વધુ મજબુત બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવશે. આ વ્યવસ્થાને વધુ મજબુત બનાવવા માટે ચૂંટણીલક્ષી અને મતદારયાદીમાં વિશિષ્ટ કામગીરી કરનાર કર્મઠ અધિકારીઓ-કર્મચારીઓની કામગીરી સરાહનીય છે. આ કાર્યક્રમમાં નવા એપિકકાર્ડ મેળવનાર રાજપીપલાનાશ્રી દિવ્યેશ શાહે યુવા મતદાર જણાવ્યું કે, આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગેમને નવુ અપિક કાર્ડ એનાયત કરવામાં આવ્યું છે. તેથી આવતી ચૂંટણીમાં હું પ્રથમ વખત મારા મતાધિકારનો ઉપયોગ કરીશ સાથે લોકશાહીમાં ભાગ લેવાનો મોકો મને પ્રાપ્ત થયો છે. તેનાથી ગર્વની લાગણી અનુભવી રહ્યો છું. જે બદલ હું વહીવટીતંત્રનું આભાર વ્યક્ત કરૂં છું. વધુમાં ઉપસ્થિતોએ સ્વતંત્ર, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમાને જાળવીને, નિર્ભયતાથી, ધર્મ, વર્ગ, જાતિ, સમાજ, ભાષા અથવા અન્ય પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય ચૂંટણીમાં પોતાના મતાધિકારનો જ્યારે અવસર મળે ત્યારે ઉપયોગ કરવા અંગે પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે રાણીપરાના મુખ્ય શિક્ષક શ્રીમતી નમીતાબેન મકવાણાએ જણાવ્યું કે, અમારી ટીમે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં મતદાર જાગૃતિ માટે સ્વીપ એક્ટીવીટી દ્વારા જિલ્લામાં વિવિધ સ્થળોએ તાલુકા મથકોએ જઈને મતદાર જાગૃતિ અંગે શેરી નાટક સાથે વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતાં. જેના થકી નર્મદા જિલ્લામાં સૌથી વધારે મતદાન થયું હતું. અમારી કામગીરીને બિરદાવી આજે રાષ્ટ્રીય મતદાતા દિવસના ઉપલક્ષમાં અમારી ટીમનું સન્માન કરાયું છે. તે બદલ આભાર સાથે ખુશીની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે પ્રોબેશનરી અધિકારી સુશ્રી મુસ્કાન ડાગર IAS સહિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા ચૂંટણી સંદર્ભે ૯૦ વર્ષીય સિનિયર સિટિઝન અને યુવા મતદારને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

## દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા 76 માં પ્રજાસત્તાક પર્વની ભગવામય શુભકામનાઓ પાઠવવામાં આવી



દિપક રાવલ | દાહોદ લીમખેડા


આજ રોજ દાહોદ જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી (લીમખેડા)ના આદરણીય મહંતશ્રી સુરેશદાસજી મહારાજ અને દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા 76 માં પ્રજાસત્તાક પર્વની ભગવામય શુભકામનાઓ પાઠવવામાં આવી.

## સાવન કૃપાલ રુહાની મિશનની વડોદરા શાખા દ્વારા નિશુલ્ક આધ્યાત્મિક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું



વડોદરા : સાવન કૃપાલ રુહાની મિશન ની વડોદરા શાખા તરફથી 'ધ્યાન દ્વારા માનસિક સ્વાસ્થ્ય માં સુધારો' વિષય પર આધ્યાત્મિક કાર્યશાળાનું IT કંપનીમાં નિશુલ્ક આયોજન કરવામાં આવ્યું. જેમાં 30 થી 50 વર્ષની ઉંમરના લગભગ 50 જેટલા યુવાનો ઉપસ્થિત રહ્યા. આ આધ્યાત્મિક કાર્ય શાળામાં સમજાવવામાં આવ્યું કે આજકાલ આ આધુનિક યુગમાં લોકો ધ્યાન અભ્યાસ પ્રત્યે રુચિ વધે છે. જીવનના વિવિધ કાર્ય ક્ષેત્રમાં કામ કરવા વાળા ભાઈઓ અને બહેનો ભલે તે વિદ્યાર્થીઓ હોય કે કર્મચારીઓ, અધિકારીઓ હોય કે પટાવાળા, સામાન્ય લોકો હોય કે કોઈ વિશેષ હોદ્દા વાળા હોય બધા ધ્યાન અભ્યાસનું મહત્વ અનુભવ્યું છે. કે ધ્યાન દ્વારા આપણને માત્ર શારીરિક તથા માનસિક રીતે લાભ થતો નથી પરંતુ આપણે આધ્યાત્મિક રીતે પણ વધુ મજબૂત બની જઈએ છીએ. જો આપણે આપણા જીવનમાં દરરોજ ધ્યાન અભ્યાસ માટે સમય આપીએ તો તે આપણી આત્માને શક્તિ આપે છે. જીવનની દરેક પરિસ્થિતિમાં આપણે સકારાત્મક રહીએ છીએ.

## પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે નખત્રાણામાં સરકારી ઈમારતો તેમજ હાઈવે પરના ધાર્મિક સ્થળો ઝળહળી ઉઠ્યા




મહેશ સોની | નખત્રાણા

જિલ્લાકક્ષાનો પ્રજાસતાક દિન (૨૬, મી જાન્યુઆરી) આ વર્ષે નખત્રાણા મધ્યે વિરાણી રોડ પર આવેલા રામાણી ગ્રાઉન્ડ પર ઉજવવામાં આવનાર છે ત્યારે અહિ ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નખત્રાણાની પ્રાંત કચેરી, નખત્રાણા તાલુકા પંચાયત, ન્યાયાલય સહિત સરકારી ઈમારતો તેમજ ભુજ નખત્રાણા હાઈવે પર આવેલ પ્રાચીન પુરેશ્વર મહાદેવ મંદિર તેમજ ૭૨ યક્ષ મંદિર ,નખત્રાણામાં ડુંગર પર આવેલ સુરા બાપાના મંદિરો રોશનીથી ઝળહળી ઉઠયા હતા.

## રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ-NCPના ગઠબંધનમાં ગાંઠ

અમદાવાદ : રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. 16 ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. જ્યારે 18 ફેબ્રુઆરીના રોજ મતગણતરી યોજવામાં આવશે. ત્યારે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પૂરજોશમાં ચૂંટણીના મેદાનમાં બાજી મારવા માટે તૈયારી કરી લીધી છે. પક્ષના કાર્યકર્તાઓને રાત દિવસ જોયા વિના ચૂંટણીના પ્રચાર-પ્રસાર માટે હાકલ કરી દેવામાં આવી છે. ત્યારે આજે કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક અમદાવાદની મુલાકાતે છે, ત્યારે તેમણે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને મોટું નિવેદન આપતાં કહ્યું હતું કે કોંગ્રેસ પોતાના સિમ્બોલ પર ચૂંટણી લડશે. જ્યારે મહારાષ્ટ્રમાં ગઠબંધન કરનાર NCP ગુજરાતમાં એકલા હાથે ચૂંટણી લડશે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાઈ ચૂક્યું છે. ત્યારે કોંગ્રેસ પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક ગુજરાતની મુલાકાતે છે. આજે તેમણે પ્રદેશ કાર્યાલય ખાતે સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે બેઠક કરી હતી. મુકુલ વાસનિકે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને મોટું નિવેદન આપતાં કહ્યું હતું કે કોંગ્રેસ પોતાના સિમ્બોલ પર ચૂંટણી લડશે.

## પીએમશ્રી ચાણસ્મા પ્રા.કન્યાશાળામાં રંગોત્સવની દબદબાભેર ઉજવણી





નીતિન ઠાકર | ચાણસ્મા

પીએમશ્રી ચાણસ્મા પ્રા. કન્યાશાળામાં રંગોત્સવ ની દબદબાભેર ઉજવણી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં શાળા શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓના બહુ આયામી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.સાક્ષરી વિષયોની સાથે વિવિધ કૌશલ્યો અને અભિવ્યક્તિ તથા કલા- રમત વગેરે વિષયોમાં પ્રતિભા શોધી તેને વિકસાવવાના ઉમદા હેતુ ને ધ્યાને રાખી પીએમશ્રી ચાણસ્મા પ્રાથમિક કન્યાશાળામાં રંગોત્સવ કાર્યક્રમની હર્ષભેર ઉજવણી કરવામાં આવી. બાલવાટિકા થી ધોરણ-8 સુધીના તમામ વર્ગની 20 જેટલી કૃત્તિઓ જેમાં ગરબો, દેશભક્તિ ગીત, લોકગીત, મોબાઈલ દૂષણ પર માઈમ, બાળગીત, અભિનયગીત , બાળનાટક . કેટવૉક આમ વિવિધસભર કૃત્તિ રજૂ કરવામાં આવી.185 બાળાઓએ ભાગ લઈને પોતાની કૃત્તિ સુંદર રીતે રજૂ કરી હતી. મોટી સંખ્યામાં પધારેલા વાલીઓએ કાર્યક્રમને માણ્યો હતો અને વધાવ્યો પણ હતો. બાળાઓની આંતરીક શક્તિઓની ખીલવણી કરતો આ રંગોત્સવ કાર્યક્રમ થકી શાળાનું વાતાવરણ આનંદમય બની ગયું હ તુ . 'Transform the school environment into a vibrant and joyful place for learning through art and culture.' સાચા અર્થમાં આ હેતું સિધ્ધ થતો જણાયો. શાળા પરિવારે અને બાળાઓએ આ કાર્યક્રમની તૈયારી સુપેરે કરી રંગોત્સવ સફળ બનાવ્યો હતો.

### નવજીવન આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## દાહોદમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી હેતલ વસૈયાના અધ્યક્ષપદે જિલ્લા કક્ષાના ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરાઈ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

૨૫ મી જાન્યુઆરીએ મતદાનના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને નાગરિકોને તેમના મતાઅધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા માટે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જે નિમિતે આ વર્ષે દાહોદની નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે જિલ્લા કક્ષાનો મતદાન જાગૃતિ કાર્યક્રમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી હેતલ વસૈયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.આ દિવસનો હેતુ મતદારોની ભાગીદારીને પ્રોત્સાહન આપી દેશમાં લોકશાહીને મજબૂત કરવાનો છે. રાષ્ટ્રીય મતદાતા દિવસ લોકોને ચૂંટણી પ્રક્રિયા, મતદાર નોંધણી અને મતદાન કરતી વખતે જાણકાર નિર્ણય લેવાના મહત્વ વિશે શિક્ષિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ દિવસ લાયક મતદારો માટે તેમની મતદાર નોંધણીની સ્થિતિ ચકાસવા અને જો જરૂરી હોય તો તેમની વિગતો અપડેટ કરવા માટે રીમાઈન્ડર તરીકે પણ કામ કરે છે. આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી હેતલ વસૈયાએ મતદાનના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરી સૌને મહત્વપૂર્ણ મતાધિકારનો ઉપયોગ કરવા હાકલ કરી હતી. તેમજ તમામ વિદ્યાર્થીઓ કે જેઓ ૧૮ કે ૧૮ થી વધુ ઉંમરના હોય એઓને મતદાન નોંધણી અને મતદાન પ્રક્રિયામાં ઉત્સુકતાપૂર્વક ભાગ લેવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મતદાન જાગૃતિ માટે પીટીસી ની વિધાર્થિનીઓ દ્વારા નાટક રજૂ કરીને મતદાન કરવા અંગેનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમ નિમિતે પ્રાંત અધિકારી શ્રી એમ. ડી. દવે , મામલતદાર દાહોદ શ્રી પી. બી. ગોહિલ અને નાયબ મામલતદારશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતના લવજીભાઈ પરમાર અને સુરેશ સોનીને પદ્મ શ્રી એવોર્ડ એનાયત કરાશે

અમદાવાદ : પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ આજે(25 જાન્યુઆરી, 2025) પદ્મ પુરસ્કારો 2025 માટે પુરસ્કાર વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. પદ્મ શ્રી પુરસ્કાર વિજેતાઓમાં ગુજરાતના સુરેશ સોની અને લવજીભાઈ પરમારનો સમાવેશ થાય છે. સાબરકાંઠાના સુરેશ સોનીએ પોતાનું જીવન કુષ્ઠરોગીઓની સેવામાં સમર્પિત કર્યું છે, તેથી તેમને સામાજિક કાર્ય(હેલ્થ કેર) માટે પદ્મ શ્રી એનાયત કરાશે. જ્યારે સુરેન્દ્રનગરના લવજીભાઈ પરમારને કલા ક્ષેત્રે યોગદાન બદલ પદ્મ શ્રી એનાયત કરવામાં આવશે.પરમાર લવજીભાઈ નાગજીભાઈ : ટાંગલિયા નો તારણહાર (કલા ક્ષેત્રે - પદ્મ શ્રી) ગુજરાતનાં સુરેન્દ્રનગર જિલ્લાનાં વઢવાણના ડાંગસિયા વસાહતમાં રહેતા 62 વર્ષીય પરમાર લવજીભાઈ નાગજીભાઈને પદ્મ શ્રી એનાયત કરાશે.

## વડોદરાની એક એવી દુકાન, જેમાંથી થતો નફો સમાજસેવા માટે ગાંધીજીને મોકલાતો હતો





વડોદરા : તમને જાણીને વિસ્મય થશે કે, વડોદરા શહેરમાં એક એવી દુકાન હજું પણ કાર્યરત છે, જેના માલિકો પોતાનો ઘરખર્ચ કાઢી બાકીનો નફો ગાંધીજીને મોકલતા હતા. આ દુકાન વડોદરાની પ્રથમ ખાનગી ખાદી વિક્રેતા હતી. શહેરના રાવપુરા પાસે આવેલી આ ભારત ઉદ્યોગ હાટ નામની દુકાન દેશની ખાદી પ્રત્યેની લાગણી અને આઝાદી માટે દેશજનોના લગાવની સાક્ષી પૂરે છે. ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિનના અવસરે ભારત ઉદ્યોગ હાટની વાત જાણવી સૌને ગમશે. અંગ્રેજો સામેની આઝાદી ચળવળમાં મહાત્મા ગાંધીએ સ્વદેશી વસ્તુઓ અપનાવવાની હાકલ કરી હતી. તેનાથી પ્રેરાઈને વડોદરામાં છોટાલાલ વસંતજી મહેતા અને તેમના બે પુત્રો ધીરજલાલ અને સુમનચંદ્રએ ૧૯૩૦-૩૨ના સમયગાળામાં ખાદીનું વેચાણ શરૂ કર્યું. બાદમાં ૧૯૩૭માં હાલમાં રાવપુરામાં છે, એ દુકાનનો પ્રારંભ કર્યો હતો. આ દુકાનનું ઉદઘાટન કરવા માટે રવિશંકર મહારાજ પોતે આવ્યા હતા. એ સમયે વાજબી ભાવે સ્વદેશી ખાદી માટે આ દુકાનની બોલબાલા હતી. એવામાં વર્ષ ૧૯૪૨માં ગાંધીજીએ આપેલા આહ્વાનને પગલે ઠેરઠેર વિદેશી વસ્ત્રો અને વસ્તુઓની હોળી થવા લાગી ત્યારે, વડોદરામાં ભારત ઉદ્યોગ હાટમાં ખાદી ખરીદવા માટે લાઈનો લાગી હતી. વોલમાર્ટમાં બ્લેક ફ્રાઈડે સેલમાં ખરીદી માટે ગ્રાહકોની કતારો લાગે એવી રીતે ૧૯૪૨માં આ દુકાનમાં ગ્રાહકો ઉમટી પડ્યા હતા. ત્યારે એક ગ્રાહકને માત્ર ત્રણ મિટર કાપડ આપવું, એવો નિયમ કરવો પડ્યો હતો. છોટાલાલ મહેતાએ બાદમાં પોતાનું જીવન સમાજસેવામાં અર્પણ કરવાનો નિર્ણય કર્યો અને ગાંધીજી સાથે ચાલ્યા હતા. તેમના મોટા પુત્ર ધીરજલાલ મહેતા માટે કન્યા શોધવાનું કામ પણ રવિશંકર મહારાજે કર્યું. સૌરાષ્ટ્રના જેતપુરના પ્રભાબેન સાથે વેવિશાળ કરાવી રવિશંકર મહારાજે બારડોલી ખાતે લગ્નની વિધિ પણ પોતે કરી હતી. ગાંધીજી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ગોળ ખવડાવી સૌના મ્હોં મીઠા કરાવ્યા હતા. આવા સંસ્મરણો છોટાલાલના પ્રપોત્રો ૭૧ વર્ષીય શ્રી પુલકિત મહેતા અને ૬૩ વર્ષીય શ્રી સંજય મહેતા વાગોળે અને કહે છે કે, બાદમાં ગાંધીજી સહિત અનેક મહાનુભાવો અવારનવાર ભારત ઉદ્યોગ હાટની મુલાકાત લેતા રહ્યા હતા.

## ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડે ગુજરાતના રાજકોટમાં માવડી ખાતે નવું બેન્કિંગ આઉટલેટ લોન્ચ કરીને પહોંચ વિસ્તારી

### આ સાથે બેન્ક ગુજરાતમાં 20 બેન્કિંગ આઉટલેટ્સ અને દેશભરમાં 1043 બેન્કિંગ આઉટલેટ્સ ધરાવે છે



રાજકોટ: ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડ (ઉત્કર્ષ એસએફબીએલ) આ લોન્ચ સાથે તેનું નવું બેન્કિંગ આઉટલેટ શરૂ કરવાની ઘોષણા કરવા માટે ખુશી અનુભવે છે. આ વિસ્તરણ નાણાકીય સમાવેશકતા વધારવાની અને રાજકોટના માવડીના રહેવાસીઓને મહત્ત્વપૂર્ણ બેન્કિંગ સેવાઓ પૂરી પાડવાની બેન્કની કટિબદ્ધતા અધોરેખિત કરે છે. આ લોન્ચ સાથે બેન્કનાં દેશભરમાં 1043 બેન્કિંગ આઉટલેટ્સ થયાં છે અને ગુજરાત રાજ્યમાં 20 આઉટલેટ્સનો સમાવેશ થાય છે. આ વિસ્તરણ પર બોલતાં ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી ગોવિંદ સિંહે જણાવ્યું હતું કે, ''રાજકોટના માવડીમાં અમારું નવું બેન્કિંગ આઉટલેટ શરૂ કરાયું તે ગુજરાતમાં નાણાકીય સમાવેશકતા બહેતર બનાવવાની અમારી કટિબદ્ધતા દર્શાવે છે. રાજકોટ સાંસ્કૃતિક વારસો અને વેપાર સાહસિક ઊર્જાથી સમૃદ્ધ શહેર છે, જ્યારે માવડી તેની ઝડપથી વૃદ્ધિ પામતી શહેરી ક્ષિતિજ આલેખિત કરે છે. અમે માવડીના રહેવાસીઓને જરૂરી નાણાકીય સ્થિતિસ્થાપકતા હાંસલ કરવા અને સમુદાયના લાંબા ગાળાના વિકાસને ટેકો આપીને સક્ષમ સંપત્તિ નિર્માણ કરવા માટે સાધનો પૂરાં પાડવાનું લક્ષ્ય રાખ્યું છે.'' બેન્ક તેના ગ્રાહકોને ઘણી બધી નાણાકીય પ્રોડક્ટો અને સેવાઓ પૂરી પાડવા સુસજ્જ છે, જેમાં બચત અને ચાલુ ખાતાં, ફિક્સ્ડ ડિપોઝિટ્સ અને રિકરિંગ ડિપોઝિટ્સનો સમાવેશ થાય છે. આ લોન્ચ સાથે બેન્કનાં દેશભરમાં 1043 બેન્કિંગ આઉટલેટ્સ થયાં છે અને ગુજરાત રાજ્યમાં 20 આઉટલેટ્સનો સમાવેશ થાય છે. આ વિસ્તરણ પર બોલતાં ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી ગોવિંદ સિંહે જણાવ્યું હતું કે, ''રાજકોટના માવડીમાં અમારું નવું બેન્કિંગ આઉટલેટ શરૂ કરાયું તે ગુજરાતમાં નાણાકીય સમાવેશકતા બહેતર બનાવવાની અમારી કટિબદ્ધતા દર્શાવે છે. ગ્રાહકોની આકાંક્ષાઓને પહોંચી વળવા માટે બેન્ક હાઉસિંગ લોન, બિઝનેસ લોન અને લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી જેવી વિવિધ લોન યોજનાઓ ઓફર કરે છે. બેન્કિંગ આઉટલેટના તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ બેન્કિંગ ક્ષમતાઓ અને એટીએમ નેટવર્ક સાથે બેન્ક અખંચજ ગ્રાહક સેવા ઓફર કરે છે. ઉપરાંત બેન્ક ઈન્ટરનેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) અને કોલ સેન્ટર જેવી ઘણી બધી ચેનલો ઓફર કરે છે. ઉત્કર્ષ એસએફબીએલનું લક્ષ્ય માઈક્રો- બેન્કિંગ લોન (જેએલજી લોન), એમએસએમઈ લોન, હાઉસિંગ લોન અને લોન અગેઈન્સ્ટ પ્રોપર્ટી વગેરે સહિત સમાજના અન્ય વર્ગોને પહોંચી વળવા સાથે વંચિત અને પહોંચી નથી શકાયા તેવા ગ્રાહક વર્ગોને નાણાકીય સેવાઓ પૂરી પાડવાનું છે. ઉપરાંત બેન્ક ગ્રાહકોને ટેબ્લેટ આધારિત એપ્લિકેશન આસિસ્ટેડ મોડેલ ''ડિજી ઓન-બોર્ડિંગ'' થકી શાખાની મુલાકાત લીધા વિના બેન્ક અકાઉન્ટ ખોલાવવા માટે ગ્રાહકોને સુવિધા પૂરી પાડે છે.

આરોપીને આજીવન કેદ, પીડિતાને ₹4.85 લાખનું વળતર; 4 માસનો ગર્ભ રહેતાં ભાંડો ફૂટ્યો હતો...

# મનોદિવ્યાંગ સગીરા સાથે દુષ્કર્મ કેસ...






(એજન્સી) મોરબી | 25

મોરબી તાલુકામાં એક ચકચારીભર્યા કેસમાં સ્થાનિક કોર્ટે માનસિક રીતે અસ્થિર 16 વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચરનાર દુકાનદારને આજીવન કેદની સજા ફટકારી છે. વર્ષ 2022માં બનેલી આ ઘટનામાં આરોપીએ માતાને મારી નાખવાની ધમકી આપી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. માસૂમને 4 માસનો ગર્ભ રહી જતાં ભાંડો ફૂટ્યો હતો. એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ કે.આર.પંડ્યાની કોર્ટે 44 પુરાવાને આધારે આરોપી સુરેશ ભગવાનજીભાઈ ઝાલરિયાને જીવનના છેલ્લા શ્વાસ સુધી સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે આરોપી પર 85,000નો દંડ પણ ફટકાર્યો છે. પીડિતાને ન્યાય અપાવવા માટે કોર્ટે 4 લાખનું વળતર અને દંડની રકમ મળીને કુલ 4.85 લાખ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે.

ઘટનાની વિગતો મુજબ, આરોપીએ દુકાનમાં આવેલી સગીરાને અંદર લઈ જઈ શટર બંધ કરી દુષ્કર્મ આચર્યું હતું અને માતાને મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના બાદ સગીરાને 19 અઠવાડિયાંનો ગર્ભ હોવાનું જાણવા મળતાં તેની માતાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મદદનીશ સરકારી વકીલ એન.ડી.કારિયાની દલીલો અને પુરાવાઓને આધારે કોર્ટે આ કઠોર ચુકાદો આપ્યો છે.

## 4 માસનો ગર્ભ રહેતાં ભાંડો ફૂટ્યો હતો

આ કેસની વધુમાં મળેલી માહિતી મુજબ, જ્યારે આ ઘટના બની હતી ત્યારે સગીરાની ઉંમર 15 વર્ષ 8 મહિના હતી અને તે 9મા ધોરણમાં અભ્યાસ કરતી હતી, જોકે તે થોડી માનસિક અસ્થિર હતી. એક દિવસ અચાનક તેને પેટમાં દુખાવો થતાં મોરબીની ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી, જ્યાં તેને ઓગણીસ અઠવાડિયાંનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું.

ત્યાર બાદ થોડા દિવસ પછી આ સગીરા બપોરે સુરેશની દુકાન પાસેથી નીકળી હતી ત્યારે આરોપીએ સગીરાને દુકાનમાં બોલાવી હતી. ત્યાર બાદ દુકાનનું શટર બંધ કરીને તેની સાથે ખરાબ કામ કર્યું હતું. આમ, સગીરાને તેનાં માતા-પિતાને મારી નાખવાની ધમકી આપી તેની સાથે બે વખત દુષ્કર્મ આચર્યું હતું, જેથી તેને ગર્ભ રહી ગયો હતો.

## 'ચૂપ થઈ જા, નહીંતર તને અને તારાં માતા-પિતાને મારી નાખીશ'

દીકરીને વિશ્વાસમાં લઈને માતાએ પૂછ્યું ત્યારે દીકરીએ કહ્યું હતું કે પાંચેક મહિના પહેલાં હું આપણા ઘરની પાછળ સુરેશ ઝાલરિયાની દુકાને બોલપેન લેવા ગઈ હતી. ત્યારે સુરેશ ઝાલરિયાએ તેનાં કપડાં કાઢીને તેની સાથે ખરાબ કામ કર્યું હતું. એવું કરવાની તેને ના પાડી તો ચૂપ થઈ જા, નહીંતર હું તને અને તારાં માતા-પિતાને મારી નાખીશ એવી ધમકી આપી હતી.

ત્યાર બાદ થોડા દિવસ પછી આ સગીરા બપોરે સુરેશની દુકાન પાસેથી નીકળી હતી ત્યારે આરોપીએ સગીરાને દુકાનમાં બોલાવી હતી. ત્યાર બાદ દુકાનનું શટર બંધ કરીને તેની સાથે ખરાબ કામ કર્યું હતું. આમ, સગીરાને તેનાં માતા-પિતાને મારી નાખવાની ધમકી આપી તેની સાથે બે વખત દુષ્કર્મ આચર્યું હતું, જેથી તેને ગર્ભ રહી ગયો હતો.

# રાજકોટમાંથી બે બાંગ્લાદેશી ઘૂસણખોર ઝડપાયા...

## પડધરી નજીક સોસાયટીમાં બે મહિનાથી રહેતા હતા, કોલકાતાથી વાયા અમદાવાદ રાજકોટ આવ્યા હતા

(એજન્સી) રાજકોટ | 25

પ્રજાસતક પર્વના એક દિવસ પૂર્વે રાજકોટ ગ્રામ્ય SOGએ બાંગ્લાદેશી ઘુસણખોરોને ઝડપી પાડ્યા છે. રાજકોટ ગ્રામ્ય SOG ટિમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન રંગપર ગામના પાટિયા નજીક મારુતિ સોસાયટીમાં રહેતા બે બાંગ્લાદેશી ઘુસણખોરોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે આ બન્ને શખ્સોની પુછપરછ કરી ક્યાં કારણોસર કેવી રીતે ક્યાં ઈરાદાથી અહીં આવ્યા છે તે અંગે પુછપરછ હાથ ધરી તેના પર નજર રાખવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે પકડાયેલ બન્ને બાંગ્લાદેશી શખ્સો કોઈ પણ પ્રકારના આધારપુરાવા વગર ભારતમાં ગુજરાતની અંદર ઘુસી રાજકોટ જિલ્લામાં રહેતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ તથા પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આગામી તારીખ 26 જાન્યુઆરીના રાષ્ટ્રીય તહેવાર પૂર્વે આમ નાગરીકો નિર્ભયપણે તહેવારની ઉજવણી કરી શકે તેના માટે રાજકોટ જીલ્લામાં ગેરકાયદેસર રીતે ઘુસણખોરીથી રહેતાં અન્ય દેશોના નાગરીકો બાબતે તપાસ કરવા સૂચના આપવામાં આવતા રાજકોટ રૂરલ એસઓજી ટિમ સાથે પેટ્રોલીગમાં હતા.



### બાંગ્લાદેશની બોમરા બોર્ડર પરથી ભારતમાં ઘૂસ્યા હતા

આ ઉપરાંત પોલીસ તપાસમી બન્ને શખ્સો બાંગ્લાદેશની બોમરા બોર્ડર અને ભારતના બોંગા બોર્ડર જંગલ વિસ્તાર મારફત કલકતા પહોંચી ત્યાંથી હાવડા એક્સપ્રેસ ટ્રેન મારફત અમદાવાદ અને અમદાવાદથી રાજકોટ પહોંચ્યા હતા. તેઓ છેલ્લા બે મહિનાથી રાજકોટ આવી પડધરી તાલુકામાં રંગપર પાટિયા નજીક મારુતિ સોસાયટીમાં રહેતા હોવાનું સામે આવ્યું છે .

## જામનગરની ક્રેડિટ સોસાયટીના ડિફોલ્ટર્સને મોટો ઝટકો લાગ્યો

જામનગર | જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના બે ડિફોલ્ટર સભ્યોને કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ દાખલ થયેલા કેસમાં બંને આરોપીઓને એક-એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.

આરોપી નીલેશ રસીકભાઈ મહેતા અને મનીષ પરષોતમભાઈ રામોલીયાએ સોસાયટીમાંથી લોન લીધી હતી. લોનની ચુકવણી માટે આપેલા ચેક બાઉન્સ થતાં સોસાયટીએ કાયદેસરની નોટિસ આપી હતી. નોટિસ છતાં રકમની ચુકવણી ન થતાં સોસાયટીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.

કોર્ટે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અને ફરિયાદી પક્ષના પુરાવાઓને ધ્યાનમાં લઈને બંને આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. નીલેશ મહેતાને 1,44,271 અને મનીષ રામોલીયાને 44,074નો દંડ ફટકારવામાં આવ્યો છે.

સુરતના લિંબાયત વિસ્તારમાં મહિલાઓ વચ્ચે બોલાચાલી થયા બાદ પુરુષો પણ કૂદી પડ્યા...

# કૂતરા બાબતે પાડોશીઓ વચ્ચે પથ્થરમારો થયો

(એજન્સી) સુરત | 25

સુરતના લિંબાયત વિસ્તારમાં આવેલા મારુતિનગરમાં કૂતરા બાબતે પાડોશીઓ વચ્ચે બોલાચાલી બાદ પથ્થરમારાની ઘટના બની હતી. એક પરિવારે કૂતરાઓ રાખ્યા હોય અને તે લોકોને કરડતા હોય સ્થાનિકોએ આ બાબતે રજૂઆત કરી હતી. આ સમયે બોલાચાલી ઉગ્ર બની હતી. સ્થાનિક લોકોએ નજીકમાં પડેલી ઈંટો અને પથ્થરો ઉપાડીને અન્ય પરિવારના ઘર પર ઘા કર્યા હતા. પોલીસે આ મામલે રાયોટિંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતના લિંબાયત મારુતિનગર વિસ્તારમાં એક પરિવારમાં ત્રણ મહિલાઓ રહેતી હોવાનું જાણવા મળ્યું છે. તેમના દ્વારા કેટલાક શ્વાન પાળવામાં આવ્યા છે. આ શ્વાન સોસાયટીમાં રહેતા લોકોને પણ કરડી ખાતા હોવાની ઘટનાઓ બનતી હોય છે. જેને લઈને સ્થાનિક લોકોનો ગુસ્સો વધી ગયો હતો. બે દિવસ પહેલા ફરી એક વખત કૂતરાને લઈને પડોશી સાથે ઝઘડો થયો હતો અને ત્યારબાદ આસપાસના લોકો પણ ઉગ્ર રીતે મહિલાઓ સમક્ષ રજૂઆત કરતા દેખાયા હતા અને ત્યારબાદ સ્થાનિક લોકોએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. ઈંટોનો ઢગલો હોવાથી એક બાદ એક ઊંચકીને લોકોએ કૂતરા પાળનાર પરિવારના ઘર ઉપર ફેંકવાની શરૂ કરી દીધી હતી.



વાઈરલ થયેલા વીડિયોમાંથી પોલીસે ઈંટો મારનારા લોકોની ઓળખ મેળવી લીધી છે અને 6 આરોપીઓને ઝડપી પણ પાડ્યા છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ શ્વાનો સોસાયટીમાં લોકોને કરડી રહ્યા છે અને તેના કારણે અનેક વખત ફરિયાદ પણ કરવામાં આવી છે.

બોટાદ સાઈબર ક્રાઈમની મોટી કામગીરી

## ઓનલાઈન છેતરપિંડીના 26 ભોગ બનનારાને રૂ. 6.24 લાખ પરત અપાયા

(એજન્સી) બોટાદ | 25

બોટાદ જિલ્લામાં સાયબર ક્રાઈમ પોલીસે ડિસેમ્બર 2024માં એક મહત્વપૂર્ણ કામગીરી કરી છે. પોલીસ મહાનિરીક્ષક ગૌતમ પરમાર, પોલીસ અધિક્ષક કે.એફ.બળોલીયા અને નાયબ પોલીસ અધિક્ષક મહર્ષી રાવલના માર્ગદર્શન હેઠળ, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને વિવિધ ઓનલાઈન છેતરપિંડીના ભોગ બનેલા લોકોને મદદ કરી છે. કુલ 26 વ્યક્તિઓ એટીએમ ફ્રોડ, લોન-લોટરી ફ્રોડ, જોબ ફ્રોડ, શોપિંગ ફ્રોડ અને OLX, ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામ પર થતી છેતરપિંડીનો ભોગ બન્યા હતા. આ તમામ કેસોમાં કુલ રૂ. 8,60,651ની છેતરપિંડી થઈ હતી, જેમાંથી પોલીસે રૂ. 6,24,042 પરત અપાવવામાં સફળતા મેળવી છે. સૌથી વધુ રકમ રૂ. 1,32,789ની છેતરપિંડી એક કેસમાં થઈ હતી, જ્યારે સૌથી ઓછી રકમ રૂ. 1,135ની હતી. બોટાદ ઉપરાંત ગઢડા, સેથળી, બરવાળા, પાળીયાદ, લાઠીદડ, ઢસા, રાણપુર અને ગોરડકા સહિતના વિસ્તારોના લોકો આ છેતરપિંડીનો ભોગ બન્યા હતા.

# વ્યારા રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠ્યું...

### તાપી જિલ્લામાં 76મા રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી; પૂર્વસંધ્યાએ 240 કરોડના વિવિધ પ્રકલ્પોનાં ઇ-લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે...



તાપી (વ્યારા) | 76મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી "સ્વર્ણિમ ભારત: વિરાસત ઔર વિકાસ"ની થીમ સાથે સમગ્ર ભારતવર્ષમાં થશે. આ વર્ષે રાજ્યકક્ષાની ઉજવણી તાપી જિલ્લામાં થવાની છે. એને લઈને સમગ્ર વ્યારાનગર દેશભક્તિના રંગે રંગાયું છે. જિલ્લા સેવા સદન સહિત તમામ સરકારી કચેરીઓ અને જાહેર સ્થળો રંગબેરંગી લાઈટો અને આકર્ષક રંગોળીઓથી શણગારવામાં આવ્યાં છે. આજે પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ રાજ્યપાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 240 કરોડનાં 61 કામનાં ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મળતી માહિતી મુજબ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તાપી જિલ્લામાં રાજ્યકક્ષાના 76મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત રહેવાના છે, જેને લઈને આજે સાંજે તેઓ તાપી પહોંચશે, જ્યાં સાંજે 4 કલાકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને સયાજી ગ્રાઉન્ડ, વ્યારા ખાતે એટહોમ કાર્યક્રમ યોજાશે. એમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આમંત્રિત મહેમાનો સાથે સંવાદ સાધશે. આ સાથે સાંજે 7 કલાકે વ્યારા ટાઉનના દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં તાપી જિલ્લાની સામાજિક, આર્થિક અને ભૌગોલિક, સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

### ■ મુખ્યમંત્રીના હસ્તે 240 કરોડનાં 61 કામનાં ઇ લોકાર્પણ અને ખાતમુહૂર્ત

જિલ્લામાં રૂ. 124 કરોડનાં 20 કામનાં લોકાર્પણ અને 115 કરોડનાં 41 કામનાં ખાતમુહૂર્ત મળી કુલ 240 કરોડનાં 61 કામનાં ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્તનું આયોજન તાપી જિલ્લામાં કરાયું છે, જે તાપી જિલ્લાની પ્રગતિમાં વધારો કરશે. જિલ્લા સેવા સદનના પટાંગણમાં બનાવવામાં આવેલી ખાસ રંગોળી માત્ર કલાનું જ નહીં, પરંતુ દેશપ્રેમનું ઉત્તમ પ્રતીક બની છે. મહિલાઓ, બાળકો અને યુવાનો આ સુંદર દૃશ્યોને પોતાના સ્માર્ટફોનમાં કેદ કરી યાદગાર બનાવી રહ્યાં છે.

## પત્નીના ત્રાસથી કંટાળી રેલવે ટ્રેક પર આપઘાત કર્યો

(એજન્સી) સુરેન્દ્રનગર | 25

સુરેન્દ્રનગર જિલ્લામાં શિક્ષકોના આપઘાતની ચકચારી ઘટનાઓએ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચાવ્યો છે. પાટડીની શ્રી રઘુવીરસિંહજી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક મનોજ પરમારે બજાણાના પીપળી રેલવે ફાટક પાસે ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું છે.

મનોજ પરમાર પાટડી તાલુકાના વડગામના વતની હતા અને હાલમાં પાટડી-બજાણા રોડ પર રુદ્રાક્ષ સોસાયટીમાં રહેતા હતા. તેમની તાજેતરમાં જ ઓડું પ્રાથમિક શાળામાંથી પાટડીની શ્રી રઘુવીરસિંહજી પ્રાથમિક શાળામાં બદલી થઈ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેમની પત્ની ઘણા સમયથી ઘર છોડીને જતી રહી હતી, જેના કારણે તેઓ માનસિક તણાવમાં હતા.આ ઘટના વિશેષ ચિંતાજનક એટલા માટે બની છે કે માત્ર 24 કલાકની અંદર જિલ્લામાં બીજો આપઘાત નોંધાયો છે. આ અગાઉ પાટડીના ઉપરીયાળા ગામના એક શિક્ષકે કડી નર્મદા કેનાલમાં આપઘાત કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ પરિવારને જાણ કરી છે .

## વિદ્યાર્થિની આપઘાત મામલે NSUI બાદ ABVPનો વિરોધ: ગોડાદરા આદર્શ પબ્લિક સ્કૂલ બહાર નારેબાજી

(એજન્સી) સુરત | 25

સુરતના ગોડાદરા વિસ્તારમાં ધોરણ 8માં ભણતી 14 વર્ષીય વિદ્યાર્થિનીના આપઘાત બાદ આજે (25 જાન્યુઆરી) અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા આદર્શ પબ્લિક સ્કૂલ બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીના પરિવારના આક્ષેપ મુજબ, સ્કૂલ સંચાલકો દ્વારા ફી ભરવાના દબાણને કારણે વિદ્યાર્થીની આઘાતજનક પગલું ભરવા મજબૂર થઈ હતી. વિરોધ દરમિયાન ABVPના કાર્યકર્તાઓએ સ્કૂલ સંચાલકો વિરુદ્ધ ચીફલો કર્યા અને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી. તેમની માગણી હતી કે, વિદ્યાર્થિનીની પરિસ્થિતિ અંગે નિષ્પક્ષ તપાસ થાય અને સ્કૂલ સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. વિરોધ દરમિયાન અશાંતિ ન ફેલાય તે માટે પોલીસ દ્વારા સ્કૂલની બહાર કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ABVPના કાર્યકર્તાઓએ વીડિયો ફૂટેજમાં આવતી ઘટના અંગે પણ જવાબદારી નક્કી કરવાની માગણી કરી છે. 1. સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ પર ફી માટેના દબાણ બંધ કરવા કડક નીતિ અમલમાં મૂકવી. 2. આ અકસ્માતમાં જવાબદાર વ્યક્તિઓ પર કાયદેસર કાર્યવાહી થવી જોઈએ. 3. શિક્ષણ ક્ષેત્રમાં ન્યાયસિદ્ધ વ્યવસ્થાનું અમલીકરણ કરવું.

# ખંભાતમાં ડ્રગ્સ બનાવી આફ્રિકાથી અમેરિકા સુધી વેચાણ

### ડ્રગ્સ કેસમાં 12 વર્ષની સજા ભોગવી બહાર આવી ફરી 30 લાખમાં કોન્ટ્રેક્ટ આપ્યો, ATSએ આરોપીઓના 14 દિવસના રિમાન્ડની માગણી કરી હતી, જેની સામે કોર્ટે 6 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

(એજન્સી) ખંભાત | 25

આણંદ જિલ્લાના ખંભાત શહેરની સોખડા GIDC વિસ્તારમાં આવેલી ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં ATSએ કરેલા દરોડામાં મળેલા 107 કરોડના અલ્પ્રાઝોલમ ડ્રગ્સકેસમાં ગતરોજ (24 જાન્યુઆરી) મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો હતો, જેમાં ATSએ તમામ આરોપીઓને ખંભાત કોર્ટમાં રજૂ કર્યા હતા, જ્યાં કોર્ટમાં ATSએ આરોપીઓના 14 દિવસના રિમાન્ડની માગણી કરી હતી, જેની સામે કોર્ટે 6 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ઉલ્લેખનીય છે કે આરોપી અજય જૈને ડ્રગ્સકેસમાં 12 વર્ષની સજા ભોગવી બહાર નીકળી ફરી ડ્રગ્સ બનાવવાનો કોન્ટ્રેક્ટ આપ્યો હતો અને આ ડ્રગ્સ આફ્રિકાથી અમેરિકા સુધી વેચાણ કરવાનો પેંતરો હતો. સરકારી વકીલ બી.વી. પટેલે જણાવ્યું હતું કે આરોપીઓને સાથે રાખી તપાસ કરવી અત્યંત જરૂરી હોય અને ડ્રગ્સ એક ઈન્ટરનેશનલ લેવલે વપરાતું સબસ્ટેન્સ છે, તેથી એની તપાસ માટે આરોપીઓને મધ્યપ્રદેશ, રાજસ્થાન અને અન્ય જુદી-જુદી જગ્યાએ લઇ જવા માટે પોલીસ કસ્ટડીની જરૂર હોઈ, કોર્ટે તારીખ 30/1/2025ના બપોરના ત્રણ વાગ્યા સુધી તમામ આરોપીઓની કસ્ટડી પોલીસને સોંપેલી છે.

ATSએ 23/1/25ના વહેલી સવારથી શરૂ કરેલું સર્ચ-ઓપરેશન લગભગ 18 કલાક સુધી ચાલ્યું હતું, જેમાં કંપનીમાંથી 107 કરોડથી વધુની કિંમતનો અલ્પ્રાઝોલમ માદક પદાર્થનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસમાં પકડાયેલા આરોપીઓને ખંભાત કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન કોર્ટની બહાર મોટી સંખ્યામાં લોકોનું ટોળું એકત્રિત થયું હતું. આ કેસની વધુ તપાસ ATSની ટીમ દ્વારા હાથ ધરવામાં આવશે.

### ડ્રગ્સકેસમાં 12 વર્ષની સજા ભોગવી બહાર નીકળી ફરી ડ્રગ્સ બનાવવાનો કોન્ટ્રેક્ટ આપ્યો

ગુજરાત ATSએ ખંભાતમાંથી પકડેલા અલ્પાઝોલમ ડ્રગ્સની કિંમત 107 કરોડ હોવાનું ખૂલ્યું છે. આ ડ્રગ્સ મૂળ મધ્યપ્રદેશના અને અગાઉ 12 વર્ષ ડ્રગ્સના ગુનામાં જ જેલની સજા ભોગવી ચૂકેલા શખસે કોન્ટ્રેક્ટ આપી બનાવવાનું શરૂ કરાવ્યાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. પોલીસે આ સૂત્રધાર અજય જૈન સહિત કુલ છ લોકોની ધરપકડ કરી છે. ગુજરાત ATSના ડી.વાય.એસ.પી. હર્ષ ઉપાધ્યાયને બાતમી મળી હતી કે ખંભાતના નેજા ગામમાં આવેલી ગ્રીનલાઈટ નામની ફેક્ટરીમાં કેટલાક લોકો અલ્પાઝોલમ નામનું ડ્રગ્સ બનાવી રહ્યા છે.

આ ડ્રગ્સથી બનતી ટેબ્લેટ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનથી જ દર્દીઓને આપવામાં આવતી હોય છે છતાં ડ્રગ્સમાફિયાઓ આ ડ્રગ્સ બજારમાં વેચતા હોય છે અને ઊંઘની ગોળી જેવા દેશી નામથી આ ડ્રગ્સ સાઉથ આફ્રિકાથી માંડીને યુરોપિયન દેશો અને મેક્સિકોથી માંડીને અમેરિકામાં વેચાતી હોય છે.

# ટ્રાવેલ્સ બસના પાર્કિંગમાં યુવતીની છેડતી: વિકૃત યુવકે બાથમાં ભરી બીભત્સ હરકતો કરી

### યુવતીએ બુમાબુમ કરતા આરોપી ફરાર: આ મામલો પુણા શિવનગર નજીક ટ્રાવેલ્સ બસના પાર્કિંગમાં બન્યો હતો...




સુરત | સુરતના પુણા વિસ્તારમાં રેશમા ચોકડી પાસે બસ પાર્કિંગમાં થયેલા છેડતીના બનાવે સ્થાનિકોમાં ચકચાર મચાવી છે. મુસાફરી દરમિયાન એકલો સમય પસાર કરતી યુવતી પર શારીરિક છેડતીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યુવતીને બાથમાં ભરી બીભત્સ હરકતો કરનાર માનસિક વિકૃત વ્યક્તિની શોધખોળ પોલીસે શરૂ કરી છે. આ મામલો પુણા શિવનગર નજીક ટ્રાવેલ્સ બસના પાર્કિંગમાં બન્યો હતો. જ્યાં ઝુંપડામાં રહેતા સંજય કાળુભાઈ પલાસ નામના શ્રમજીવી યુવકે એકલી બેસેલી યુવતીને પકડી તેની સાથે અશ્લીલ વર્તન કર્યું હતું. યુવતીના વિરોધ છતાં સંજયે યુવતીને બાથમાં પકડી કિસ કરીને શારીરિક અડપલાં કરવાનો પ્રયાસ કર્યો હતો. યુવતીએ હિંમતપૂર્વક બુમો પાડતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા, જેને કારણે સંજય પલાસ તુરંત જ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ મામલે યુવતીએ પુણા પોલીસ સ્ટેશનમાં પહોંચી આરોપી વિરુદ્ધમાં છેડતીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે સંજય પલાસ વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે અને તેની શોધખોળ માટે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટના બાદ વિસ્તારમાં સુરક્ષા અંગે ચર્ચાઓ સાથે લોકોમાં રોષ સર્જાયો છે. સ્થાનિક લોકોએ વિસ્તારમાં પૂરતી સુરક્ષા વ્યવસ્થાના અભાવે નિરાશા વ્યક્ત કરી છે અને આવા બનાવોને રોકવા કડક પગલાં લેવાની માંગ કરી છે. પોલીસે ઘટનાના તમામ પાસાઓની તપાસ શરૂ કરી છે અને આરોપીને ઝડપવા માટે ચક્ર ગતિમાન કર્યા છે.

# નાંદોદમાં તંત્રની રહેમ નજર હેઠળ રેતી ખનન ચાલતું હોવાનો કોંગ્રેસ પ્રમુખનો આક્ષેપ

## સુરત ખાણ ખનીજની ટીમ ની તપાસમાં લાખો રૂપિયાની કટકી ખાઈ મામુલી દંડ કર્યો હોવાનો આક્ષેપ



**પ્રકાશ વસાવાએ આક્ષેપ કર્યો છે કે અગાઉ સુરત ખાણ ખનીજની ટીમ દ્વારા વડોદરા જિલ્લાના મોલેથા- નરખડી વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી.તેમાં લોડીંગ મશીનો ભગાડી મુકવામાં આવ્યા હતા, માત્ર ટ્રક જપ્ત કરવામાં આવી હતી.સ્થળની માપણી કરવામાં આવી પરંતુ કરોડોના દંડને બદલે મામુલી લાખોનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.જેમાં અમુક અધિકારીઓએ લાખો રૂપિયા કટકી કરી હોવાની ચર્ચા હાલ સંભળાઈ છે.માટે ઉપરથી નીચે બધાની મીલીભગતમાં આ ખનન થતું હોય તેને કોણ અટકાવશે .? શું કોઈ ઈમાનદાર અધિકારી આ વિભાગમાં છે જ નહી..?**

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ વસાવાએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ગેરકાયદેસર ખનન બાબતેની જાણકારી આપતા માફીયાઓમાં ભય ફેલાયો છે. આવેદનમાં પ્રકાશ વસાવાએ જણાવ્યા મુજબ હું તમને નર્મદા નદીમાં અને વડોદરાના મોલેથા ગામ સામે નર્મદા જિલ્લા નરખડી/ રૂઢ ગામની હદમા તથા નજીકના વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદેસર ખનનની ગંભીર સમસ્યા અંગે જાણ કરવા માગું છું.બાદ જણાવ્યું કે છેલ્લા ઘણા મહિનાથી આ વિસ્તારમાં દરરોજ સવારે અને સાંજે તથા રાત્રે ગેરકાયદેસર રીતે ખનન કરવામાં આવી રહ્યું છે.આ કામગીરીને કારણે સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે તથા નર્મદા જિલ્લાના રૂઢ ગામના સરકારી બ્લોક બીજાના નામ પર છે પણ જે બ્લોકમાં હરેન્દ્ર રોહિત( ઉર્ફે શેટી) તથા 'કપિલ કોઠિયા' ભાગીદારી છે.જેમાં બધાની મીલીભગતથી ખનન ચાલી રહ્યું છે.ત્યાંનો કિનારો નદીને જોડતો રસ્તો એમનો પ્રાઈવેટ છે તો બહાર કે ગામના કોઈ અસામાજિક તત્વો આવી શકે એમ છે જ નહીં ગેરકાયદેસર ખનન એમના સિવાય કોઈ બીજું કરી શકે એવું શક્ય નથી. સુરત ટીમની તપાસમાં હરેન્દ્ર રોહિતના ટ્રક વાહન પકડાયેલા છે.એના થોડાક દિવસ પહેલાં પણ એનું વાહન પકડાયેલ હતું આમ વારે ઘડીએ દંડ થતો હોવા છતાં એ સમજવા સુધરવા તૈયાર નથી.તથા કપિલ કોઠિયા નર્મદા જિલ્લાના નરખડી ગામ નર્મદા કિનારે રેતી સ્ટોક કરી ગેરરીતી કરી રહ્યા છે.જે સ્ટોકમાં રેતી નર્મદા નદી રૂઢ ગામ/ વડોદરા મોલેથા ગામની હદ વિસ્તાર માંથી ઉપાડે છે અને રોયલ્ટી ૩૦ કીમી ૫૦ કીમીથી દૂર રહેલ બીજા ગામની રોયલ્ટીનો ઉપયોગ કરે છે તથા રૂઢ ગામના બ્લોક માથી રોયલ્ટી નહીં કાઢીને ગેરકાયદેસર રેતી ઉપાડી, તથા સરકારી જગ્યામાં ખનન કરી રહ્યા છે જેના કારણે ગ્રામ પંચાયતની આવક પણ પ્રભાવિત થઈ રહી છે.અંદાજિત નુકસાન રૂ.૩ કરોડથી ૫ કરોડ સુધીનું છે.જે માપણી કરતા વધી પણ શકે એમ છે આ સંદર્ભમાં, અમે નર્મદા જિલ્લા અને વડોદરા જિલ્લાના ખનીજ વિભાગનો સંપર્ક કર્યો હતો.પરંતુ અમને કોઈ ન્યાય મળ્યો નથી.એવું લાગે છે કે કેટલાક લોકોની મદદથી આ ગેરકાયદેસર કામ ચાલી રહ્યું છે. તાજેતરમાં, ૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સુરતના મુખ્ય ખનીજ અધિકારીના માર્ગદર્શન હેઠળ અધિકારીઓની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી તેમાં લોડીંગ મશીનો ભાગી/ ભગાડી મુકવામાં આવ્યા હતા તેમાં ટ્રક જપ્ત કરવામાં આવી હતી. સ્થળની માપણી કરવામાં આવી હતી.સરકારી ધોરણ મુજબ જરૂરી દંડ વસૂલ કરવા વિનંતી કરવામાં આવે છે.

### સોનુનીયા ગામે ઝાડની ડાળી છીદંણી કરતા 60 વર્ષીય વૃદ્ધ નું ઝાડ પરથી નીચે પડી જતા મોત..

ડાંગ : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં સોનુનીયા ગામ ખાતે રહેતા 60 વર્ષીય વૃદ્ધ ખેતરમાં ઝાડની છીદંણી કરી રહ્યા હતા તે દરમિયાન ઝાડની ટોચની ડાળી ઉપરથી પગ લપસી જતા તેઓ જમીન પર પડી ગયા હતા અને ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. આહવા તાલુકાનાં સોનુનિયા ગામ ખાતે રહેતા હરિભાઈ નવસુભાઈ પ્રધાન (ઉ. વ.60) પોતાના ખેતરમાં સાદડના ઝાડ ઉપર ચડી ઝાડની છીદંણી કરવા ડાળીઓ કાપતા હતા. તે દરમિયાન તેમનો પગ ડાળી ઉપરથી લપસી જતા તેઓ ઝાડ ઉપરથી નીચે પડી ગયા હતા. જેમાં તેમના જમણા હાથમાં તથા શરીરે ઓછી વધતી મુંઢ ઈજાઓ પહોંચી હતી અને તેઓ બેભાન થઈ પડ્યા હતા.ત્યારે તેમની પત્ની ત્યાં અવાજ સાંભળીને આવી પહોંચી હતી. અને આસપાસના લોકોને બોલાવી લાવી હતી.જે બાદ 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક ધોરણે શામગહાન સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# રાજુલાની શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે સાહિત્ય સંમેલન અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન થયું

કિશોર આર. સોલંકી । જાફરાબાદ



રાજુલા ખાતે શ્રીમતી એચ.બી. સંઘવી કોલેજમાં સાહિત્ય સંમેલન નું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે ઉપસ્થિત
શ્રી શશીભાઈ રાજ્યગુરુ કવિ 'હેમાળી' તથા વિષ્ણુ ભાઈ ભાલીયા એ સાહિત્ય રસદર્શન કરાવ્યુ.શ્રી એચ.બી. મહિલા કોલેજ રાજુલા ના પ્રાર્થના હોલ મા સાહિત્ય રસ દર્શન અંતર્ગત વ્યાખ્યાન યોજાયું હતું. દિપ પ્રાગટ્ય મહેમાનો દ્વારા ને પ્રાર્થના કોલેજ ની વિદ્યાર્થીની દ્વારા થયું હતું.કોલેજ ના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલે આવકાર પ્રવચન માં ઉપસ્થિત મહેમાનો નો પરીચય આપ્યો હતો. અને કોલેજ માનદ મંત્રી શ્રી બાલકૃષ્ણ ભાઈ દવે એ પ્રાસંગીક પ્રવચન મા કોલેજ માં અધ્યન કરતી વિધ્યાર્થિનીઓ ને સમાજ જીવન માં લોકસાહિત્ય ની આવશ્યકતા સંસ્કૃત ના વિધાનો ટાંકી ને કર્યુ હતુ.ઉપસ્થિત મહેમાનો કવિ શશિભાઈ રાજ્યગુરુ કવિ 'હેમાળી', લેખકશ્રી વિશ્વનું ભાઈ ભાલીયા, રાજેશભાઈ વાઘેલા, યોગેશભાઈ કાનાબાર નું સ્વાગત કોલેજ ના પ્રિન્સિપાલ શ્રી ડો. રીટાબેન રાવલ, કોલેજ ના માનદ મંત્રીશ્રી બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર શ્રી રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેકટર શ્રી ડો. જીજ્ઞેશભાઈ વાજા એ કર્યું હતું. વ્યાખ્યાન ના મુખ્ય મહેમાન કવિ શશિભાઈ રાજ્યગુરુએ ગુજરાતી ભાષા ને સુદ્રઢ કરવા હિમાયત કરી હતી. ગુજરાતી ભાષા પર અંગ્રેજી ભાષા ના પ્રભાવ ને ખાળવા સુચનો કર્યા હતા.

# ભારત દેશના મહામહિમ્ રાષ્ટ્રપતિ દ્વારા... મુકેશ નેગી (આસિસ્ટન્ટ ઈન્ટેલિજન ઓફિસર સી.આઈ. ડી.આઈ.બી.) ને પ્રશંસનીય સેવા મેડલની જાહેરાત

ભરત શાહ | નર્મદા

મુકેશ નેગી એ ૨૦૦૦ ના વર્ષ માં નર્મદા જિલ્લા પોલીસ વિભાગમાં પોલીસ તરીકે પ્રથમ પોસ્ટિંગ મેળવી નર્મદા જિલ્લાના રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ઉત્તમ કામગીરી સાથે પોલીસિંગની શરૂઆત કરેલ જેથી પોલીસના ઉપરી અધિકારીઓ દ્વારા તેઓને તુરંત ડિટેકશન સ્ટાફમાં નિમણૂક કરી હતી.ત્યારબાદ એસપી કચેરી નર્મદા ખાતે વિવિધ વિભાગોમાં ફરજ બજાવી અધિકારીઓ સાથે ક્રાઈમ, ઈન્ટેલિજન્સી અને કોમ્પ્યુટર રાઈઝેશન લગતી કામગીરી કરી, જે કામગીરી અધિકારીઓએ ધ્યાને લેતા ટૂંક સમયમાં તેઓ વડોદરા રેન્જ આઈ.જી.પી.રાકેશ અસ્થાના સાહેબની (આર. આર સેલ.) ટીમમાં નિમણૂક પામ્યા હતા. મુકેશ નેગીની ધગસ અને કામગીરી પ્રત્યે વફાદારી અને નિષ્ઠાના કારણે ટૂંક સમયમાં પોલીસ અધિકારીઓમાં તેઓએ ખૂબ



ચાહના અને નામના મેળવી હતી. વર્ષ ૨૦૦૬ માં મુકેશ નેગી નાઓ ખાતાકીય પરીક્ષા પાસ કરી ગુજરાત રાજ્ય સી.આઈ.ડી. (આઈ.બી.) વિભાગ માં ડેપ્યુટેશન ઉપર તેમની આસિસ્ટન્ટ ઈન્ટેલિજન ઓફિસર તરીકેની નર્મદા જિલ્લામાં ફરીથી નિમણૂક થયેલ. નર્મદા જિલ્લામાં તેઓ દ્વારા માનવતાને જ પ્રથમતા ના સ્લોગન સાથે વહીવટી તંત્ર સાથે મળી અસાધારણ કામગીરી કરી રાજપીપળા ના વિવિધ વર્ગો માં ખૂબ નામના મેળવેલ હતી. વર્ષ ૨૦૧૮ માં વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકાર્પણ કાર્યક્રમમાં વિવિધ વીઆઈપી મુવમેન્ટો તેમજ કાયદો અને વ્યવસ્થા લગત સવિશેષ કામગીરી કરેલ અને વર્ષ ૨૦૧૯માં મુકેશ નેગી ની વડોદરા રીજિયન (સી.આઈ.ડી.આઈ.બી.) ખાતે બદલી થતાં એસપી સાહેબ ના માર્ગદર્શન અને સૂચના મુજબ વિશેષ કામગીરી કરી, કામગીરી પ્રત્યે વફાદારી અને સહજ વ્યક્તિત્વના કારણે તેમજ સાચા અર્થમાં પોલીસ પ્રજાનો મિત્ર છે એવું સાબિત કરી તેમણે પોલીસ ફરજના કાર્યકાળ દરમિયાન અનડીટેકટ ગુનાઓ ડિટેક્ટ કરી, દારૂ અને જુગારના ગણનાપાત્ર કેસો કરી, વોન્ટેડ આરોપીને પકડી કાયદો અને વ્યવસ્થા બાબતે ઈનપુટ્સ આપી, વી.વી.આઈ.પી. સુરક્ષા તેમજ ૨૬ જાન્યુઆરી ૨૦૧૭ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ન્યુ દિલ્હી ખાતે દિલ્હી પોલીસ સાથે ફરજ બજાવી વિગેરેની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મુકેશ નેગી (આસિસ્ટન્ટ ઈન્ટેલિજન્સ ઓફિસર સી.આઈ. ડી.આઈ.બી.) ને આજરોજ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે તેઓ દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરી કરવા બદલ માન.મહામહિમ્ રાષ્ટ્રપતિ શ્રી નાઓ દ્વારા પ્રશંસનીય સેવા મેડલ આપવાની જાહેરાત કરી છે.

### અન્ય વિસ્તારમાં ક્યારેક ક્યારેક દીપડો પશુનો મારણ કરતો હોવાની ચર્ચા

# સંખેડા તાલુકાના ઈન્દ્રાલના જંગલ વિસ્તારના રસ્તા ઉપર રાત્રી ના સમયે દીપડો જોવા મળ્યો



કમલેશ પટેલ । સંખેડા

સંખેડા તાલુકાના ઈન્દ્રાલ ગામની સીમમાં રાત્રિના સમયે રસ્તા ઉપર દીપડો લટાર મારતો જોવા મળ્યો હતો ત્યાંથી બહાદરપુરના તબિબ નસવાડીથી સંખેડા આવતા હતા તે દરમિયાન દીપડો રસ્તા ઉપર લટાર મારતો જોવા મળ્યો હતો. સંખેડા તાલુકામાં છેલ્લા ઘણા દિવસોથી ઈન્દ્રાલના જંગલો બાજુ તેમજ અન્ય વિસ્તારમાં ક્યારેક ક્યારેક દીપડો પશુનો મારણ કરતો હોવાની ચર્ચા ઊભી થાય છે. સંખેડા તાલુકાના ઈન્દ્રાલના ગામ પાસે જંગલ વિસ્તાર આવેલો છે. ઉપરાંત જંગલ પાસેથી હેરણ નદી પણ પસાર થાય છે. જેથી રાત્રિના સમયે જંગલમાંથી દીપડો પાણી પીવા માટે આવતો હોવાની પણ ચર્ચા થાય છે. રાત્રિના સમયે દિપડો રસ્તા ઉપર લટાર મારતો જોવા મળ્યો હતો. સંખેડા તાલુકાના બહાદરપુર ગામે ખાનગી પ્રેક્ટિસ કરતા તબીબ જીગ્નેશ પટેલ નસવાડીથી વાયા ઈન્દ્રાલના રસ્તે થઈ અને બહાદપુર રિટર્ન આવતા હતા. તે દરમિયાન રાત્રિના આશરે 11 વાગ્યાના આસપાસ દીપડો તેમની કારની બિલકુલ આગળથી જ પસાર થતો જોવા મળ્યો હતો. દીપડાને જોઈને તેમને ' પોતાની ફોરવીલર ઊભી રાખી દીધી હતી અને ત્યાંથી પસાર થતાં દીપડાનો ફોટો પડ્યો હતો અને વિડીયો ઉતાર્યો હતો. રસ્તાની એક બાજુથી દીપડો આવ્યો અને રોડ ઉપર લટાર મારી અને રસ્તાની બીજી તરફ જંગલ વિસ્તારમાં જતો રહ્યો હતો.

# બનાસકાંઠામાં મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાશે



માહિતી બ્યુરો,પાલનપુર

સમગ્ર દેશમાં ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ એટલે કે ૭૬માં પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી થનાર છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં દાંતા તાલુકાના અંબાજી સ્થિત જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે ૭૬મા પ્રજાસત્તાક દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરાશે. આ કાર્યક્રમના સુચારું આયોજન માટે

### અંબાજી જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું

જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. જે.દવેની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું. રિહર્સલ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ધ્વજ વંદન કરીને તિરંગાને સલામી આપી હતી. પોલીસ, હોમગાર્ડ અને જી.આર. ડી દ્વારા આયોજિત પરેડનું નિરીક્ષણ કરીને તેમણે અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ધ્વજવંદન, પરેડ નિરીક્ષણ, માર્ચ પાસ્ટ, ટેબ્લો નિરીક્ષણ, મહાનુભાવનું ઉદ્દબોધન, સાંસ્કૃતિક કાર્યક્રમ, નાગરિકો, અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓનું સન્માન અને વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો આયોજનબદ્ધ રીતે યોજાય તે માટે તેમણે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. રિહર્સલ પ્રસંગે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટરશ્રી સી. પી.પટેલ, દાંતા પ્રાંત અધિકારીશ્રી સિધ્ધિ વર્મા સહિત જિલ્લાના વિવિધ વિભાગના ધિકારીશ્રીઓ,કર્મચારીઓ,પોલીસ જવાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નિવાસી અધિક કલેકટરશ્રી સી વી લટાની ઉપસ્થિતિમાં

# લુણાવાડા શ્રી પીએન પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 15માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લાના લુણાવાડા શ્રી પીએન પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 15માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નિવાસી અધિક કલેકટર શ્રી સી વી લટાના અધ્યક્ષતામાં તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી તથા જિલ્લાના અન્ય અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની હાજરીમાં ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી પી એન પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યશ્રી અન્ય શિક્ષક ગણ, વિદ્યાર્થી મિત્રો તથા એનએસએસ સ્વયંસેવકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન લોકસભા સામાન્ય ચૂંટણી 2024 દરમિયાન ઉત્તમ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીશ્રી તથા સેક્ટર સુપરવાઈઝરશ્રી અને બી.એલ.ઓશ્રીઓનુ પ્રશસ્તી પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું. સાથે નવા નોંધાયેલ યુવા મતદારોને એપીક કાર્ડ વિતરણ કરવામાં આવ્યું તથા વરિષ્ઠ મતદારો અને દિવ્યાંગ મતદારોને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. તથા હાજર તમામ દ્વારા નિષ્પક્ષ અને તટસ્થ મતદાન કરવા અંગે તથા લોકશાહીના પર્વમાં ભાગીદાર થવા પ્રતિજ્ઞા લેવામાં આવી.

### લુણાવાડા આંગણવાડી ખાતે બાળકો દ્વારા ૨૬ જાન્યુઆરી અંતર્ગત ઉજવણી કરવામાં આવી

આવતી કાલે સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી થનાર છે ત્યારે સમગ્ર દેશ દેશભક્તિનાં રંગમાં રંગાયું છે જે અંતર્ગત આજ રોજ મહિસાગર જિલ્લામાં ૨૬મી જાન્યુઆરી અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

## હળાહળ કળયુગમાં પણ પ્રમાણિકતા હજુ પણ જીવે છે



મહેશ એલ. સોની । નખત્રાણા


હાલ હળાહળ કળયુગનો દોર ચાલી રહ્યો છે કેટલાક લોકો ચોરી ,લૂંટફાટ કે અન્ય પ્રપંચો દ્વારા અન્ય કોઈની માલ -મિલ્કત હડપ કરવાના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે આવા સમયમાં પણ અમુક લોકો પ્રમાણિકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડતા હોય છે. આવો જ પ્રમાણિકતા નો દાખલો માનકુવા પો. સ્ટેશન વિસ્તારના ભારાપર ગામનાં અશ્કર ફકીર મામદ માંજોઠી એ પૂરો પાડ્યો છે.જેઓ જી આર ડી તરીકે ફરજ બજાવે છે તેઓ તા.૨૪/૧/૨૦૨૫ ના રોજ નાઈટ ડ્યુટી પર હતા ત્યારે તેમને ભારાપર મસ્જિદ પાસેથી વીવો કંપનીનો મોંઘી કિંમતનો મોબાઈલ મળી આવતા તેમણે મોબાઈલ માલિક ભારાપર ગામનાં સુનીલ ભાઈ ઠક્કર ને સુપરત કરી પ્રમાણિકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડયું હતું.

# વિસાવદરના વિરપુરની ઘટનાથી વન તંત્ર પણ અચંબિત અને અચંબિત થવું જ જોઈએ

### સિંહ પાણીમાં તરી જ શકે છે, એટલે હવેથી કૂવામાં પડીને મૃત્યુ પામતાં સિંહો માટે ડૂબી ને મરી ગયાંનાં કારણો ધરી ફાઈલ બંધનાં કરી દેતાં બીજા રસ્તે તપાસ કરજો, બીજી શક્યતાઓની પણ ચકાસણી વનવિભાગ કરે તે અત્યંત જરૂરી છે

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

વિસાવદરના વિરપુરની ઘટનાથી વન તંત્ર પણ અચંબિત અને અચંબિત થવું જ જોઈએ કાયમ કૂવામાં પડી પાણી માં ડૂબી ને સિંહનાં મૃત્યુ થયાનું ગાણું વનવિભાગ ગાતું હોય છે. ત્યારે, આ ઘટના દાખલા રૂપ છે.સિંહણે ૭૦ ફૂટ પહોળી, ૫૦ ફૂટ ઊંડી નદીમાં તરીને બકરાંનો કર્યો શિકાર સિંહ પાણીમાં તરતા નથી તેવી માન્યતાને ખોટો પાડતો કિસ્સો સામે આવ્યો છે. ૭૦ ફુટ પહોળાઈ અને ૪૦થી ૫૦ ફુટ ઉંડાઈ ધરાવતી નદીમાં સામા કાંઠે શિકાર કરવા માટે નદીમાં તરીને સિંહણ ગઈ અને ત્યાં શિકાર કરી પરત નદીમાં તરી આવી ગઈ હતી. આ ઘટનાનો વિડીયો સામે આવ્યો છે. વન વિભાગના જણાવ્યા પ્રમાણે લોકોમાં માન્યતા છે કે, સિંહ પાણીમાં તરતો નથી પરંતુ આ ઘટનાને ખોટી ઠેરવતો કિસ્સાને રેર ઓફ ધ રેર ઘટના માનવામાં આવી રહી છે. વિસાવદર તાલુકાના વિરપુરની નજીક પસાર થતી ઉતાવળી નદીના એક કાંઠે સિંહણ શિકારની શોધમાં લટાર મારતી હતી તેવામાં તેને - નદીના સામા કાંઠે શિકાર નજરે ચડ્યો



હતો. માલધારી પોતાના બકરા ચરાવી રહ્યા હતા ત્યારે નદીના સામા કાંઠેથી પાણીમાં તરીને સિંહણ બકરાની નજીક આવી અને તરાપ મારી બકરાને મોંમાં પકડી પરત નદીમાં ચાલતી થઈ ગઈ હતી. તે નદીના બીજા કાંઠે જઈ બકરાને લઈ બહાર નીકળતી હોવાનો વિડીયો સામે આવ્યો છે. સિંહ નિષ્ણાંતો તથા વન વિભાગ ના જણાવ્યા પ્રમાણે આ ઘટનાને રેર ઓફ રેર કહી શકાય તેમ છે. કેમ કે, સિંહ ઘણીવાર પાણીમાં તરે છે પરંતુ શિકાર સાથે ૭૦ ફુટ પહોળાઈ અને ૪૦થી ૫૦ ફુટ ઉંડાઈ ધરાવતી નદીમાં ૪૦-૫૦ કિલોનું બકરૂ મોંમાં લઈ એક કાંઠેથી બીજા કાંઠે સિંહણ જતી હોય તેવી કદાચ આ પ્રથમ ઘટના હશે.સિંહ ઘણીવાર દરિયામાં તરે છે તથા રાવલ ડેમમાં તરતો હોય તેવી ઘટના પણ પ્રકાશમાં આવી છે પરંતુ મારણ સાથેની ઘટના પ્રથમવાર સામે આવતા સિંહપ્રેમીઓ ખુશખુશાલ થયા છે. વિરપુરના સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે જેઠાભાઈ ભરવાડ પોતાના બકરા ચરાવી રહ્યા હતા ત્યારે આ ઘટના બની છે. સિંહો વિશે અનેક પ્રકારની ગેરમાન્યતા ચાલી રહી છે.

# બારીપાડા-બોરીગાવઠા ફાટક નજીક કાર પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત



ડાંગ: પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ શિરડીથી દર્શન કરી પરત અમદાવાદ જઈ રહેલા પ્રવાસીઓની કાર.ન.જી.જે.27.બી.ઈ.3513 જે સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગનાં બારીપાડા-બોરીગાવઠા ફાટક નજીક ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા માર્ગની સાઈડમાં ભેખડો સાથે ભટકાઈને પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં કારને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે કારમાં સવાર તમામ પ્રવાસીઓને નાની મોટી ઈજાઓ પોહચવાની સાથે ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે..

## સંતરામપુર ખાતે યોજાનાર પ્રજાસત્તાક પર્વના કાર્યક્રમનું જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલની ઉપસ્થિતિમાં રિહર્સલ કરાયું



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

૭૬માં પ્રજાસત્તાક પર્વને યાદગાર બનાવવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી. મહીસાગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કલેક્ટર શ્રીમતી નેહા કુમારીની અધ્યક્ષ સ્થાને આઝાદ મેદાન સંતરામપુર ખાતે થનાર છે. જે અન્વયે આજરોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક દિવસે યોજાનાર સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં સંબંધિત વિભાગના સર્વે અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વિસ્તાર પૂર્વક સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સમજી હતી તેમજ સ્થળનું નિરીક્ષણ કરીને કાર્યક્રમને અનુલક્ષીને જરૂરી વિગતો મેળવી હતી. વધુમાં સર્વે અધિકારીશ્રીઓને ૭૬માં પ્રજાસત્તાક પર્વ યાદગાર બની રહે તે રીતે કાર્યક્રમનું આયોજન કરવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો પાઠવ્યા હતા. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી સી વી લટા, પ્રાયોજના વહીવટદાર શ્રી યુવરાજ સિદ્ધાર્થ,સંતરામપુર પ્રાંત અધિકારીશ્રી,મામલતદાર સંતરામપુર સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ)**
વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**કર્ક (ડ,હ)**
તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું.

**સિંહ (મ,ટ)**
શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો-કોઈક વિવાદાસ્પદ મુદ્દા હોય તો-તેનો ઉકેલ સલાહસંપથી લાવવો રહ્યો.

**કન્યા (પ,ઠ,ણ)**
તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે.

**તુલા (ર,ત)**
આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે.

**વૃશ્ચિક (ન,ય)**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**ધન (ભ,ધ,ફ)**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે.

**મકર (ખ,જ)**
તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે। તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**કુંભ (ગ,શ,સ)**
સ્વાસ્થ્યની દ્દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.



### સાઉદી સહિત ઓપેકના દેશોને ક્રૂડના ભાવ ઘટાડવા ટ્રમ્પે જણાવતાં વિશ્વ બજારમાં ક્રૂડમાં જોવા મળેલી પીછેહટ

# સોનું રૂ.83,000ની ટોચે, તેજીનો નવો ઈતિહાસ

(એજન્સી) મુંબઈ | તા 25

અમદાવાદ બજારમાં સોનાના ભાવ વધી ૧૦ ગ્રામના રૂ.૮૩ હજાર બોલાતાં નવો રેકોર્ડ સર્જાયો હતો. વિશ્વ બજાર ઉછળતાં ઘરઆગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે તેજીનો પવન ફૂંકાતો રહ્યો હતો. અમદાવાદ બજારમાં સોનાના ભાવ રૂ.૫૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૮૨૮૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૩૦૦૦ બોલાયા હતા. અમદાવાદમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૫૦૦ વધી રૂ.૯૧ હજાર બોલાઈ હતી. મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી. સોનાના ભાવ ઉછળી નવી ટોચે પહોંચ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૨૭૪૦થી ૨૭૪૧૨ વાળા ઉંચામાં ૨૭૮૦ થઈ ૨૭૭૮થી ૨૭૭૯ ડોલર રહ્યા હતા. વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ ઘટતાં તથા બોન્ડ યીલ્ડમાં પણ પીછેહટ થતાં વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ૩૦.૧૪થી ૩૦.૧૫ વાળા વધી ૩૦.૯૫ થઈ ૩૦.૯૧થી ૩૦.૯૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશના ૯૪૫થી ૯૪૬ વાળા વધી ૯૫૯ થઈ ૯૫૩થી ૯૫૪ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૯૮૭થી ૯૮૮ વાળા વધુ ઉછળી ૧૦૦૦ ડોલર પાર કરી ઉંચામાં ભાવ ૧૦૧૦થી ૧૦૧૧ થઈ ૧૦૦૬થી ૧૦૦૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૯૯ ટકા વધ્યા હતા. ચીન પર આકરી ટેરીફ લદાશે નહિં એવા સંકેતો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા અપાતાં વિશ્વ બજારમાં કોપર, પ્લેટીનમ તથા પેલેડીયમના ભાવમાં તેજીનો ચમકારો દેખાયો હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું.જો કે વૈશ્વિક ક્રૂડતેલના ભાવ બેતરફી વધઘટ વચ્ચે નરમ રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૯.૦૩ વાળા નીચામાં ૭૭.૬૦ તથા ઉંચામાં ભાવ ૭૮.૮૪ થઈ ૭૮.૭૧ ડોલર રહ્યા હતા. સાઉદી અરેબિયા સહિત ઓપેકના વિવિધ ક્રૂડ ઉત્પાદક દેશોએ ભાવ ઘટાડવા જોઈએ એવી હાકલ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા કરાતાં તેની અસર વિશ્વ બજારમાં ક્રૂડના ભાવ પર દેખાઈ હતી. યુએસ ક્રૂડના ભાવ બેરલના ૭૫.૪૭ વાળા નીચામાં ૭૪.૦૧ તથા ઉંચામાં ૭૫.૧૫ થઈ ૭૪.૯૯ ડોલર રહ્યા હતા.

### પગાર ધોરણ વધી રહ્યું હોવાથી ફુગાવામાં પણ વૃદ્ધિને ધ્યાનમાં રાખી દરમાં વધારો કરવાનો લેવાયેલો નિર્ણય

# જાપાનમાં વ્યાજ દર વધારી 2008 બાદની ઊંચી સપાટીએ લઈ જવાયો

(એજન્સી) મુંબઈ | તા 25

વિશ્વની મોટાભાગની બેન્કો વ્યાજ દરમાં ઘટાડા તરફી વલણ ધરાવી રહી છે જ્યારે બેન્ક ઓફ જાપાને શુક્રવારે વ્યાજ દરમાં પા ટકા વધારો કરી તેને ૦.૫૦ ટકા કર્યો છે. ૨૦૦૮ની નાણાંકીય કટોકટી બાદ વ્યાજ દરનું આ સૌથી ઊંચુ સ્તર છે. સ્થિર ફુગાવા તથા વધી રહેલા વેતનધોરણને ધ્યાનમાં રાખી બેન્ક ઓફ જાપાન નાણાં નીતિને સામાન્ય સ્થિતિમાં લાવવા માગે છે. બેન્ક ઓફ જાપાનના નવ સભ્યમાંથી આઠ સભ્યએ વ્યાજ દર વધારવાની તરફેણમાં મતદાન કર્યું હતું જ્યારે એક સભ્યએ વ્યાજ દર વધારવા સામે વિરોધ નોંધાવ્યો હતો એમ બેન્ક ઓફ જાપાન દ્વારા જારી કરાયેલા



એક નિવેદનમાં જણાવાયું હતું. આ નિર્ણય બાદ જાપાનના ચલણ યેનમાં ડોલર સામે મજબૂતાઈ આવી હતી અને પ્રતિ ડોલર ૧૫૫.૧૨ આસપાસ કવોટ થતો હતો. વેતનમાં વધારાને કારણે ફુગાવો વધી શકે છે, તેને ધ્યાનમાં રાખી વ્યાજ દર વધારવાનું જરૂરી બની ગયાનું નિવેદનમાં જણાવાયું હતું. ૨૦૨૫માં પગારધોરણમાં વધુ સુધારાની અપેક્ષા રાખવામાં આવી રહી છે, અને જાપાનના નીતિવિષયકોની તેના પર નજર રહેલી છે. કંપનીઓના નફામાં વધારા તથા લેબર માર્કેટમાં તાણને ધ્યાનમાં રાખી મોટાભાગની કંપનીઓએ વર્તમાન વર્ષમાં પણ પગાર વધારવાના સંકેત આપ્યા હોવાનું નિવેદનમાં વધુમાં જણાવાયું હતું. દરમિયાન રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા સહિતની વિશ્વની અન્ય કેન્દ્રીય બેન્કો વ્યાજ દરમાં ઘટાડો કરવા તરફ આગળ વધી રહી છે. અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા વર્તમાન વર્ષમાં બે વખત વ્યાજ દર ઘટાડવાના સંકેત આપ્યા છે જ્યારે આરબીઆઈ ફેબ્રુઆરીની બેઠકમાં રેપો રેટ ઘટાડશે તેવી શકયતા જોવાઈ રહી છે.

# છેલ્લા બે વર્ષમાં રૂપિયામાં માત્ર પાંચ ટકાનો પરંતુ જાન્યુઆરી 2020થી 20 ટકાનો ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા 25

ભારતીય ચલણ છેલ્લા બે વર્ષમાં લગભગ પાંચ ટકા અને છેલ્લા પાંચ વર્ષમાં ૨૦ ટકા ઘટયું છે, જે દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં સૌથી નબળી પ્રદર્શન કરતી કરન્સીમાંની એક બની ગયું છે. અમેરિકી ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. તાજેતરમાં રૂપિયો ઘટીને ૮૬.૭૦ રૂપિયા પ્રતિ ડોલરની નીચી સપાટીએ પહોંચ્યો હતો. આને લઈને આર્થિક જગતમાં ઘણી ચિંતા ઊભી થઈ છે તેમ રેટિંગ એજન્સી મૂડીઝ રેટિંગ્સે જણાવ્યું હતું. મૂડીઝે ઘટતા રૂપિયાની અસરોને સમજવા માટે ભારતમાં ૨૩ કંપનીઓનું મૂલ્યાંકન કર્યું છે. તેના આધારે મૂડીઝે શોધી કાઢ્યું છે કે આમાંથી માત્ર છ કંપનીઓને ડોલરની મજબૂતાઈથી અસર થઈ રહી છે. જો કે, મૂડીઝે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે આ કંપનીઓ પાસે અસર ઘટાડવાના પરિબળો પણ છે. મૂડીઝ એસેસમેન્ટમાં સામેલ આ કંપનીઓમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન,હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ અને એએનઆઈ ટેકનોલોજીસનો સમાવેશ થાય છે. છેલ્લા બે વર્ષમાં રૂપિયામાં માત્ર પાંચ ટકાનો ઘટાડો થયો છે, પરંતુ જાન્યુઆરી ૨૦૨૦ થી તેમાં ૨૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. મૂડીઝે દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયાના ઊભરતાં બજારોની કંપનીઓ પરના તેના અહેવાલમાં જણાવ્યું હતું. આ રીતે તે દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં સૌથી નબળી પ્રદર્શન કરતી કરન્સી બની ગઈ છે. રેટિંગ એજન્સીનું આ મૂલ્યાંકન ઘણા ક્ષેત્રોમાં પ્રવર્તતી ધારણાથી વિપરીત છે કે ડોલરની મજબૂતાઈ વચ્ચે ભારતીય ચલણનું પ્રદર્શન અન્ય કરન્સી કરતાં ઘણું સારું રહ્યું છે. ભારતની રાજકોષીય સ્થિતિ ૨૦૨૫માં તેની ધિરાણપાત્રતા પર તોલવાનું ચાલુ રાખશે, પરંતુ તેને ચીનથી વેપાર અને રોકાણ પ્રવાહમાં ફેરફારથી ફાયદો થઈ શકે છે, એમ મૂડીઝ રેટિંગ્સે તેના એશિયા-પેસિફિક ૨૦૨૫ આઉટલુકમાં જણાવ્યું હતું.

ભારતની રાજકોષીય સ્થિતિ ૨૦૨૫માં પણ તેની ક્રેડિટ ક્ષમતાને મર્યાદિત કરતી રહેશે. એવી અપેક્ષા છે કે રાજકોષીય એકત્રીકરણ ધીમે ધીમે થશે અને ધિરાણપાત્રતા Baa રેટેડ સાથીદારો માટે સરેરાશ ૫૭ ટકાથી ઉપર રહેશે.




## EPFO એ આપી મોટી સુવિધા

# હવે મોટાભાગની વિગતો દસ્તાવેજ અને અપ્રુવલ વિના જ અપડેટ થઈ શકશે

મુંબઈ | કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને ઈપીએફઓના કર્મચારીઓને મોટી રાહત આપતાં અપડેટ પ્રક્રિયાને સરળ બનાવી છે. હવે કર્મચારીઓ સરળતાથી EPF પ્રોફાઈલ અપડેટ કરી શકશે. આ માટે કોઈપણ પ્રકારના દસ્તાવેજની જરૂર પડશે નહીં. EPFOના આ નિર્ણયથી પેન્ડિંગ અરજી ધરાવતા 3.9 લાખ સભ્યોને ફાયદો થશે. આ સભ્યો પાસે હવે પેન્ડિંગ અરજીઓ રદ કરવાની અને ફરીથી અપડેટ કરી સબમિટ કરવાની સુવિધા મળશે. EPFOએ માહિતી આપી છે કે આ સુવિધા એવા સભ્યો માટે છે જેમના યુનિવર્સલ એકાઉન્ટ નંબર (UAN) આધાર નંબર સાથે વેરિફાય છે. આ પ્રક્રિયાનો ઉદ્દેશ્ય ફરિયાદો ઘટાડવાનો અને પેન્ડિંગ અરજીઓનો ઝડપથી નિકાલ કરવાનો છે. અગાઉ, ફેરફાર માટે એમ્પ્લોયર પાસેથી વેરિફિકેશન કરાવવું જરૂરી હતું, જેમાં લગભગ 28 દિવસનો સમય લાગતો હતો. હવે લગભગ 45 ટકા અરજીને મેમ્બર દ્વારા સેલ્ફ અપ્રુવ કરી શકાશે. જ્યારે 50 ટકા અરજી એમ્પ્લોયરની મંજૂરી વિના શક્ય નથી. જેના માટે સભ્યોએ પોતાનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર આધાર કાર્ડ અને પાન કાર્ડ સાથે લિંક કરાવવો જરૂરી છે. કારણકે કોઈ પણ અપડેટ તથા વિડ્રોલ આ લિંક વિના થઈ શકશે નહીં.

### શું હશે સમગ્ર પ્રક્રિયા?

PIB અનુસાર, હાલમાં સભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોમાંથી લગભગ 27 ટકા ફરિયાદો પ્રોફાઈલ અને KYC મુદ્દાઓ સંબંધિત છે. જેથી આ નવી અપડેટથી સભ્યોએ દસ્તાવેજો સબમિટ કરવા અને એમ્પ્લોયરની મંજૂરીની રાહ જોવી પડશે નહીં.

### કઈ માહિતી અપડેટ કરી શકાય છે?

EPFO સિસ્ટમમાં અનેક અપડેટ કરવામાં આવ્યા છે. લેટેસ્ટ અપડેટમાં સભ્યો કોઈપણ દસ્તાવેજો સબમિટ કર્યા વિના નામ, જન્મ તારીખ, જાતિ, રાષ્ટ્રીયતા, માતાપિતાનું નામ, લગ્નની સ્થિતિ, જીવનસાથીનું નામ, એન્ટ્રી અને એક્ઝિટની તારીખ સહિત અન્ય માહિતીઓ સરળતાથી એડિટ કરી શકશે.

# ભારતે દાવોસ 2025 ખાતે જળ સુરક્ષા અને સ્વચ્છતા અંગેની સિદ્ધિઓ રજૂ કરી

(એજન્સી) મુંબઈ | તા 25

દાવોસ, 24-25 જાન્યુઆરી, 2025 - વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય જળ શક્તિ પ્રધાન શ્રી સી આર પાટિલે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ખાતે મહત્વના સેશન્સ દરમિયાન જળ સુરક્ષા અને સ્વચ્છતામાં ભારતે હાથ ધરેલી પરિવર્તનકારી પહેલ રજૂ કરી હતી. આ ચર્ચાઓમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગૉલ્સ (એસડીજી) હાંસલ કરવા અને વૈશ્વિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી. 24 જાન્યુઆરીએ પાણી-સુરક્ષિત ભવિષ્ય માટે વૈશ્વિક સહયોગને પ્રોત્સાહન આપવા માટેના સેશનમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસ તથા વિશ્વભરના જળ નિષ્ણાંતો અને 300 લોકો ફિઝિકલી અને વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. આ સેશનમાં શ્રી પાટિલે જળ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં ભારતનું નેતૃત્વ દર્શાવ્યું હતું. તેમણે દર્શાવ્યું હતું કે કેવી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમના કાર્યકાળ હેઠળ પાણીની તંગી અનુભવતા રાજ્યમાંથી ગુજરાતે પાણીની સુરક્ષાનું મોડલ બનવા સુધીનું નોંધપાત્ર પરિવર્તન હાંસલ કર્યું હતું જેણે દેશભરમાં આવા પ્રયાસોને પ્રેરણા આપી હતી. જેના પગલે 60,000 અમૃત સરોવરની રચના અને પુનઃસ્થાપના થઈ હતી તેવા જળ શક્તિ અભિયાન અને પાણી બચાવવાના અન્ય કાર્યક્રમો જેવી મોટાપાયે હાથ ધરાયેલી પહેલને ભારતની સફળતાના મુખ્ય ચાલકબળ તરીકે રજૂ કરવામાં આવી હતી. આ સેશનમાં ટકાઉ પદ્ધતિઓ તથા આંતરરાષ્ટ્રીય ભાગીદારીઓ દ્વારા પાણીની અછતને દૂર કરવા માટેના વૈશ્વિક મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. 25મી જાન્યુઆરીએ શ્રી સી આર પાટિલે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ખાતે ભારતની જળ અને સ્વચ્છતાના ક્ષેત્રની સફળ વાર્તાઓ રજૂ કરી હતી અને ભાર મૂક્યો હતો કે ભારત ગ્રામ્ય વિસ્તારોના ઘરોને પીવાનું પાણી પૂરું પાડવામાં, ગ્રામીણ સ્વચ્છતા અને નદીઓની કાયાપલટ જેવા વિશ્વના કેટલાક મોટા કાર્યક્રમો હાથ ધરી રહ્યો છે. તેમણે જળ જીવન મિશનની સિદ્ધિઓ દર્શાવી હતી જેના થકી લગભગ 15 કરોડ ગ્રામીણ ઘરોમાં ચકલી દ્વારા પીવાનું સુરક્ષિત પાણી પૂરું પાડવામાં આવ્યું છે, સ્વચ્છ ભારત મિશન જેના થકી જાહેર આરોગ્ય તથા ગરિમા વધારવા માટે 120 મિલિયન ગ્રામીણ શૌચાલયો બાંધવામાં આવ્યા છે અને નેશનલ મિશન ફોર ગ્રીન ગંગા (એનએમસીજી) જે નદીઓની કાયાપલટ અને પર્યાવરણીય ટકાઉપણા માટે ગ્લોબલ મોડલ બન્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિવિધ વિભાગોને એકજૂટ કરીને જળશક્તિ મંત્રાલય બનાવીને વડાપ્રધાને પાણી સંબંધિત બાબતો પર કામ કરવા માટે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવી છે અને આ વ્યાપક અભિગમ પાણી સંબંધિત મુદ્દા માટે તથા સૌના માટે પીવાના સ્વચ્છ પાણી તથા સ્વચ્છતાના સંયુક્ત રાષ્ટ્રોના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ લક્ષ્યો હાંસલ કરવા માટે ભારતની અદ્વિતીય પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ નિફ્ટી500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

AXIS MUTUAL FUND

(એજન્સી) મુંબઈ | તા 25

ભારતના સૌથી ઝડપથી વિકસતા ફંડ હાઉસીસ પૈકીના એક એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે નિફ્ટી500 મોમેન્ટમ 50 ટીઆરઆઈને ટ્રેક કરતું ઓપન એન્ડેડ ઈન્ડેક્સ ફંડ એક્સિસ નિફ્ટી500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) 24 જાન્યુઆરીથી 7 ફેબ્રુઆરી, 2025 સુધી રહેશે અને ફંડને નિફ્ટી500 મોમેન્ટમ 50 ટીઆરઆઈ સામે બેન્ચમાર્ક કરવામાં આવી છે. આ નવી ઓફરિંગ ભારતના રોકાણ ક્ષેત્રે પેસિવ સ્ટ્રેટેજીમાં ભારતીય રોકાણકારોના વધી રહેલા રસને દર્શાવે છે કારણ કે રોકાણકારો વધુ સરળ અને કિફાયતી સોલ્યુશન્સ સાથે મોમેન્ટમમાં હોય તેવા સ્ટોક્સનો લાભ લેવા માંગે છે. આ સ્કીમના રોકાણનો હેતુ રોકાણકારોને ટ્રેકિંગ ભૂલોને આધીન રહીને નિફ્ટી500 મોમેન્ટમ 50 ટીઆરઆઈમાં તથા ખર્ચ પૂર્વે વળતર પૂરા પાડવાનું છે. જોકે, સ્કીમના રોકાણના હેતુઓ હાંસલ થશે તેની કોઈ બાંયધરી નથી. આ લોન્ચ વિશે એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના એમડી અને સીઈઓ શ્રી બી ગોપકુમારે જણાવ્યું હતું કે અમે રોકાણકારોને નવીનતમ ઈન્વેસ્ટમેન્ટ સોલ્યુશન પૂરા પાડવાની અમારી વર્તમાન પ્રતિબદ્ધતાના ભાગરૂપે એક્સિસ નિફ્ટી500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરતા ઉત્સાહિત છીએ. પેસિવ સ્ટ્રેટેજી સતત લોકપ્રિયતા મેળવી રહી છે ત્યારે અમે માનીએ છીએ કે આ ફંડ ભારતના સૌથી આશાસ્પદ મોમેન્ટમ-આધારિત શેરોમાં રોકાણ કરવાની અનન્ય તક આપશે અને ખર્ચ ઓછો રાખીને વ્યાપક ડાયવર્સિફિકેશન સુનિશ્ચિત કરશે.

## ફેન્ટમ ડિજિટલ ઈફેક્ટ્સ વીએફએક્સ દિગ્ગજની નિમણૂક સાથે લીડરશીપ ટીમને વધુ મજબૂત બનાવે છે

ચેન્નઈ : અગ્રણી ક્રિએટિવ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (વીએફએક્સ) સ્ટુડિયો ફેન્ટમ ડિજિટલ ઈફેક્ટ્સ લિમિટેડ (NSE: PHANTOMFX), ઈયાન અન્ટેરાઈનરની એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણૂકની ઉત્સાહપૂર્ણ જાહેરાત કરે છે, જે નવીનતાને આગળ વધારવા અને સ્ટુડિયોની વૈશ્વિક ઉપસ્થિતિને વિસ્તારના હેતુથી એક મુખ્ય વ્યૂહાત્મક પગલું છે. ઈયાન અન્ટેરાઈનર પોસ્ટ-પ્રોડક્શન, કોર્પોરેટ વ્યૂહરચના અને નેતૃત્વમાં લગભગ બે દાયકાનો અનુભવ ધરાવે છે. તેમની કારકિર્દી દરમિયાન, તેમણે નેટફ્લિક્સ, માર્વેલ, પેરામાઉન્ટ, સોની પિક્ચર્સ અને ઝોઈક સ્ટુડિયો જેવા ટોચના સ્ટુડિયો સાથે કામ કર્યું છે. તેમના પોર્ટફોલિયોમાં ગેમ ઓફ થ્રોન્સ, વન્સ અપોન અ ટાઈમ અને હોમલેન્ડ જેવા આઈકોનિક પ્રોજેક્ટ્સ તેમજ બીએમડબ્લ્યુ, પ્લેસ્ટેશન અને ડૉ. પેપર જેવી બ્રાન્ડ્સ માટે મહત્વપૂર્ણ એડવર્ટાઈઝીંગ કેમ્પેઈન્સનો સમાવેશ થાય છે. ઈયાનની અગાઉની નેતૃત્વ ભૂમિકાઓમાં ઝોઈક સ્ટુડિયોમાં સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે હતા, જ્યાં તેઓ એડવર્ટાઈઝીંગ, સ્પોર્ટ્સ અને વીઆર પ્રોડક્શનને સંભાળતા હતા, અને રેડિયમ ખાતે તેઓ એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર અને પ્રોડક્શન હેડ તરીકે રહ્યા હતા. આ હોદ્દાઓથી ઈયાનને સર્જનાત્મક પ્રતિભા વિકસાવવા, વૈશ્વિક વીએફએક્સ પ્રોજેક્ટ્સને અનુકૂલિત કરવા અને ભવિષ્યલક્ષી વ્યૂહાત્મકતાને અમલમાં મૂકવાની સ્વતંત્રતા મળી, જેનાથી આ કંપનીઓ ઉદ્યોગના અગ્રણી તરીકે સ્થાન પામી.

# પોલિસીબજારના એશ્યોર્ડ ડિલિવરી પ્રોગ્રામે 100 ગેરેજનું સિમાચિહ્ન સર કર્યું, ભારતના 87 શહેરોમાં વિસ્તણ કર્યું

(એજન્સી) મુંબઈ | તા 25

ભારતના અગ્રણી વીમા પ્લેટફોર્મ્સમાંના એક પોલિસીબજારે તેની ગ્રાહક-પ્રથમ પહેલ એશ્યોર્ડ ડિલિવરી પ્રોગ્રામમાં તાજેતરમાં મોટું સિમાચિહ્ન સર કર્યું છે. આ પ્રોગ્રામ હવે સમગ્ર દેશમાં 87 શહેરોમાં 100 ગેરેજમાં કાર્યરત છે. લેહમાં 100મું ગેરેજ ખોલવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે આ પહેલ ભારતના ખૂણે ખૂણે પહોંચી હોવાનું દર્શાવે છે અને આ પહેલ ગ્રાહકને તેના દાવાઓ અને સર્વિસ અનુભવને કેન્દ્રમાં રાખે છે. આ કાર્યક્રમ હેઠળ હવે 100 ગેરેજ આવરી લેવાની સાથે બધા જ મેટ્રો શહેરો અને મોટાભાગના ટીયર-1 અને ટીયર-2 શહેરોમાં પોલિસીધારકો કોઈપણ મુશ્કેલી વિના ક્લેમ સેટલમેન્ટ માટે સક્ષમ બનશે. કંપનીએ મોટર ઈન્સ્યોરન્સના દાવાઓના અનુભવને પરિવર્તિત કરવા આ વર્ષના પ્રારંભમાં એશ્યોર્ડ ડિલિવરી પ્રોગ્રામ શરૂ કર્યો હતો. આ કાર્યક્રમનો આશય પોલિસીધારકો માટે સાનુકૂળતા, પારદર્શીતા અને ઝડપી સેવાને પ્રાથમિક્તા આપવાનો છે. આ કાર્યક્રમની સૌથી મોટી મહત્વની બાબતોમાંની એક એ છે કે બધા જ પોલિસીબજાર મોટર વીમા ગ્રાહકોને તેમની

policybazaar

પસંદગીના ગેરેજમાં સમર્પિત રિલેશનશિપ મેનેજર મળે છે. આ રિલેશનશિપ મેનેજર તેમના વાહનના પીક-અપથી લઈને રીપેરિંગ પૂરું કરવા સહિત દાવાની સંપૂર્ણ પ્રક્રિયા પર નજર રાખે છે અને તે બધા જ દાવાઓની મંજૂરીની ઔપચારિક્તાનું પણ નિરીક્ષણ કરે છે. આ કાર્યક્રમ હેઠળ પોલિસીધારકોને તેમના દાવાની સમગ્ર પ્રક્રિયા પૂરી ના થાય ત્યાં સુધી તેમના વાહનના રિપેરિંગ તેમજ દાવાની સ્થિતિ વિશે નિયમિત માહિતી મળતી રહે છે. આ કાર્યક્રમ હેઠળ ગ્રાહકોને રૂ. 50000 હેઠળના દાવા માટેના રિપેરિંગ સહિત નાના રિપેરિંગ પાંચ દિવસમાં પૂરા કરવાની ખાતરી મળે છે. આ વર્કશોપ્સમાં આ શક્ય છે, કારણ કે આ કાર્યક્રમ માટે ક્વોલિફાઈ થયેલી કાર્સને સર્વિસિંગમાં પ્રાથમિક્તા મળે છે. આ વાહન શક્ય એટલી ઝડપથી રીપેર થાય અને ગ્રાહકને તેના વપરાશ માટે પરત કરવાનીખાતરી અપાય છે. વધુમાં રીપેર કરવામાં આવેલા બધા જ ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ પાર્ટ્સ વોરન્ટી સાથે આવે છે. આ કાર્યક્રમ માટે પાત્ર ઠરનારા પોલિસીધારકોને તેમના વાહન માટે મફત પીક-અપ અને ડ્રોપની સેવા પણ મળશે.

# બજેટમાં બે મોટી જાહેરાતની અપેક્ષા: સ્માર્ટફોનના ભાવ ઘટશે, ખેડૂતોને પણ થશે લાભ...




(એજન્સી) મુંબઈ | તા 25

કેન્દ્રીય બજેટ 2025ની જાહેરાતમાં ટેલિકોમ સેક્ટર, ઈન્ટરનેટ સેવાઓ અને સ્માર્ટફોનના ભાવમાં ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. આ પગલું દેશના કરોડો નાગરિકો માટે ડિજિટલ એક્સેસને વધુ મજબૂત બનાવી શકે છે. ટેલિકોમ સેક્ટરના સ્ટેકહોલ્ડર્સને અપેક્ષા છે કે, આ વખતે આવા નીતિગત પગલાં લેવામાં આવશે જેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત થશે અને ઓપરેશનલ ખર્ચમાં ઘટાડો થશે. નિષ્ણાતોનું કહેવું છે કે 'બજેટ 2025માં આયાત ડ્યુટીમાં વધુ ઘટાડો થવાની અપેક્ષા છે, જે વિદેશી કંપનીઓને ભારતમાં રોકાણ વધારવા માટે પ્રોત્સાહિત કરશે. આયાત ડ્યુટીમાં ઘટાડો થવાથી ઉત્પાદન ખર્ચ ઘટશે અને મોબાઈલ ફોન જેવા સ્માર્ટ ઉપકરણોની કિંમતો પણ ઘટશે. તેનાથી સામાન્ય લોકો માટે સ્માર્ટફોન ખરીદવાનું સરળ બની શકે છે.' દેશના નાણામંત્રી દ્વારા રજૂ થનારા બજેટમાં કૃષિ ક્ષેત્ર માટે ફાળવણી આશરે 14થી 15 ટકા વધારવામાં આવશે એવી શક્યતા જાણકારો કહી રહ્યા છે. આવી ફાળવણી વધારાશે તો છ વર્ષનો રેકોર્ડ તૂટશે એવી ગણતરી રાખવામાં આવી છે. વધુ પેદાશ આપતાં બિયારણો વિકસાવવા તથા સ્ટોરેજ, સપ્લાય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા ઉપરાંત દેશમાં કઠોળ, તેલીબિયાં, શાકભાજી વગેરેનું ઉત્પાદન વધારવા બજેટમાં આવી ફાળવણી વધારવામાં આવશે એવી શક્યતા નિષ્ણાતોએ દર્શાવી છે.

### ટેક્સ-લાઈસન્સ ફીમાં ઘટાડાની માગ

આગામી બજેટ 2025માં સૌથી મોટી અપેક્ષા ટેક્સમાં ઘટાડા અંગે છે, જે હાલમાં ટેલિકોમ સેક્ટર પર બોજ સમાન રહી છે. જેમાં, આયાત ડ્યુટી, યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (યુએસઓએફ) અને લાઈસન્સ ફીમાં ઘટાડો કરવાની માંગ કરવામાં આવી છે. જો આમ થશે તો ટેલિકોમ કંપનીઓ પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવા માટે વધુ મૂડી ઉપલબ્ધ થશે. તેનો સીધો લાભ ગ્રાહકોને સસ્તી સેવાઓના રૂપમાં મળશે. આગામી બજેટમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે મોટી રકમ ફાળવવામાં આવે તેવી અપેક્ષા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-10

# આ વખતે પરેડમાં રોબોટ ડોગની ટુકડી પહેલી વાર જોવા મળશે



આવતીકાલે દેશ ૭૬મો પ્રજાસત્તાક દિવસ ગૌરવભેર ઉજવશે. પહેલાં તો લોકો વહેલી સવારે ઉઠીને પરેડ જોવા ટીવી સામે ગોઠવાઈ જતા અને પોતાના દેશની લશ્કરી તાકાતના દર્શન કરતા. હવે આવો ક્રેઝ ખાસ રહ્યો નથી. હા, ક્રિકેટ વર્લ્ડકપની મેચો જોવા ગમે તે સમય માટે તૈયાર રહેતા લોકો હવે તો મ્યુઝિક કોન્સર્ટ માણવા માટે પણ ઉજાગરા કરે છે. દેશ આઝાદ થયા પછીના પાંચ-છ દાયકા સુધી લોકો ૨૬મીની લશ્કરી પરેડ અને વિવિધ રાજ્યોના ટેબ્લો જોવા આતુર રહેતા હતા. આ વખતે ૨૬ જાન્યુઆરીની પરેડનું કદાચ સૌથી મોટું આકર્ષણ રોબોટ ડોગની ટીમ હશે. આ યાંત્રિક કૂતરા પાછળ તેમને ઓપરેટ કરતા જવાનો કૂચકદમ કરતા હશે. શક્ય છે કે આવતી કાલની પરેડમાં આ રોબોટ ડોગની ટુકડી કોઈ નવા દાવ કરે. રોબોટ ડોગ્સને ભારતીય લશ્કરમાં રોબોટિક મ્યુલ્સ (મલ્ટિ યુટિલિટી લેગ)તરીકે ઓળખાય છે. આ ચાર પગાળા પ્રાણી લશ્કરને ઘણાં કામમાં આવી રહ્યાં છે. રોબોટ ડોગ તરીકે વધુ ઓળખાતા આ મ્યુલ્સ લશ્કરનાં જોખમી ઓપરેશનોમાં જવાનોની જાનહાનિ અટકાવી શકે છે.ગઈ ૧૫ જાન્યુઆરીએ પૂણે ખાતે યોજાયેલી આર્મી ડે પરેડમાં જેણે આ રોબોટ ડોગની ટુકડી જોઈ છે તે સૌએ ભારતે અપનાવેલી આ ટેકનોલોજીની ભારોભાર પ્રશંસા કરી છે. તે રોબોટિક કૂતરા ભોંયરામાં કે ટનેલમાં છુપાયેલા ત્રાસવાદી સુધી પહોંચીને આર્મીને મેસેજ કરી શકે છે.ઇન્ટર્નલ ઇમેજીંગ સેન્સર દ્વારા આ કૂતરા દુશ્મનો પર નજર કરશે ત્યારે તેની તસવીર દૂર બેઠેલા લશ્કરી જવાનો સુધી પહોંચી જશે. આ તસવીરોના આધારે દુશ્મનો કેટલા છે, તેમના હાથમાં ક્યાં હથિયારો છે તે જાણી શકાશે. ગેરીલા વોરમાં જવાનોની જાનહાનિ મોટા પાયે થાય છે, પણ મ્યુલ્સ ડોગને કારણે તે અટકાવી અથવા તો ઘટાડી શકાશે. રોબોટિક ડોગ ઇલેક્ટ્રો-ઓપ્ટિકલ સિસ્ટમનો ઉપયોગ થયો છે. તે ૧૨ કિલો જેટલું વજન ઉંચકી શકે છે.લશ્કરમાં સામેલ કરાયેલા રોબોટિક ડોગને રાજ્યસ્થાનના રણમાં તાલીમ આપવામાં આવી હતી. આ યાંત્રિક શ્વાનમાં બેસાડેલા સેન્સર્સને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવ્યા છે. રોબોટિક ડોગને વજન ઊંચકીને ચાલી શકે છે તેમજ જોખમી સ્થળોએ પહોંચી શકે છે. પૂણેની આર્મી ડે પરેડમાં પહેલી વાર ઓલ-ગર્લ એનસીસીની ટુકડી પણ હતી. માત્ર છોકરીઓની ટુકડી માર્ચ કરતી હોય તે દ્રશ્ય દર્શકો માટે ગૌરવ સમાન બની ગયું હતું. માત્ર મહિલાઓની અગ્નિવીર ટુકડીને પણ લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. પૂણેમાં ૧૨ રોબોટિક ડોગ તેમના હેન્ડલર્સ (ઓપરેટ કરનારા) સાથે જોવા મળ્યા હતા. આવતી કાલની ૨૬મીની પરેડમાં રોબોટિક ડોગની સંખ્યા વધુ હોઈ શકે છે. ભારતના લશ્કરને આધુનિક બનાવવાના ભાગ રૂપે રોબોટિક ડોગને લશ્કરમાં સામેલ કરવામાં આવ્યા છે.

## NEWS BRIEF

### શૂન્યમાંથી સર્જન શુરે આપ્યો સાથ સંજુ નો સંઘર્ષ અને સફળતા લોકગાયિકા કિરણ પ્રજાપતિ....



હિરેન પ્રજાપતિ | અરવલ્લી સાબરકાંઠા

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી મન હોય તો માળવે જવાય જેવા દ્રઢ સંકલ્પ સાથે નાં સપનાને સાકાર કરવા માટે અથાગ પરિશ્રમ કરનાર લોક ગાયિકા કિરણ પ્રજાપતિ જેમને શુર અને સંગીત પોતાના વડવાઓ થકી વારસામાં મળ્યું છે એવું સમગ્ર પ્રજાપતિ સમાજ નું ગૌરવ અને સુવર્ણ રત્ન જેને કહી શકાય એવા કુમારી કિરણ પ્રજાપતિ હાલમાં (આઇ એસ એ એમ આર એ .) ઈન્ડીયન સિંગર એન્ડ મ્યુઝિશિયન્સ રાઈટ એશોશિયન મુંબઈ ના સભ્ય બન્યા છે કિરણ પ્રજાપતિ એ પોતાના શુરની શરુઆત પોતાના માદરે વતન ગામના ચોરાથી કરી હતી કઠીન પરિસ્થિતિ નો સામનો કરી કેસેટ ની દુનિયા થી સીડી ડીવીડી અને આજે સોશિયલ મીડિયા માં પોતાની ચેનલ થકી સંતવાણી ધૂન અને અન્ય લોકગીતો સમગ્ર દુનિયા ને પીરસી રહ્યા છે પોતાની યુટ્યુબ ચેનલ પર લાખોની સંખ્યામાં ચાહકો છે જેમને તારીખ ૨૪-૧-૨૦૨૫ નાં રોજ યુટ્યુબ કંપની તરફથી પણ બટન આપી સન્માનિત કરવામાં આવ્યાં છે જ્યારે સંગીતની દુનિયામાં શુર રેલાવતા કિરણ પ્રજાપતિ વિશે અનેક લેખકો થકી પણ વ્યક્તિ વિશેષ નાં લખાણ પુસ્તકો માં લખાયા છે આજે જ્યારે સફળતા પ્રાપ્ત થઈ છે ત્યારે કુમારી કિરણ પ્રજાપતિ એ દૈનિક પેપરના તંત્રીશ્રીઓ પ્રત્રકાર મિત્રો લેખકો અને સૌથી વધું સફળતા અપાવનાર એમનાં તમામ ચાહકોનો હ્દય પૂર્વકનો આભાર વ્યક્ત કર્યો છે જે કાંઈ પણ છું એ તમામ વ્યક્તિઓ થકી છું સફળતા અપાવવામાં મને કરેલ મદદ સપોર્ટ થી હું આજે શુરને સથવારો આપી રહી છું જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ આપના સહીયોગ થકી આગળ વધી રહી છું આવનાર સમયમાં પણ આપનો સાથ સહકાર મળતો રહેશે એવી અભ્યર્થનાઓ વ્યક્ત કરી ઓલ ઈન્ડિયા સીંગર એશોશિયન સભ્ય બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો છે.

## વાઘોડિયા : શંકા પડતા તલાશી લેતા દારૂ ઝડપાયો

કિશન રોહિડા | જરોદ | વાઘોડિયા પોલીસ વાઘોડિયા ટાઉન ઠક્કર ચોકડી પાસે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન તવરા ગામ તરફથી પૂરઝડપે આવી રહેલી એક બાઇક ચાલક જતો હતો તે દરમિયાન પોલીસને શક પડતાં તેને કોર્ડન કરી અટકાવીને બાઇકની તલાશી લેતા બાઇકની પેટ્રોલ ટાંકીની બાજુ માં ચોરખાનુ બનાવેલું માલુમ પડતાં જેની તલાશી લેતા ચોરખાનામાંથી વિલાયતી ઇંગ્લિશ દારૂની 90 નંગ બોટલો પોલીસને મળી આવી હતી જેની કિંમત રૂપિયા 15,300/- તથા એક બાઇક જેની કિંમત રૂપિયા 25,000/- કુલ મળીને રૂપિયા 40,300/- નો મુદ્દામાલ સાથે દિલીપ દેવલા રાઠવા રહે રંગપુર છોટાઉદેપુરની ધરપકડ કરીને વાઘોડિયા પોલીસે આગળની તપાસ આદરી છે.

# મુનકાપાડા ગામમાં પીવાના પાણી માટે વલખા મારતી મહિલાઓ, ઘર ઘર લાગેલા નળ શોભાના ગાઠિયા સમાન




### અંદાજિત 150 ઘરોમાં પાણીના નળ કનેક્શન લાગી ગયા છે પરંતુ એકપણ ઘર ના નળ માં પાણી આવતું નથી

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના નવાગામપાનુડા પંચાયત ના મુનકાપાડા ગામમાં પીવાના પાણી માટે વલખા મારતી મહિલાઓ અંદાજિત 150 ઘરોમાં પાણીના નળ કનેક્શન લાગી ગયા છે અને ગામના ભાગોળ સુધી પાણી પુરવઠા યોજના હેઠળ ગામમાં પાણી પણ પહોંચ્યું છે પરંતુ ઘરે ઘરે નળ મૂક્યા છે તેમાં પાણી જ નથી પહોંચતું જેના કારણે મહિલાઓએ બીજા ફળિયામાં બાલમંદિર પાસે આવેલી મીનીજલધારા માંથી માથા પર બેડુ અને હાથમાં ડોલ લઈને પાણી ભરવા જવું પડે છે. આમ જ તમામ ઘરની મહિલાઓ અલગ અલગ જગ્યાએથી પાણી એકઠું કરીને પોતાના ઘર વપરાશ માટે લાવે છે જેને લઈને આખો દિવસ પાણી લાવવામાં જ સમય વીતી જાય છે ત્યારે આદિવાસી વિસ્તારમાં ભારત વિકાસ યાત્રા નીકળી ચૂકી છે તો શું સરકાર આ રીતે ભારત વિકાસ કરશે..? વહીવટી તંત્રની ખૂબ જ મોટી બેદરકારીના કારણે આ ગામના મહિલાઓ હેરાન થઈ રહ્યા છે.

## રાજપીપળા સિટી સિવિક સેન્ટરના કર્મચારીઓને કાયદાકીય અને સરકારી યોજનોની માહિતી અપાઈ

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા માં કાર્યરત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના પેરા લીગલ વોલેન્ટિયર ભાવનાબેન ધ્રુવ દ્વારા અનેક સંસ્થાઓ માં કાર્યક્રમો થકી માહિતી આપવામાં આવતી હોય શુક્રવારે રાજપીપળા કોલેજ સામે આવેલી પંચવટી સોસાયટી માં નગરપાલિકા હસ્તક ના સિટી સિવિક સેન્ટર ના કર્મચારીઓ ને માહિતી આપવામાં આવી. રાજપીપળા પંચવટી સોસાયટી માં ચાલતા સિટી સિવિક સેન્ટર માં હાજર કર્મચારીઓ ને રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના પેરા લીગલ વોલેન્ટિયર ભાવનાબેન ધ્રુવ દ્વારા કાયદાકીય માહિતી અને સરકારી યોજનાકીય માહિતી આપતા જણાવ્યું કે લગ્નજીવન અંગેની તકરારો માટે કાયમી પ્રિ-લિટીગેશન કૌટુંબિક લોક અદાલત અમારી કાયમી પ્રિ-લિટીગેશન લોક અદાલતમાં લગ્નજીવનમાં પડકારોનો સામનો કરતા પીડિતો ના અમારી કાયમી પ્રિ-લિટીગેશન કૌટુંબિક લોક અદાલત તેને ઉકેલવા માટે, શાંતિપૂર્ણ અને સમક્ષ પ્રયત્ન કરવા પર ભાર મુકાયો હતો અને સમગ્ર પક્રિયા તદન મફત રહેશે તેમાં જણાવ્યું હતું સાથે સાથે લગ્નજીવનની તકરાર માટે સરળ અને ઝડપી ઉકેલ, તકરારોનું કાયમી, અસરકારક અને સર્વમાન્ય સમાધાન, નાણાં તથા સમયનો બચાવ, કોર્ટના ચકકર માં રાહત સહિત ના મુદ્દાઓ બાબતે ભાવનાબેન દ્વારા માહિતી અપાવામાં આવી.

## વાઘોડિયા પોલીસે બાતમીના અનુસાર દરોડો પાડતા જુગાર રમતા ત્રણ ઝડપાયા

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા પોલીસ ને મળેલ બાતમીના અનુસાર વાઘોડિયા કન્યા શાળા પાસે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે તે માહિતી ના આધારે વાઘોડિયા પોલીસે દરોડો પાડતા જુગાર રમતા ત્રણ જુગારીઓ ને પતા પાના સહિત ઝડપ્યા હતા જેમાં ઘનશ્યામ ઈશ્વર ભાઈ ભાટિયા તેમજ મહેશ જગમાલ વસાવા અને રાકેશ ગંગારામ રાઠોડીયા તમાંમ રહે વાઘોડિયા ની અટકાયત કરી પોલીસે અંગ ઝડતી દરમિયાન રૂ 200 રોકડા તેમજ દાવ પર મુકેલા રૂપિયા 110 મળી કુલ રૂ 310 નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી જુગારધારા કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## શ્રી નર્મદા ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત મા. અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ગરૂડેશ્વર ખાતે સાઇકલ વિતરણ કરાઈ

ભરત શાહ | નર્મદા



તા. ૨૫ શ્રી નર્મદા ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ગરૂડેશ્વરમાં વર્ષ-૨૦૨૩-૨૪માં ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને સરકારની યોજના હેઠળ સાયકલનું વિતરણ કાર્યક્રમનું આ યો જ ન કરવામાં આવ્યું જેમાં શ્રી નર્મદા ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટના મંત્રીશ્રી કિરણભાઈ વસાવા તથા શાળાના આચાર્યશ્રી અક્ષયકુમાર સાહુ સાહેબની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં શાળાના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીનીઓ અને વાલીઓને સરકારની વિવિધ યોજના જેવી કે નમો લક્ષ્મી, નમો સરસ્વતી, જ્ઞાન સાધના શિષ્યવૃત્તિ અને બોર્ડની પરિક્ષાલક્ષી ચર્ચા કરી વિશેષ માહિતીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી નર્મદા ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટના મંત્રી કિરણભાઈ વસાવા અને શાળાના આચાર્ય અક્ષયકુમાર સાહુ ના વરદ હસ્તે વાલીઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીનીઓને ઉત્સાહ સભર સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ૨૬- જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ



-નંદની વાસાણી
દેશલપર (ભુજ) કચ્છ

મહેશ એલ.સોની

૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક દિવસ અથવા ગણતંત્ર દિવસ ભારતનો રાષ્ટ્રીય તહેવાર છે. આ દિવસે ઈ.સ. ૧૯૫૦માં ભારતનું બંધારણ અમલમાં આવ્યુ હતુ. ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ના આપણો દેશ અંગ્રેજોની ગુલામી માંથી આઝાદ થયા પછી, સૌથી મોટો પડકાર દેશને ચલાવવાનો હતો. દેશની પ્રજાની સુખાકારી, સલામતી અને સૌને એકતાના તાંતણે બાંધવા તેમજ દેશના ઉજ્વળ ભવિષ્ય માટે બંધારણની રચના કરવામાં આવી. સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક અને લોકતાંત્રિક પ્રજાસત્તાક ભારતનું બંધારણ ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસે રચના કરીને જેને ૨૬ નવેમ્બર ૧૯૪૭ ના દિવસે બંધારણ સભાના સભ્યોએ તેના પર સહી કરી સ્વીકાર્યું. આ જ બંધારણને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે અમલમાં મુકવામાં આવ્યું. અને રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા. આજે દેશ જે બંધારણ મુજબ કામ કરી રહ્યો છે તે બંધારણનો ડ્રાફ્ટ ભારત રત્ન ડો. ભીમરાવ આંબેડકરે તૈયાર કર્યો હતો, જેઓ ભારતીય બંધારણના ઘડવૈયા તરીકે જાણીતા છે. બંધારણ અમલમાં આવ્યા પછી ભારતે ઘણી પ્રગતિ કરી છે. આ બંધારણે દરેક નાગરિકને સમાન અધિકારો આપ્યા છે અને તેઓના હક સુરક્ષિત કર્યા છે. આજે આપણે જે સ્વતંત્રતા અને સમાનતા માણી રહ્યા છીએ, તે આપણા બંધારણની જ દેન છે. આ દિવસે ભારત ખરા અર્થમાં સ્વતંત્ર રાષ્ટ્ર અને સંપૂર્ણ લોકતંત્ર બન્યુ. મહાત્મા ગાંધી અને હજારો સ્વાતંત્ર સેનાનીઓ નું બલિદાન ફળીભુત થયું. ત્યારથી ૨૬ જાન્યુઆરી એ રાષ્ટ્રીય રજા ગણાય છે અને ગણતંત્ર દિવસ તરીકે ઉજવાય છે. ૨૬મી જાન્યુઆરી એ માત્ર એક રાષ્ટ્રીય દિવસ નહી પરંતુ દરેક ભારતીય માટે ગૌરવવંતો દિવસ છે. આજના દિવસે દિલ્હી ખાતે રાજપથ પર વિશાળ પરેડનું આયોજન કરવામાં આવે છે. આ પરેડમાં ભારતના ત્રિવિધ દળો - આર્મી, નેવી અને એરફોર્સ પોતાની શક્તિ અને શૌર્યનું પ્રદર્શન કરે છે. શાળાઓ માં વિવિધ દેશભક્તિ ના કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે. આમ ગણતંત્ર દિવસ ભારતની સ્વતંત્રતા,એકતાની ઉજવણી અને એક સારા નાગરિક હોવાના મૂલ્યોને યાદ રાખવાનો દિવસ છે.

### સાઈમાં ઠાકોર મુસ્લિમ સમાજની દીકરી હોય ગામડાં માં શીખી મુંબઈ જઈ કારકિર્દી બનાવી

## નાનકડા નલિયા ગામે છોકરાઓ સાથે ક્રિકેટ રમતી સાઇમાં ઇન્ડિયન વિમેન્સ ક્રિકેટ ટીમમાં પહોંચી

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના તિલકવાળા તાલુકના નલિયા ગામની દીકરીએ ભારતીય વુમેન્સ ક્રિકેટ ટિમમાં સ્થાન મેળવીને ગામનું નામ રોશન કર્યું છે.નલિયા ગામના મુસ્લિમ પરિવારની દીકરી સાઈમા ઠાકોર કે જેણે વર્ષ 2024માં ભારતીય વુમેન્સ ક્રિકેટ ટિમમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નર્મદા જિલ્લાના નાનકડા ગામ અને સામાન્ય પરિવારમાંથી આવતી સાઈમાએ ઈન્ટરનેશનલ લેવલ સુધી પહોંચવાનું સ્વપ્ન જાણે બાળપણમાંજ જોઈ લીધું હતું. સાઈમા વેકેશનમાં નલિયા આવતી ત્યારે તેના પરિવારના બીજા બાળકો કેરી તોડવા જતા, સંતા કુકડી જેવી રમતો રમતા પણ સાઈમાતો છોકરાઓ સાથે ક્રિકેટ રમતી મુસ્લિમ પરિવારમાં અનેક પ્રકારની પાબંદીઓ હોઈ છે પણ સાઈમાના પરિવારે તેના માટે એવી કોઈ પાબંદીઓ રાખી નોહતી તેને ક્રિકેટ રમવા માટે પ્રોત્સાહિત કરતો હતો પરિવાર, નલિયાથી મુંબઈ રહેવા ગયેલ સાઈમા મુંબઈમાં ક્રિકેટ માટે કોચિંગ કરીને તેને ક્રિકેટને પોતાનું પ્રોફેશન બનાવી લીધું હતું.તેના પિતા નોકરી કરતા અને તેને ક્રિકેટ રમવા માટે પ્રોત્સાહિત કરતા હતા. સાઈમાને ક્રિકેટ રમવાની પ્રેરણા ભારતીય વુમેન્સ ક્રિકેટ ટીમની ફાસ્ટ બોલર જુલન ગોસ્વામી અને મેન્સ ટિમના ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જિમી એન્ડરસનમાંથી મળી.આ બને ક્રિકેટરો સાઈમાના પસંદીદા ખેલાડીઓ છે. સાઈમાએ તેની પહેલી મેચ ન્યુઝીલેન્ડ વિરુદ્ધ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમી હતી.જેમાં તેને 2 વિકેટ પણ ઝડપી હતી અને તેને એવોર્ડ પણ મળ્યો હતો. આ દિવસ ને હંમેશા યાદગાર દિવસ ગણાવી રહી છે.જોકે વુમેન્સ ક્રિકેટમાં દેશ માટે સાઈમા કઈક કરી છૂટવા માંગે છે.સાઈમા ભારતીય વુમેન્સ ટિમમાં એક બોલર ઓલરાઉન્ડર તરીકે રમી રહી છે.હાલ તેને વુમેન્સ પ્રીમિયર લીગમાં યુપી વોરિયર્સ તરફ થી ખરીદવા માં આવી છે.જેની પહેલી મેચ વડોદરાના કોટમ્બી સ્ટેડિયમ ખાતે રમાશે.

### સાઈમાં ઠાકોર મુસ્લિમ સમાજની દીકરી હોય ગામડાં માં શીખી મુંબઈ જઈ કારકિર્દી બનાવી

## નર્મદા જિલ્લામાં આવેલી અજાણી યુવતીને મદદરૂપ બનતી 181 અભયમ રાજપીપળા ટીમ

ભરત શાહ | નર્મદા



મળતી માહિતી અનુસાર આ અજાણી યુવતી બાબતે જાણવા મળ્યું કે તેઓ છોટાઉદેપુર જિલ્લાના એક ગામના રહેવાસી છે તેમજ વડોદરામાં રૂમ ભાડે રાખી રહે છે અને ત્યાંજ એક કંપનીમાં જોબ કરે છે તેઓ જણાવે છે કે તેમના પિતાએ ફોન કરી જણાવ્યુ કે તારી સગાઈ નક્કી કરવાની છે, આવતી કાલે છોકરાવાળા આવવાનાં છે એટલે હું રજા લઈ ઘરે આવવા નીકળી. મારે પડોશીનાં ઘરે અવર જવર કરતા એક ભાઈ કે જેમનું હું ફક્ત નામ જ જાણતી હતી એણે મને કહ્યુ કે હુ છોટાઉદેપુર જવાનો છું તો તને તારા ઘરે ઉતારી દઈશ તેમ જણાવતા હું એમના પર ભરોસો કરી ગાડી પર બેસી આવી અને મને અજુગતું લાગ્યું. મને તે બીજા ગામ લઈ જાય એમ લાગ્યુ. અને એ મને અજાણ્યા એક નર્મદા જિલ્લાનાં એક ગામ ના નદી કિનારે લઇ ગયો મને ભૂખ લાગી તેમ મે જણાવ્યુ આ ભાઈ એ એમનાં એ ગામ માં સબંધી તરીકે રહેતા ભાણિયા ને ઘરે લઈ જતા એ બોલ્યાં મને ત્યારે ખબર પડી કે જેમની જોડે હું બેસી આવી તે નશો કરેલી હાલત માં લાગતા હું ગામના ભાગોળે લોકો ભેગા હતા ત્યાં હું ગાડી પર થી કૂદી પડી અને મને રડતાં જોઈ આ લોકો એ મદદ કરી તેમજ પૂછપરછ કરી 181 અભયમ ટીમ ને કોલ કર્યો. 181 ટીમે જેમના જોડે બેસી આવી તે સબંધી લાગતા એ ભાણિયાને ગામમાંથી બોલાવી પૂછપરછ કરી તેમજ યુવતીનું કાઉન્સીલગ કરી સમસ્યા જાણી એમનાં માતા પિતાનો કોન્ટેક્ટ કરી અને ત્યારબાદ યુવતી ને કોઈ અજાણ્યા વ્યકિત પર વિશ્વાસ રાખી અજુગતું પગલું ન ભરવા સલાહ અને માર્ગદર્શન પૂરું પાડ્યું તેમજ પરીવાર સુધી સુરક્ષિત રીતે પહોંચાડી શકાય તે માટે અમે છોટાઉદેપુરની 181 ટીમને રેસ્ક્યુ વાન સાથે મદદે બોલાવી આગળ ની કાર્યવાહી હાથ ધરી સાથે 181 અભયમ નર્મદા ટીમે યુવતીને છોટાઉદેપુરની 181 વાનની ટીમને હેંડઓવર કરેલ છે. અને તેઓએ યુવતીને પરિવાર સુધી પહોચાડેલ.

## રાજુલા વિસ્તારના ખેડૂતોને ટ્રેલર રી પાસિંગ માં ટેકસ માફ કરવા માંગ ખેડૂતો દ્વારા ધારાસભ્ય સમક્ષ રજૂઆત..

કિશોર આર. સોલંકી । જાફરાબાદ



રાજુલા વિસ્તારના ખેડૂતોને ખેતીના ઉપયોગમાં વપરાતા ટ્રેક્ટરના ટ્રેલર નારી પાસિંગ માટે આપવામાં આવે તેવી ખેડૂતોની રજૂઆત છે આ બાબતે રજૂઆત કરવામાં પણ આવી છે .જાણવા મળતી વિગત મુજબ રાજુલા માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર રમેશભાઈ વસોયાએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સમક્ષ પત્ર પાઠવી રજૂઆત કરી હતી કે આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે અને આપણા ગુજરાત રાજ્યમાં પણ મોટાભાગના ખેડૂતો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને સરકારશ્રી દ્વારા ખેડૂતોને મદદરૂપ થવા માટે નવા સાધનો વસાવા માટે સબસીડી પણ આપવામાં આવે છે જેમાં હવેથી સરકારશ્રી દ્વારા ટ્રેક્ટરના ટ્રેલરની ખરીદી કરવા માટે પણ સબસીડી ની જાહેરાત કરવામાં આવેલ છે ઘણા સમયથી નવા ટ્રેક્ટરની ટ્રેલર ટ્રોલીનું આરટીઓ રજીસ્ટ્રેશન થતું નથી અને આ ટ્રેલરને બે વર્ષે રીપાસીંગ કરાવવાનું હોય છે સમય મર્યાદામાં રી પાસિંગ ન કરે તો 50 પેનલ્ટી લગાવવામાં આવે છે ટ્રેક્ટર માં સરકારશ્રી દ્વારા ટેક્સની માફી આપવામાં આવે છે 15 વર્ષે હરિ પાસેની સમય મર્યાદા છે આ ટ્રેક્ટરની રી પાસિંગમાં ટેક્સ માફી આપવામાં આવે તો ખેડૂતોને ફાયદો થાય તેમ છે ત્યારે આ દિશામાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.



કિશન રોહિડા જરોદ

વાઘોડિયા તાલુકાના જરોદ ગામ નાં સિમાડે આવેલ દવા બનાવતી બાયો સોફ્ટ કેપ્સ્યુલ પ્રા લિ કંપની માં નોકરી કરતા સાવલી તાલુકાના ઈન્દ્રાલ ગામ ના રાજેન્દ્ર ભાઈ રમેશભાઈ પરમાર ઉ વર્ષ 47 ના ઓ કંપની ના જીલેટીન વોશીગ રૂમમાં ગરમ પાણી નું લીકવીડ બનાવવા માટે ગયેલ અને ત્યાં જીલેટીન સ્ટોરેજ ટેન્ક ના વાલવ પર એકાએક કંરટ લાગતાં અન્ય સ્ટાફ સહિત કંપની ના મેનેજમેન્ટ દ્વારા જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાતા ત્યાં હાજર તબીબો એ રાજેન્દ્ર ભાઈ ને મરણ જાહેર કરેલ જેની જાણ જરોદ પોલીસ સ્ટેશન ને થતાં જરોદ પોલીસે અકસ્માત ની ફરીયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.





નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા નગરપાલિકાની 16 ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજવાની છે ત્યારે ચૂંટણી લડવા ઈચ્છતા દાવેદારો દ્વારા રાત્રી બેઠકો કરી મતદારોનો સંપર્ક શરૂ કરાતા ચાણસ્મા નગરમાં ભર શિયાળે રજકીય માહોલ ગરમાયો છે વૉર્ડ ૩અને ૫માં શુક્રવારે રાત્રી બેઠક યોજાઈ હતી જેમાં ચાણસ્મા શહેર બી જેપીના આગેવાનો ઉપસ્થિત રહયા હતાં.

# ભાજપ શાસિત નાંદોદ તાલુકાના પંચાયતમા વિકાસના કામો બાબતે વિવાદ પુનઃ ચરમ સીમાએ

### કુમસગામના ડેપ્યુટી સરપંચ નવીન વસાવા અને નાંદોદ તા.પં પ્રમુખના પતિ સુનિલ વસાવા વચ્ચે વિકાસના કામ મુદ્દે માથાકુટ થતા મામલો પોલીસ મથકમાં પહોંચ્યો

ભરત શાહ | નર્મદા




ભાજપ શાસિત નાંદોદ તાલુકા પંચાયત મહિલા પ્રમુખના પતિ સુનીલ વસાવા પુનઃ વિવાદમાં આવ્યા છે. નાંદોદ તાલુકા પંચાયતનો વહીવટ પ્રમુખના પતિ પોતે કરતા હોવાની અનેક વાર ફરિયાદો ઉઠી છે.ત્યારે વિકાસના કામ બાબતે સુનીલ વસાવા અને કુમસગામમાં ડેપ્યુટી સરપંચ નવીન વસાવા વચ્ચે માથાકુટ થતા મામલો આમલેથા પોલીસ મથકમાં પહોંચ્યો હતો. જો કે અંતે ભાજપ નાં આગેવાનો વચ્ચે પડતાં બંને વચ્ચે સમાધાન થતાં મામલો થાળે પડ્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ તા.પં પ્રમુખ વનિતાબેન વસાવાના પતિ સુનિલ વસાવાએ આમલેથા પોલીસ મથકમાં કરેલી અરજી મુજબ એમના ફોન પર કુમસગામના ડેપ્યુટી સરપંચ નવીન વસાવાનો ફોન આવ્યો હતો કે ગામના કામો કેમ અમને આપતા નથી બીજાને કેમ આપો છો. બાદમાં સુનીલ વસાવા કુમસગામ પંચાયત ઓફિસ ગયા ત્યારે બંને વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી.તો બીજી બાજુ કુમસગામના ડેપ્યુટી સરપંચ નવીન કમલેશ વસાવાએ કરેલી અરજી મુજબ એમણે સુનિલ વસાવાને ફોન કરી કહ્યું હતું કે તમે સરકારી બોરના કામ બીજાને કેમ આપો છો, ત્યારે સુનિલ વસાવાએ સામે કહ્યું કે હું ભાજપ પ્રમુખ છું, મારી મરજી થશે એમને કામ આપીશ તું મને કોણ કેહવાવાળો એની રીસ રાખી સુનિલ વસાવા મારવા માટે કુમસગામ આવ્યો હતો. અને લાકડી કાઢી મારવા લાગ્યો હતો. સુનિલ વસાવાએ કહ્યું હતું કે મારા કામમાં દખલ કરીશ તો તને જીવતો નહિ રાખું.અત્રે એ ઉલ્લેખનીય છે કે અગાઉ નાંદોદ તાલુકા પંચાયતનો વહીવટ પ્રમુખના પતિ સુનિલ વસાવા કરતા હોવાના આક્ષેપ સાથે ચૂંટાયેલા સભ્યોએ મહિલા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત માટે કાર્યવાહી કરી હતી. સાથે સાથે રાજીનામાની ચીમકી પણ ઉચ્ચારી હતી.જો કે ભાજપના મોટા માથાઓ એ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.ત્યારે હવે નાંદોદ તાલુકા પંચાયતના વહીવટ માં પ્રમુખના પતિની દખલગીરી બંધ કરવા સંગઠન યોગ્ય પગલા લે એ જરૂરી બન્યું છે. કેમકે આવા વહીવટ માં છબી ભાજપ ની બગડી રહી છે.આગામી સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ સામે આવી રહી છે ત્યારે ભાજપ ને આવા સાસન થી નુકસાન થઈ શકે છે.

## જલગાંવ રેલ્વે દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

થોડા દિવસ પહેલાં મહારાષ્ટ્રમાં જલગાંવ નજીક રેલ્વે ટ્રેક પર એક દુર્ઘટના સર્જાઈ હતી અને તેમાં પ્રાપ્ત વિગતો અનુસાર ૧૧ લોકોનાં કરુણ મોત નિપજ્યા છે. વિવિધ અખબારોમાં પ્રસિદ્ધ વિગતો અનુસાર પુષ્પક એક્સપ્રેસ ટ્રેન માં આગ લાગી છે તેવી અફવા ફેલાઈ હતી અને તેને કારણે ચાલુ ટ્રેનમાંથી જીવ બચાવવા માટે લોકો કુદી પડ્યા હતા. બરાબર એ જ વખતે બીજા પાટા પર કર્ણાટક એક્સપ્રેસ ટ્રેન પસાર થઈ રહી હતી અને તેની નીચે કચડાઈ જતાં ૧૧ લોકોનાં કરુણ મોત નિપજ્યા હતા. પૂજ્ય મોરારીબાપુએ આ દુ:ખદ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૬૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે.



## 26 જાન્યુઆરીએ જ કેમ ઉજવવામાં આવે છે

# ગણતંત્ર દિવસ?

**દર વર્ષે 26 જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસ ઊજવવામાં આવે છે. 26 જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસ શા માટે ઊજવવામાં આવે છે, તે અંગે અહીંયા કેટલાક રોચક તથ્યો જણાવવામાં આવે છે. દર વર્ષે 26 જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસ ઊજવવામાં આવે છે. આ વર્ષે દેશ 75માં ગણતંત્ર દિવસની ઊજવણી કરશે. આ ખાસ અવસરે ઈન્ડિયા ગેટથી રાષ્ટ્રપતિ ભવન સુધી રાજપથ પર ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે 26 જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસ શા માટે ઊજવવામાં આવે છે, તે અંગે અહીંયા કેટલાક રોચક તથ્યો જણાવવામાં આવે છે.**

## સંવિધાન લાગુ કરવામાં આટલા દિવસ લાગ્યા હતા

ભારતીય સંવિધાન હાથથી લખવામાં આવ્યું હતું, જે હજુ સુધી સંસદની લાઈબ્રેરીમાં સુરક્ષિત છે. આ સંવિધાન તૈયાર કરવામાં બે વર્ષ 11 મહિના અને 18 દિવસનો સમય લાગ્યો હતો. ભારતનું સંવિધાન વિશ્વનું સૌથી હાથથી લખેલ સંવિધાન માનવામાં આવે છે. 24 જાન્યુઆરી 1950ના રોજ સંવિધાનની બે હસ્તલિખિત કોપી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેના બે દિવસ પછી 26 જાન્યુઆરીના રોજ સમગ્ર દેશમાં આ સંવિધાન લાગુ કરવામાં આવ્યું. ભારતીય સંવિધાનની આ કોપીઓ હાથથી હિંદી અને અંગ્રેજી ભાષામાં લખવામાં આવી છે

## 26 જાન્યુઆરી સંવિધાન શા માટે લાગુ થયું?

26 નવેમ્બર 1949ના રોજ સંવિધાન સભાએ સંવિધાન અપનાવ્યું હતું, અને 26 જાન્યુઆરી 1950ના રોજ સંવિધાન લાગુ કરવામાં આવ્યું. 26 જાન્યુઆરી 1930ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ભારતમાં પૂર્ણ સ્વરાજ જાહેરાત કરી હતી. 20 વર્ષ પછી તે જ દિવસે સંવિધાન લાગુ કરવામાં આવ્યું.

## ગણતંત્ર દિવસની ઊજવણી

ભારતનું સંવિધાન 26 જાન્યુઆરી 1950ના રોજ લાગુ થયું હતું અને ભારત એક લોકતાંત્રિક તથા સંવૈધાનિક દેશ બની ગયો. આ કારણોસર 26 જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસ ઊજવવામાં આવે છે. દેશ આઝાદ થયા પછી 26 નવેમ્બર 1949ના રોજ સંવિધાન સંભાએ સંવિધાન અપનાવ્યું હતું. વર્ષ 1947માં દેશની આઝાદી પછી સંવિધાન નિર્માણની તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. જે માટે એક સંવિધાન સભાનું ગઠન કરવામાં આવ્યં હતું અને 26 જાન્યુઆરી 1949ના રોજ સંવિધાન અપનાવવામાં આવ્યું, સત્તાવાર રીતે 26 જાન્યુઆરી 1950 નારોજ સંવિધાન લાગુ કરવામાં આવ્યું.

# પ્રજાસત્તાક દિવસને કંઈક અનોખી રીતે ઉજવો

## પ્રજાસત્તાક દિવસે ઐતિહાસિક સ્થળોની યાત્રાનું આયોજન કરો

**પ્રજાસત્તાક દિવસ નિમિત્તે તમે ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ શકો છો. જો તમે દિલ્હીમાં રહો છો તો તમે ઈન્ડિયા ગેટ અને લાલ કિલ્લા જેવા સ્થળોની મુલાકાત લઈ શકો છો. એટલું જ નહીં, દિલ્હી-એનસીઆરની આસપાસ એવી ઘણી જગ્યાઓ છે, જેના વિશે ઈતિહાસ ઘણું બધું કહે છે. પ્રજાસત્તાક દિવસના અવસર પર, તમે જે શહેરમાં રહો છો ત્યાંના ઐતિહાસિક સ્થળોની મુલાકાત અવશ્ય લો.**

## કેટલીક ખાસ રીતો

જો તમે પ્રજાસત્તાક દિવસને ખાસ રીતે ઉજવવા માંગો છો અને તમે હજુ સુધી મિત્રો કે પરિવારના સભ્યો સાથે કોઈ યોજના બનાવી નથી, તો આ તમને કેટલીક ખાસ રીતો વિશે જણાવીશું જેની મદદથી તમે પ્રજાસત્તાક દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરી શકો છો. તમે આ દિવસને ભવ્ય રીતે ઉજવી શકશો. જાણીએ આ દિવસને વધુ મનોરંજક કેવી રીતે બનાવી શકીએ.

## પતંગ ઉડાડવાની યોજના બનાવો

પ્રજાસત્તાક દિવસે તમારા મિત્રો સાથે પતંગ ઉડાડવાનો પ્લાન બનાવી શકો છો. આનાથી તમને મિત્રો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવવાની તક મળશે જ, તમે તમારા પરિવાર સાથે પતંગ ઉડાવવાનો આનંદ પણ માણી શકો છો. આ ઉપરાંત, તમે આ દિવસે તમારા પરિવાર અથવા મિત્રો સાથે એક નાનો મેળાવડો પણ પ્લાન કરી શકો છો

## ગીતો અને કવિતાઓનું આયોજન કરો

**પ્રજાસત્તાક દિવસ નિમિત્તે દેશભક્તિના ગીતો સાંભળવાનો એક અલગ જ આનંદ હોય છે. આ દિવસે તમે તમારા કોલોની અથવા વિસ્તારમાં કવિતા સંમેલનનું આયોજન કરી શકો છો. એટલું જ નહીં, તમે આ પ્રસંગે દેશભક્તિના ગીતોનું પણ આયોજન કરી શકો છો. વડીલોને આવા ગીતો ખૂબ જ ગમશે. તમે વડીલો સાથે પણ આ કાર્યક્રમનો આનંદ માણી શકો છો.**



## સુનો ગોર સે દુનિયા વાલો બૂરી નજર ના હમ ડાલો, ચાહે જીતના જોર લગા લો સબસે આગે હોંગે હિન્દુસ્તાની...



- રુપાલી દવે

૨૬જાન્યુઆરી ના દિવસ ને ભારત માં પ્રજાસતાક દિન નિમિતે રાષ્ટ્રીય તહેવાર નિમિત્તે ઉજવવામાં આવે છે. કેમ? આ વિશે વર્તમાન સમયમાં અંગ્રેજી માધ્યમ માં ભણી ગણી ને યુવાન થયેલ યુવક યુવતીઓ અને ભણતા બાળકો ને ૨૬ જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ વચ્ચેનો તફાવત વિશે જાણકારી નથી હોતી.૨૬જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે બ્રિટિશ વાલી પણા હેઠલ ના દેશ માંથી ભારત સંપૂર્ણ ગણતંત્ર દેશ બન્યો હતો.ભારત ને બ્રિટિશ સરકાર શાસન માંથી નીકળવા માટે અનેક શહીદો એ ૨૫૦ વર્ષ થી પણ વધારે અનેક સંઘર્ષ કર્યા હતા. બાળકો થી લઈને નવ
યુવાન,વૃધ્ધો,મહિલાઓએ દેશ માટે આત્મ બલિદાન આપી ને શહીદી વોહરી છે.જો દેશ માટે બલિદાન આપનાર શહીદોના સ્મારક બનાવવા નું નક્કી કરીએ તો ભારતની જમીન ટૂંકી પડી જશે. વંદે માતરમ્ ની હાકલ પડતાં જ ઘરેઘરે થી મશાલ લઈને લોકો પ્રાણો ની પરવા કર્યા વગર અંગ્રેજી શાસન ની સામે જંગ લડવા  નીકળી પડતાં હતાં. સોનાની ચિડ્યા ગણાતા ભારત પર વિદેશી ચિડિયા એ રીતસરનો એવો કબજો જમાવ્યો હતો કે ભારતીય સમાજ ની જીવન વ્યવસ્થા અસ્તવ્યસ્ત બની ગઈ હતી.ધાર્મિક સ્થળો થી લઈને લોકોનું સામાજિક જીવન પણ સુરક્ષિત નહતું.સામન્ય રીતે વિચારો કે તમારા ઘરમાં અન્ય અજાણ્યા લોકોનો કબજો થયા ત્યારે તમને જે ફીલ થાય છે એવું જ ૨૫૦ વર્ષ સુધી ભારતીય સમાજ એ અનુભવ્યું હતું.વર્તમાન સમય માં શાળા કોલેજ માં ફરજિયાત "વંદે માતરમ્" ગાન થતાં બાળકો વંદે માતરમ્ કાવ્ય થી પરિચિત બન્યા છે.પરંતુ આઝાદીની લડાઈ ના સંઘર્ષ નો એહસાસ શું? આ દર્દ થી સ્વતંત્ર દેશમાં જન્મેલા ભારતીય અપરિચિત છે. ૨૬મી જાન્યુઆરી એ આઝાદીની લડતમાં શહીદી વોહાર નાર અસંખ્ય શહીદોને શ્રધ્ધાંજલિ આપી ને અવશ્ય સત સત નમન કરજો.જે રીતે આઝાદી આપણો અધિકાર છે એજ રીતે જેમણે આઝાદી અપાવી છે એના પ્રત્યે કર્તવ્ય નિષ્ઠા પણ જરૂરી છે.

હે મેરે વતન કે લોગો જરા આંખ મે ભરલો પાની,
જો શહીદ હુવે હે ઉનકી જરા યાદ કરો કુરબાની..

ખૂબ ઓછા ભારતીય ને ખબર હશે કે "વંદે માતરમ્" કાવ્ય કોણે લખ્યું છે? ક્યારે લખાયું છે? કેવા સંજોગો મા લખાયું હશે? સામૂહિક વંદે માતરમ્ ગાન થતુ હોય છે ત્યારે શબ્દ નો ધ્વનિ હદય સુધી પોહચી જતાં મન દેશ ભક્તિ માં તરબોળ બની જાય છે.આ દેશ નું બંધારણ લખતાં પ્રથમ કેટકેટલી વાર ભારત ભૂમિ લોહિયાળ બની હતી."વંદે માતરમ્" ના શબ્દ માંજ આઝાદી ની લડાઈ નો લોહિયાળ ઈતિહાસ છૂપાયેલો છે ક્યારેક ઈતિહાસ ને નજીક થી ચકાસી ને જોશો તો સમજાશે કે આ દેશ ની આઝાદી માત્ર દસ પંદર લોકોથી નથી મળી અંગનિત અસંખ્ય ભારતીયો ની કુરબાની નું પરિણામ છે."વંદે માતરમ્" કાવ્ય નું નિર્માણ બંકિમ ચંદ્રચટો ઉપાધ્યાય ૧૮૮૨ માં કર્યું હતું.બંકિમ જી ૧૮૩૮ થી ૧૮૮૫ સુધી બંગલા સાહિત્યકાર અને પત્રકાર હતા એમણે ૧૮૮૨ માં એના ઉપન્યાસ "આનંદ મઠ" ની રચના કરી હતી.લાઈફ માં એકવાર આનંદ મઠ ઉપન્યાસ જરૂર વાંચજો.આ ઉપન્યાસ માં એ બધું છે જેને ભારતની ગુલામી થી આઝાદીની લડતનો ઈતિહાસ નું સત્ય સમજો."

આનંદ મઠ" ઉપન્યાસ ના પાત્રો ના મુખે લેખક બંકિમજી એ "વંદે માતરમ્" કાવ્ય મૂક્યું છે.આ વંદે માતરમ્ કાવ્ય બંગલા અને સંસ્કૃત ભાષા નું મિશ્રણ છે.સ્વતંત્ર સંગ્રામ ની લડાઈ માં ૨૫૦ વર્ષ સુધી "વંદે માતરમ્ "ની સૌથી વધારે ભાગીદારી હોવા છતાંય આઝાદી બાદ ભારત નું બંધારણ બન્યું ત્યારે વંદે માતરમ્ ને રાષ્ટ્રગાન ની સ્વીકૃતિ ના મળી. કેમ? આઝાદી બાદ ભારતીય રાજનીતિ માં સેક્યુલારીઝમ નું મહત્વ વધારે હતું.આ કારણોસર "વંદે માતરમ્ " ની જગ્યા એ રવીન્દ્રનાથ ટાગોર રચીત "જન ગણ મન.." ને રાષ્ટ્ર ગાન ની સ્વીકૃતિ આપવામાં આવી હતી.

વંદે
માતરમ્
સુજલામ સુફલામ્ મલય જ સિતલામ
સસ્ય શ્યામલા માતરમ્

ભારતની આઝાદી માં ૨૫૦ વર્ષ સુધી મુખ્ય ભૂમિકા ભજવનાર "વંદે માતરમ્ " કાવ્યમાં એવું તે શું આકર્ષણ હતું? "વંદે માતરમ્ " કાવ્ય એ માં ભોમકા ભારત ભૂમિ ની  સુંદર વર્ણનાત્મક સ્તુતિ છે એમાં સહેજ પણ "રાજનીતિ" નો અંશ નથી. છતાંય "વંદે માતરમ્" રાજનીતિના અખડાની કુસ્તીનો ભોગ બન્યું એ દુઃખદ ઘટના સમાન છે. ખેર,વર્તમાન સમયમાં "વંદે માતરમ્" બાળકો સાથે લોક મુખે સંભળાય છે..૨૬મી જાન્યુઆરી ના દિવસે દેશ ના દિલ્હી થી લઈને કેરલ સુધી અને ગુજરાત થી લઈને બંગાળ સુધી બધાજ દેશ ભક્તિ ના રંગે રંગાઈ ને

માં તુજે સલામ અમ્મા તુજે સલામ,
સબસે પ્યારી તેરી સુરત, પ્યાર હે બસ તેરા પ્યાર હૈ,
માં તુજે સલામ..
વંદે માતરમ્

જેવી  રીતે શરીર ને ટકાવવી રાખવા માટે પૌષ્ટિક ખોરાક વિટામિન્સ અને યોગ્ય સાર સંભાળની આવશ્યકતા અત્યંત વધારે હોય છે એજ રીતે દુનિયામાં વસ્તી ના મામલે ચીન પછી બીજા નંબર માં આવતા ભારત દેશ નું અસ્તિત્વ ટકાવી રાખવા માટે મજબૂત બંધારણ ની આઝાદી બાદ જરૂરી હતું. ભારત સ્વતંત્ર બન્યું એ પછી અનેકો અનેક ચુનૌતીઓ એ વખતે હતી.અખંડ ભારત ના ટુકડા બનતા ભારત ની ભૂમિ ને હિસ્સા પર પાકિસ્તાન બનાવવું મજબૂરી હતી.આ ચુનૌતી હલ થયા બાદ પણ સમસ્યા તો ત્યાંના ત્યાં જ હતી ભારત ને બિન સંપ્રદાય બનાવવા ના ચક્કર માં દાયકાઓ સુધી કાશ્મીર ના લીધે અસંખ્ય જવાનો શહીદ થયા હતા ને ત્યાં યુગો થી ઘુસ્પેટ કરીને વસેલ આતંકીઓની સમસ્યા ને લીધે અત્યારે આર્ટિકલ ૩૭૦ નાબૂદ થયા બાદ પણ જવાનો ની કાશ્મીર માં મુખ્ય સમસ્યા "આતંક વાદીઓ" છે. તુષ્ટિ કરણની રાજનીતિ અને બિન સંપ્રદાય દેશ બનાવવાં ના ચક્કર માં આઝાદી બાદ નેતાઓ એ વખતની મુખ્ય સમસ્યા તરફ ધ્યાન ના આપ્યું.ત્યારે બધા એ આંખ પર પટ્ટી અને કાન પર નલચા મૂકી દીધા હતા એટલે તો આઝાદી સમયે વર્ચસ્વ ની લડાઈ માં કુંઠિત રાજનીતિ ત્યારના નેતાઓ પર હાવી બની ગઈ હતી.ભારત સાથે આઝાદ થયેલ અન્ય આઝાદ દેશોની આઝાદી બાદ વિકાસ ની રફતાર ની સરખામણી માં ભારત દાયકાઓ સુધી પછાત હતો.ભારતના વિકાસ અને ગૌરવની ચિંતા વર્ચસ્વ જમાવવા દૂર દૂર ક્યાંય નહતી.દેશની પ્રગતિ માટે બંધારણ માં પણ અમુક ત્રુટિ ને નજર અંદાજ કરવામાં આવી હતી.આ ત્રુટિ ના કારણોસર વર્તમાન સમયમાં પણ અનામત મુદ્દા ને રાજકીય પક્ષો વિજય પ્રાપ્તિ માટે હથિયાર બનાવી ને વાપરે છે. ભારતીય વિકાસ ની રાજનીતિ માંથી મુખ્ય બદી ફ્રી ની રેવડી અને અનામત મુદ્દા ની હાકલ પટ્ટી કરવાનો સમય આવી ગયો છે. ખબર છે કદાચ આ બન્ને મુદ્દા ક્યારેય બંધારણ માંથી નાબૂદ નહિ થાય,શું કામ? સંગઠિત દેશની મજબૂતી માં ભલભલું રાજકારણ પરસેવે થી રેબઝેબ થઈ શકે છે.આ સંગઠન માં બળ અને તાકાત હોય છે એવું આપણા વીર શહીદો નું માનવું હતું.

જબ અંત સમય આયા તો, કહ ગયે કે અબ મરતે હે,
ખુશ રહેના દેશ કે પ્યારો,અબ હમ તો સફર કરતે હે,
હે મેરે વતન કે લોગો જરા આંખ મે ભરલો પાની

આજ ના ૨૬ મી જાન્યુઆરી ના ભારત ના બંધારણ ને શત શત વંદન કરતા કહીશ કે

મારા અને તારા વિચારો ક્યારેય એક નથી થવાના,
આપણે અનેક જ્ઞાતિ જાતિ માં વિખરાયેલા છીએ,
છતાંય સંગઠિત થઈને બધા રહેશું તો દુશ્મનો હારશે,
દુશ્મનો હારશે તો એમાં વિજય ભારતીયો નો જ થશે,

વંદે માતરમ્



# બિગ બોસ-18ના ગ્રાન્ડ ફિનાલેની ટીઆરપી 3.1 હતી




ઘણા વર્ષોનો રેકોર્ડ તોડ્યો; અભિનેતા કરણવીર મેહરા વિજેતા બન્યો હતો

(એજન્સી) મુંબઈ | તા.25

બિગ બોસ-18નો ગ્રાન્ડ ફિનાલે બ્લોકબસ્ટર રહ્યો હતો. આ એપિસોડે 3.1 ટીઆરપી હાંસલ કરી હતી. જેના કારણે છેલ્લા ઘણા વર્ષોના રેકોર્ડ પણ તૂટી ગયા હતા.

ફિનાલેના ફાઈનલિસ્ટ અભિનેતા કરણ વીર મેહરા, વિવિયન ડીસેના અને ફિટનેસ ટ્રેનર રજત દલાલ હતા. ત્રણેએ એકબીજાને સખત ટક્કર આપી. પરંતુ આમાં કરણે જીત મેળવી અને વિજેતાનો ખિતાબ પોતાના નામે કર્યો.

ગ્રાન્ડ ફિનાલેને વધુ બ્લોકબસ્ટર બનાવવા માટે આમિર ખાને પણ શોમાં હાજરી આપી હતી. તેઓ તેમના પુત્ર જુનૈદ ખાનની ફિલ્મ 'લવયાપા'ના પ્રમોશન માટે આવ્યા હતા. આ પ્રસંગે જુનૈદની કો-સ્ટાર ખુશી કપૂર પણ હાજર હતી.

આમિર અને સલમાને ફિલ્મ 'અંદાજ અપના અપના'નો એક ડાયલોગ ક્રિયેટ કર્યો હતો. બંને સાથે ડાન્સ કરતા પણ જોવા મળ્યા હતા. સાથે જ આમિર અને સલમાને એકબીજાના કામના પણ વખાણ કર્યા હતા.

## અક્ષય કુમાર ફિનાલેનો ભાગ બની શક્યો હોત

અક્ષય કુમાર પણ ફિનાલેમાં પહોંચવાનો હતો. તે વીર પહાડિયા સાથે ફિલ્મ 'સ્કાય ફોર્સ'ના પ્રમોશન માટે આવવાનો હતો. તે સેટ પર પહોંચી ગયો હતો, પરંતુ કેટલાક કારણોસર તેણે પરત ફરવું પડ્યું હતું. વીર પહાડિયાએ એકલા હાથે ફિલ્મનું પ્રમોશન કર્યું હતું.

એવા અહેવાલો હતા કે સલમાન ખાનના મોડા આવવાને કારણે અક્ષય શૂટિંગ કર્યા વિના બિગ બોસના સેટ પરથી પાછો ગયો હતો. જોકે, બાદમાં એક ઈવેન્ટમાં અક્ષયે આ વાતોને માત્ર અફવા ગણાવી હતી.

તેણે કહ્યું- હું ત્યાં સમયસર પહોંચી ગયો હતો, પરંતુ સલમાન થોડો મોડો પહોંચ્યો હતો. તેને કોઈ અંગત કામ હતું, તેથી તેણે મને કહ્યું કે તે લગભગ 40 મિનિટ મોડા આવશે. પરંતુ મારે ત્યાંથી જવું પડ્યું કારણ કે મારી પાસે પહેલેથી જ કેટલાક કમિટમેન્ટ હતા. અમે તેના વિશે વાત કરી અને હું સેટ છોડી ગયો, પરંતુ વીર ત્યાં હતો અને તેણે સલમાન સાથે શૂટિંગ કર્યું હતું.

# શાહરુખે કાર્તિકને રાજસ્થાની સ્ટાઈલમાં હોસ્ટિંગ શીખવ્યું...

## બંને એક્ટર આઈફાની પ્રી ઈવેન્ટમાં પહોંચ્યા હતા, IIFAએ વીડિયો અને તસવીરો શેર કર્યાં...



(એજન્સી) મુંબઈ | તા.25

એક્ટર શાહરુખ ખાન અને કાર્તિક આર્યને શુક્રવારે સાંજે મુંબઈમાં આઈફા 2025 પ્રી ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ અવસર પર શાહરુખ કાર્તિકને હોસ્ટિંગ ટિપ્સ આપતો જોવા મળ્યો હતો. તેણે કાર્તિકને રાજસ્થાની પણ શીખવ્યું હતું.

IIFAએ શાહરુખ અને કાર્તિકનો આ વીડિયો પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે. ઈવેન્ટ સાથે જોડાયેલી ઘણી તસવીરો પણ સામે આવી છે. આ ખાસ અવસર પર એક્ટ્રેસ-ડાન્સર નોરા ફતેહી પણ હાજર રહી હતી.

કાર્તિક આર્યન આ વર્ષે રાજસ્થાનના જયપુરમાં IIFAની 25મી આવૃત્તિનું આયોજન કરવા જઈ રહ્યો છે. આ સમારોહ 8 અને 9 માર્ચે યોજાશે.

શાહરુખે કાર્તિકને રાજસ્થાની સ્ટાઈલમાં હોસ્ટિંગ કરીને દર્શકોને કેવી રીતે પ્રભાવિત કરવા તે શીખવ્યું. તેણે કહ્યું- કાર્તિક 25માં વર્ષે હોસ્ટ કરવા જઈ રહ્યો છે. હું તેમને આ જવાબદારી સોંપી શકું તે માટે હું તેમને જયપુરમાં કેવી રીતે શરૂઆત કરવી તે શીખવીશ. તો તમારે (કાર્તિક) 'પધારા મારા આઈફા' (આઈફામાં આપનું સ્વાગત છે) કહીને શરૂઆત કરવી પડશે.

કાર્તિકે આ વાક્યનું પુનરાવર્તન કર્યું, ત્યાર બાદ શાહરૂખે તેને કહ્યું - પધારો મ્હારે દેશ, રાજસ્થાન (મારા રાજ્યમાં આપનું સ્વાગત છે, રાજસ્થાન).

ત્યારબાદ બંનેએ 'ખમ્મા ઘની (રાજસ્થાનીમાં શુભેચ્છા)' કહીને પ્રેક્ષકોનું અભિવાદન પણ કર્યું.

કાર્તિકના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે 2024 માં આવેલી ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3' માં જોવા મળ્યો હતો. આવનારા સમયમાં તે 'હેરા ફેરી 3', 'પ્રેમ કી શાદી', 'તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી' જેવી ફિલ્મોમાં જોવા મળશે.

જ્યારે શાહરુખ ખાન છેલ્લે 2023માં આવેલી ફિલ્મ 'ડંકી'માં જોવા મળ્યો હતો. 'ડંકી' નામ તેની આગામી ફિલ્મોની યાદીમાં સામેલ છે. આ ફિલ્મમાં તે દીકરી સુહાના સાથે જોવા મળશે.

# સારા સાથે ડેટિંગ બાબતે અર્જુન પ્રતાપની ગોળગોળ વાતો...



મુંબઈ : સારા અલી ખાન સાથે અફેર અંગે અર્જુન પ્રતાપ બાજવાએ ગોળ ગોલ વાતો કરી આ અફવાને સમર્થન આપવાનો કે રદિયો આપવાનું પણ ટાળ્યું છે. અર્જુન પ્રતાપે એક સંવાદમાં કહ્યું હતું કે મારે આ બાબતે કોઇ સ્પષ્ટતા કરવી નથી. લોકોને જે સમજવું અને લખવું હોય તે લખે. હું ફક્ત મારાં કામ પર ફોક્સ કરી રહ્યો છું. મને આવી વાતોથી કોઈ હેરાનગતિ થતી નથી. અર્જુન પ્રતાપ બાજવા એક મોડેલ, અભિનેતા, અને સિંગર છે. તેનો પરિવાર પંજાબમાં રાજકારણ સાથે સંકળાયેલો છે. તે અને સારા તાજેતરમાં સાથે કેદારનાથનાં દર્શને ગયાં હતાં. તે પછી તેઓ રાજસ્થાનના પ્રવાસે પણ સાથે જોવા મળ્યાં હતાં. સારા અલી ખાનનું નામ આ અગાઉ સુશાંત સિંહ રાજપૂત કાર્તિક આર્યન તથા વીર પહાડિયા સાથે ચર્ચાઈ ચૂક્યું છે.

# શાહિદે ફિલ્મોમાં આવવા માટે 250 ઓડિશન આપ્યા હતા...

## એક સમય હતો જ્યારે લોખંડવાલા પાસેથી કપડાં ખરીદવા માટે પણ પૈસા નહોતા

(એજન્સી) મુંબઈ | તા.25

શાહિદ કપૂરે હાલમાં જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરવાના સંઘર્ષ વિશે વાત કરી છે. તેણે કહ્યું કે 'કેટલાક લોકો BMWમાં સંઘર્ષ કરે છે, તેઓ દેશના ટોચના નિર્દેશકો સાથે કામ કરીને તેમની સફર શરૂ કરે છે. પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવવા માટે મારે 250 ઓડિશન આપવા પડ્યા.

ઘણા સંઘર્ષ બાદ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવ્યું અને ઘણું નામ કમાયું.'

શાહિદે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સંઘર્ષ વિશે વાત કરી રાજ શમાની સાથે પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન શાહિદ કપૂરે કહ્યું- 'હું ભાડાના મકાનમાં રહ્યો છું. મેં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવવા માટે ઘણા ઓડિશન આપ્યા છે. મને હંમેશા લાગ્યું કે મારા સંજોગો મને ક્યારેય સાથ આપતા નહોતા. મારા પિતા પંકજ કપૂર 1980થી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો હિસ્સો છે. આમ છતાં મારો ઉછેર કોઈ ખાસ પરિવારમાં થયો નથી. હું ત્રણ વર્ષનો હતો ત્યારે મારા માતા-પિતાએ છૂટાછેડા લીધા હતા. હું બાળપણથી મારી માતા નીલિમા અઝીમ સાથે રહું છું. મારી માતાએ 15 વર્ષની ઉંમરે કથક કરવાનું શરૂ કર્યું હતું. તે કથક ડાન્સર હતી.'

## શાહિદ કપૂરે ફેશન સેન્સ વિશે વાત કરી હતી

શાહિદે કહ્યું કે એક સમય હતો જ્યારે તેની પાસે લોખંડવાલા માર્કેટમાંથી કપડાં ખરીદવા માટે પણ પૈસા નહોતા. તેણે કહ્યું- 'આજે લોકો કહે છે કે શાહિદની ફેશન સેન્સ ઘણી સારી છે અને ક્યારેક હું આ વાતો પર હસું છું, કારણ કે મને યાદ છે કે એક સમય હતો જ્યારે મારી પાસે લોખંડવાલા પાસેથી કપડાં ખરીદવાના પૈસા પણ નહોતા.'

## મને હંમેશા ઓછો આંકવામાં આવતો હતો - શાહિદ

શાહિદ સાથેની વાતચીતમાં તેને પૂછવામાં આવ્યું કે તે તેના અનુભવમાંથી શું શીખ્યો? તો શાહિદે કહ્યું કે તેને ઘણી વખત ઓછો આંકવામાં આવ્યો, પરંતુ તેણે તેની સામે સખત મહેનત કરી અને ઈન્ડસ્ટ્રીમાં ઘણું નામ કમાવ્યું.

તેણે કહ્યું- 'આ વાત 'કબીર સિંહ'ની ફિલ્મ પહેલા બની હતી. હું તેના વિશે વધુ વાત કરવા માંગતો નથી, પરંતુ મને એવું અનુભવવામાં આવ્યું હતું કે હું એક કલાકાર, એક સ્ટાર અને વ્યક્તિ તરીકે હલકી કક્ષાનો છું. પણ હું ક્યારેય માનતો નહોતો. 21 વર્ષ સુધી ઈન્ડસ્ટ્રીમાં રહ્યા બાદ મેં ઘણું શીખ્યું છે.' વર્ક ફ્રન્ટની વાત કરીએ તો શાહિદ છેલ્લે ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં શાહિદ સાથે કૃતિ સેનન પણ લીડ રોલમાં જોવા મળી હતી. દરમિયાન, શાહિદની આગામી ફિલ્મ 'દેવા' છે, તે એક એક્શન થ્રિલર છે અને પૂજા હેગડે અભિનેતાની સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું ટ્રેલર 18 જાન્યુઆરીએ રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ 2025માં વેલેન્ટાઈન ડેના અવસર પર થિયેટરમાં રિલીઝ થશે.



તેણે કહ્યું- 'આ વાત 'કબીર સિંહ'ની ફિલ્મ પહેલા બની હતી. હું તેના વિશે વધુ વાત કરવા માંગતો નથી, પરંતુ મને એવું અનુભવવામાં આવ્યું હતું કે હું એક કલાકાર, એક સ્ટાર અને વ્યક્તિ તરીકે હલકી કક્ષાનો છું. પણ હું ક્યારેય માનતો નહોતો.

# 'ઉંમરને કારણે સારું કામ નથી મળતું' :મનીષા કોઈરાલાએ કહ્યું- લોકો કહે છે બૂઢી થઇ ગઈ છો; ઇન્ડસ્ટ્રીમાં મોટી ઉંમરની અભિનેત્રીઓને સાઇડલાઇન કરવામાં આવે છે...

(એજન્સી) મુંબઈ | તા.25

અભિનેત્રી મનીષા કોઈરાલાએ કહ્યું છે કે ઈન્ડસ્ટ્રીમાં મોટી ઉંમરની અભિનેત્રીઓને સાઈડલાઈન કરવામાં આવે છે. તેને ફિલ્મોમાં સારા રોલ નથી મળતા. માત્ર બહેન કે માતાનો રોલ ઓફર કરવામાં આવે છે.

મનીષાએ એ પણ ખુલાસો કર્યો હતો કે તેને તેની ઉંમરના કારણે 2-3 વખત રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનો ભાગ બનવાની મંજૂરી આપવામાં આવી ન હતી. જોકે, મનીષા કહે છે કે જ્યાં સુધી તે જીવતી છે ત્યાં સુધી તે કામ કરતી રહેશે.

મહિલાઓને તેમની ઉંમરના કારણે ટ્રોલ કરવામાં આવે છે ફ્રી પ્રેસ જનરલ સાથેની વાતચીતમાં, મનીષાએ કહ્યું - 'તે ઉદ્યોગમાં હોય કે બીજે ક્યાંય, સ્ત્રીઓ માટે વૃદ્ધત્વ એ એક સમસ્યા છે. અમે શરમ અનુભવીએ છીએ. મેં ક્યારેય કોઈ ટ્રોલરને કોઈ પુરુષ વિશે એવું કહેતા સાંભળ્યા નથી કે તે વૃદ્ધ છે. પરંતુ આ માટે મહિલાઓને ટ્રોલ કરવામાં આવે છે.'

'મને યાદ છે કે મને ઉંમરનો હવાલો આપીને રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં ભાગ લેવા દીધો ન હતો. તેઓએ મને કહ્યું હતું કે તે ચોક્કસ વયના લોકો માટે છે. મેં ઓછામાં ઓછું 2-3 રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ દરમિયાન આવું થતું જોયું છે. મારી ઉંમરને કારણે મને દૂર કરવામાં આવી હતી. તે અમારા મન પર અસર કરે છે.'



## મનીષાએ કહ્યું- જ્યાં સુધી હું જીવિત છું ત્યાં સુધી કામ કરતી રહીશ

મનીષાએ આગળ કહ્યું- આપણે દુનિયા અને આપણી જાતને બતાવવાની જરૂર છે કે 50 વર્ષની ઉંમર પછી પણ આપણે અજાયબી કરી શકીએ છીએ. આપણે હજુ પણ અદ્ભુત જીવન જીવી શકીએ છીએ. અમે હજી પણ અમારા વ્યવસાયમાં સારા હોઈ શકીએ છીએ. અમે હજી પણ ખૂબ જ સુખી અને સ્વસ્થ જીવન જીવી શકીએ છીએ. જ્યાં સુધી હું જીવિત છું ત્યાં સુધી હું કામ કરવા અને સ્વસ્થ રહેવા ઈચ્છું છું. હું સુંદર દેખાવા માંગુ છું.'

'ઘણા લોકો વિચારે છે કે તે વૃદ્ધ છે, તે કેવી રીતે કામ કરી શકે છે? અથવા ફક્ત બહેન અથવા માતાની ભૂમિકાઓ ઓફર કરવામાં આવે છે.

# 'સ્કાય ફોર્સ'માં જોવા મળશે ધમાકેદાર એરિયલ સિક્વન્સ

## VFX પણ સાત ઓસ્કર જીતેલી કંપનીએ ડિઝાઇન કર્યા...



પાકિસ્તાન સામે લડાયેલા ચારેચાર યુદ્ધમાં ભારતની જીત થઈ છે. ભારત-પાકિસ્તાન યુદ્ધનો વિષય જ્યારે પણ ફિલ્મી પડદે યોગ્ય રીતે રજૂ થયો છે ત્યારે દર્શકોએ એવી ફિલ્મોને માથે બેસાડી છે. પછી એ 'બોર્ડર' હોય કે 'ઉરી'. અક્ષય કુમાર અને વીર પહાડિયાને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી 'સ્કાય ફોર્સ' પણ વૉર ફિલ્મ છે, જે 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત છે. ફિલ્મનું ટ્રેલર જોઈને જ ખ્યાલ આવી જાય છે કે ફિલ્મ ટેક્નિકલી કેટલી ઉત્તમ દરજ્જાની છે.

યુદ્ધ પર આધારિત ફિલ્મમાં VFXનો મહત્ત્વપૂર્ણ રોલ હોય છે. 'સ્કાય ફોર્સ'માં પણ VFXનો ભરપૂર ઉપયોગ થયો છે. DNEG (ડબલ નેગેટિવ) નામની બ્રિટિશ-ભારતીય કંપની દ્વારા આ ફિલ્મના VFX ડિઝાઈન કરાયા છે. આ એ જ કંપની છે, જેણે 'ઈન્ટરસ્ટેલર' અને 'ઈન્સેપ્શન' સહિત સાત ફિલ્મો માટે સાત ઓસ્કાર એવોર્ડ જીત્યા છે અને 'બ્રહ્માસ્ત્ર' માટે ભારતનો નેશનલ એવોર્ડ પણ મેળવ્યો છે. ટ્રેલર જોઈને જ ફિલ્મરસિયાને ખબર પડી ગઈ હતી કે, 'સ્કાય ફોર્સ'ના VFX જોરદાર છે. ભારતીય ફિલ્મોમાં ઓછું જોવા મળે એવા 'એરિયલ સિક્વન્સ' પણ આ ફિલ્મમાં છે.

# સૈફ અલી ખાનનું બ્લડ સેમ્પલ લેવામાં આવ્યું:એક્ટરના કપડાં પણ કલેક્ટ કરવામાં આવ્યા

(એજન્સી) મુંબઈ | તા.25

15 જાન્યુઆરીએ સવારે 2 વાગ્યે સૈફ અલી ખાન પર થયેલા હુમલાના કેસમાં મુંબઈ પોલીસે શનિવારે એક્ટરના લોહીના નમૂના લીધા છે. હુમલા સમયે સૈફે પહેરેલા કપડાં પણ પોલીસે જપ્ત કર્યા છે. આ પહેલા તપાસ અધિકારીઓએ આરોપી શરીફુલના કપડા પણ રિકવર કર્યા હતા. હવે ફોરેન્સિક ટીમ આરોપીના કપડાં અને સૈફના કપડામાંથી મળેલા બ્લડ સેમ્પલને મેચ કરશે.

સૈફ અલી ખાને પોલીસને આપેલા પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે 16 જાન્યુઆરીની રાત્રે તે અને તેની પત્ની કરીના કપૂર 11મા માળે તેમના બેડરૂમમાં હતા ત્યારે તેમણે તેમની નર્સ ઈલિયામા ફિલિપની ચીસો સાંભળી હતી.

તેઓ જહાંગીરના રૂમ તરફ દોડ્યા જ્યાં એલિયામા ફિલિપ પણ સૂતી હતી. ત્યાં તેણે એક અજાણી વ્યક્તિ જોઈ. જહાંગીર પણ રડી રહ્યો હતો. સૈફે જણાવ્યું કે તેણે અજાણ્યા વ્યક્તિને પકડ્યો. આ પછી તેણે હુમલો કર્યો, જેના કારણે સૈફ ઘાયલ થયો. આ પછી હુમલાખોર ધક્કો મારીને ભાગી ગયો હતો.



અભિનેતા સૈફ અલી ખાનને પાંચ જગ્યાએ ચાકુ મારવામાં આવ્યા હતા. તેની પીઠ, કાંડા, ગરદન, ખભા અને કોણીમાં ઈજાઓ હતી. તેને તેના મિત્ર અફસર ઝૈદી ઓટો રિક્ષામાં મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં લઈ ગયા.

સૈફના મેડિકલ રિપોર્ટથી આ વાત સામે આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, 'ઈજાઓનું કદ 0.5 સેમીથી 15 સેમી સુધી હતું. હુમલાની રાત્રે સૈફના મિત્ર અફસર ઝૈદી તેને સવારે 4:11 વાગ્યે લીલાવતી હોસ્પિટલમાં લઈ ગયો અને ઔપચારિકતા પૂરી કરી. મુંબઈ પોલીસે આરોપી શરીફુલ ઈસ્લામને શુક્રવારે કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે તેને 29 જાન્યુઆરી સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી દીધો હતો.

# રોહિત કોહલીને ICC ટેસ્ટ ટીમ ઓફ ધ યરમાંથી બાકાત કર્યો



(એજન્સી) નવી દિલ્હી તા 25

ભારતીય કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલી અને શુભમન ગિલને ICCની ટેસ્ટ ટીમ ઓફ ધ યરમાં સ્થાન મળ્યું નથી. યશસ્વી જયસ્વાલ, જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાને સ્થાન આપ્યું છે. પેટ કમિન્સને કેપ્ટન બનાવ્યો છે. ICCએ શુક્રવારે આ ટીમ જાહેર કરી છે. ICC એ ટેસ્ટની સાથે 2024ની મેન્સ ODI ટીમ ઓફ ધ યર પણ જાહેર કરી છે. તેમાં ભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને આફ્રિકાના કોઈપણ ખેલાડીનો સમાવેશ થતો નથી. ટેસ્ટ ટીમમાં એક ઓસ્ટ્રેલિયન ખેલાડી ઓસ્ટ્રેલિયાના ફક્ત એક જ ખેલાડીને ટેસ્ટ ટીમમાં સામેલ કર્યો છે. તે જ સમયે, ઈંગ્લેન્ડના 4 ક્રિકેટરોને સ્થાન આપવામાં આવ્યું છે. ટીમમાં ભારતના 3 અને ન્યૂઝીલેન્ડના 2 ખેલાડીઓનો સમાવેશ થાય છે. શ્રીલંકાના એક ખેલાડીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રીલંકાના 4 ખેલાડીઓને ODI ટીમમાં તક મળી ODI ટીમમાં શ્રીલંકાના મહત્તમ 4 ખેલાડીઓને તક મળી છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના 3-3 ખેલાડીઓનો સમાવેશ થાય છે. વેસ્ટ ઈન્ડિઝના શેરફેન રૂધરફોર્ડને પણ સ્થાન મળ્યું છે.

# વુમન્સ U.19 વર્લ્ડ કપ: પાક.ને સમોઆને 52 રનથી હરાવ્યું

(એજન્સી) મલેશિયા તા 25

વુમન્સ અંડર-19 વર્લ્ડ કપમાં શુક્રવારે રમાયેલી બે મેચમાં પાકિસ્તાન અને નેપાળે જીત મેળવી હતી. પાકિસ્તાને પ્રથમ વખત વર્લ્ડ કપ રમી રહેલી સમોઆ મહિલા ટીમને 52 રનથી હરાવ્યું હતું. જ્યારે નેપાળે મલેશિયાને 7 વિકેટે હરાવ્યું હતું.

મહમ અનીસના 28 રન અને ફાતિમા ખાનના 25 રનની મદદથી પાકિસ્તાને 136/8નો સ્કોર કર્યો હતો. જવાબમાં સમોઆની ટીમ 18.5 ઓવરમાં 84 રનમાં સમેટાઈ ગઈ હતી. હાનિયા અહમરે 4 વિકેટ લીધી હતી. જોહરમાં રમાયેલી અન્ય



એક મેચમાં નેપાળે મલેશિયાની ટીમને 45 રનમાં આઉટ કરી દીધી હતી. બાદમાં ટીમે 11 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 47 રન બનાવીને મેચ જીતી લીધી હતી. નેપાળની કેપ્ટન પૂજા મહતો પ્લેયર ઓફ ધ મેચ રહી હતી.પાકિસ્તાન મહિલા U19 એ 36 રનમાં પ્રથમ 2 વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન અને વિકેટકીપર કોમલ ખાને 20 બોલમાં 11 રન બનાવ્યા હતા, પરંતુ શરૂઆતના આંચકાઓ છતાં મિડલ ઓર્ડરે દાવ સંભાળ્યો હતો.બોલિંગમાં નોરા સલીમાએ સમોઆ માટે શાનદાર પ્રદર્શન કર્યું અને 4 ઓવરમાં 20 રન આપીને 3 વિકેટ લીધી. કેટરીના સમુએ પણ 2 વિકેટ લીધી હતી. 137 રનને ચેઝ કરવા ઉતરેલી સમોઆ મહિલા U19 ટીમની શરૂઆત ખરાબ રહી હતી. નોરા સલીમા (5 રન) અને ટીમના કેપ્ટન અવેટિયા માપુ (0 રન) જલ્દી જ પેવેલિયન પરત ફર્યા હતા.

## બોમ્બ ધમાકામાં બચી ગયેલા ખેલાડીએ મેચ જીતાડી, 10 બોલમાં છગ્ગા અને ચોગ્ગાનો વરસાદ કર્યો

**અમેરિકા :** UAE લીગ ILT20માં હાલમાં ગ્રુપ સ્ટેજ મેચ રમાઈ રહી છે. જેની 16મી મેચ દુબઈ કેપિટલ્સ અને ગલ્ફ જાયન્ટસ વચ્ચે રમાઈ હતી. ગુરુવાર 23 જાન્યુઆરીના રોજ રમાયેલી આ મેચમાં દુબઈની ટીમે 5 વિકેટથી શાનદાર જીત મેળવી હતી. જેમાં શ્રીલંકાનો ઓલરાઉન્ડર દસુન શનાકાનો મહત્વનો રોલ હતો. તેમણે 10 બોલમાં 34 રનની તોફાની ઈનિંગ્સ રમી પોતાની ટીમને જીત અપાવી હતી. આ ઈનિંગ્સ દરમિયાન તેમણે છગ્ગા અને ચોગ્ગાનો વરસાદ કર્યો હતો. તમને જણાવી દઈએ કે, આ તે ક્રિકેટર છે. જે શ્રીલંકામાં ઈસ્ટરમાં થયેલા બોમ્બ ધમાકામાં માંડ બચ્યો હતો.ગલ્ફ જાયન્ટસની ટીમે પહેલા બેટિંગ કરી 154 રનનો ટાર્ગેટ રાખ્યો હતો. ત્યારબાદ તેના જવાબમાં દુબઈની ટીમે 110 રન બનાવવામાં 5 વિકેટ ગુમાવી હતી. હવે 23 બોલમાં 44 રનની જરુર હતી. દુબઈની મુશ્કિલ પીચ પર આ રન બનાવવા ખુબ મુશ્કિલ હતા. ત્યારે દસુન શનાકા બેટિંગ માટે આવ્યો અને ત્યારબાદ કોઈ બેટ્સમેન વધ્યો ન હતો. તેમણે 340 રનના સ્ટ્રાઈક રેટથી 10 બોલમાં તાબડતોડ 34 રન બનાવ્યા હતા. જે ખુબ મહ્ત્તવના સાબિત થયા હતા. આ દરમિયાન તેમણે 3 ચોગ્ગા અને 3 સિક્સ પણ ફટકારી હતી.

# જય શાહ વર્લ્ડ ક્રિકેટ કનેક્ટ્સ એડવાઈઝરી બોર્ડમાં જોડાયા

(એજન્સી) દુબઈ તા 25

ICC પ્રમુખ અને પૂર્વ BCCI સેક્રેટરી જય શાહને મેરીલેબોન ક્રિકેટ ક્લબ (MCC), વર્લ્ડ ક્રિકેટ કનેક્ટ્સના નવા સલાહકાર બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા છે. તેના સિવાય સૌરવ ગાંગુલીનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ એક સ્વતંત્ર જૂથ છે. વર્લ્ડ ક્રિકેટ કનેક્ટ્સ એડવાઈઝરી બોર્ડ 7 અને 8 જૂને લોર્ડ્સમાં યોજાનારી બેઠકમાં રમત સામેના પડકારો અને સમસ્યાઓ અંગે ચર્ચા કરશે. જય શાહે ગયા વર્ષે 1 ડિસેમ્બરના રોજ સત્તાવાર રીતે ICC અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. વર્લ્ડ ક્રિકેટ કનેક્ટ્સ બોર્ડમાં 13 સભ્યો હોય છે. તેની અધ્યક્ષતા શ્રીલંકાના પૂર્વ કેપ્ટન કુમાર સંગાકારા કરશે. અન્ય સ્થાપક સભ્યોમાં સૌરવ ગાંગુલી, ગ્રીમ સ્મિથ, એન્ડ્રુ સ્ટ્રોસ અને ઈંગ્લેન્ડની મહિલા ટીમની કેપ્ટન હીથર નાઈટનો સમાવેશ થાય છે. MCCએ ગયા વર્ષે વર્લ્ડ ક્રિકેટ કનેક્ટ્સ ફોરમનું



ઉદ્ઘાટન કર્યું હતું. રમત વિશે ચર્ચા કરવા માટે આ કાર્યક્રમમાં 100 થી વધુ ક્રિકેટરોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જય શાહે હાજરી આપી ન હતી. MCCના અધ્યક્ષ માર્ક નિકોલ્સે કહ્યું:

'અમે વિશ્વ ક્રિકેટ પર પ્રભુત્વ ધરાવતા સૌથી મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવા માટે રમતના ઘણા પ્રભાવશાળી વ્યક્તિઓનું સ્વાગત કરવા આતુર છીએ.'વર્લ્ડ ક્રિકેટ કમિટી એક સ્વતંત્ર સંસ્થા હતી જેમાં કોઈ ઔપચારિક સત્તાઓ ન હતી, પરંતુ તેની ભલામણો ICC દ્વારા ઘણી વખત અપનાવવામાં આવી છે.

## ક્રિકેટ જગતમાં હરણફાળ ભરતો વધુ એક યુવા ખેલાડી

નવી દિલ્હી તા 25

રણજીની દુનિયામાંથી નિકળેલો વધુ એક સુપરસ્ટાર, 9 વિકેટ ઝડપી મચાવી ધૂમ, 21 વર્ષની ઉંમરમાં રચ્યો ઈતિહાસ, રાણજી ટ્રોફીમાં ગુજરાત અને ઉત્તરાખંડ વચ્ચે રમાઇ રહેલી મેચમાં 21 વર્ષીય ખેલાડી આર્ય દેસાઇએ પોતાની અમીટ છાપ છોડી છે. તેણે એકલા હાથે વિરુદ્ધ ટીમના 9 ખેલાડીઓને પવેલિયન પરત મોકલ્યા હતા. ગુજરાત વાળી ટીમને ધૂળ છટાડતા કર્યા છે. આર્ય દેસાઇએ રણજીના ઈતિહાસમાં ગુજરાત ટીમ તરફથી બેસ્ટ બોલિંગ કરી હતી. બોલિંગ સ્પેલ ફેંકવાના રેકોર્ડ પોતાના નામે કર્યા નામે કરી હતી. ઉતરાખંડની પૂર્ણ ટીમને પ્રથમ પારીમાં જ માત્ર 111 રન પર ઓલ આઉટ કર્યા હતા.

# દિલ્હી સામે સૌરાષ્ટ્રની ઐતિહાસિક જીત રાજકોટમાં રવિન્દ્ર જાડેજાનો તરખાટ

(એજન્સી) રાજકોટ તા 25

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી સૌરાષ્ટ્ર અને દિલ્હીની ટીમ વચ્ચેની રણજી મેચમાં ભારતીય ટીમના ખેલાડીઓ રવિન્દ્ર જાડેજા, રિષભ પંત, નવદીપ સૈની અને ચેતેશ્વર પૂજારા સામેલ હતા. જોકે, આ બધામાંથી એક માત્ર રવિન્દ્ર જાડેજાનો તરખાટ રાજકોટના મેદાનમાં જોવા મળ્યો હતો. ગઈકાલે પ્રથમ ઈનિંગમાં દિલ્હીની ટીમે 188 રન બનાવ્યા હતા, જેની સામે સૌરાષ્ટ્રની ટીમે 271 રન બનાવ્યા અને આજે બીજા દિવસે બીજી ઈનિંગ શરૂ થતા દિલ્હીની ટીમ માત્ર 94 રનમાં ઓલઆઉટ થઇ જતા સૌરાષ્ટ્રની ટીમને માત્ર 11 રનની લીડ મળી હતી, જે માત્ર 2 ઓવરમાં જ સૌરાષ્ટ્રની ટીમે કરી દેતા શાનદાર જીત મેળવી છે. ગઈકાલે 5 વિકેટ બાદ આજે 7 વિકેટ સાથે રાજકોટમાં રવિન્દ્ર જાડેજાએ તરખાટ મચાવી કુલ 12 વિકેટ સાથે દિલ્હી સામે ટીમ સૌરાષ્ટ્રને શાનદાર જીત અપાવી 'મેન ઓફ ધ મેચ'નો ખિતાબ મેળવ્યો છે. દિલ્હી ટીમમાંથી રિષભ પંત પાસે અપેક્ષા હતી પરંતુ, તેઓએ બે ઈનિંગમાં માત્ર 18 રન જ બનાવ્યા છે. બંને વખત તેઓ કેચ આઉટ થયા છે. હોમ ગ્રાઉન્ડ પર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પોતાનો જલવો બતાવ્યો પહેલા દિવસે સવારે મહેમાન ટીમ દિલ્હીના કેપ્ટન આયુષ બદોનીએ ટોસ જીતી પહેલા બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સૌરાષ્ટ્ર કેપ્ટન જયદેવ ઉનડકટે દિલ્હીના ઓપનર બેટર અર્પિત રાણાને ખાતુ ખોલ્યા વગર પેવેલીયન ભેગો કરી હોમ ટીમને શાનદાર શરૂઆત અપાવી હતી. ત્યારબાદ હોમ ગ્રાઉન્ડ પર લાંબા સમયે ઘરેલૂ ક્રિકેટમાં વાપસી કરતા ICC ટેસ્ટ રેન્કિંગના નંબર-1 ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પોતાનો જલવો બતાવ્યો હતો. ગઈકાલે બાપુએ 17.4 ઓવરમાં બે મેડન સાથે 66 રન આપી 5 વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત અન્ય લેફ્ટ આર્મ સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજાએ રિષભ પંતને માત્ર 1 રનમાં આઉટ કરી કુલ 3 વિકેટ લેતા દિલ્હીની ટીમ માત્ર 49.4 ઓવરમાં 188 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.



## દિલ્હીની ટીમ 94 રનમાં ઓલઆઉટ સૌરાષ્ટ્રની ટીમને 11 રનની લીડ મળી

ગઈકાલે પ્રથમ દિવસના અંત સુધીમાં દિલ્હીની ટીમે પણ ચેતેશ્વર પૂજારા અને રવિન્દ્ર જાડેજાની વિકેટ ખેરવી સૌરાષ્ટ્રનો સ્કોર 5 વિકેટના નુકસાને 163 રન બનાવ્યા હતા. દિલ્હીના કેપ્ટન આયુષ બદોનીએ 60 તો સૌરાષ્ટ્ર તરફથી હાર્વિક દેસાઈએ 93 રન બનાવ્યા હતા. આજે બીજા દિવસે સૌરાષ્ટ્રની ટીમ 271 રનમાં ઓલઆઉટ થઇ હતી અને ફરી દિલ્હીની ટીમ મેદનામાં બેટિંગમાં પર આવતા બીજા દિવસે પણ બાપુએ તરખાટ મચાવી 12 ઓવરમાં કુલ 7 વિકેટ ઝડપી પાડી હતી અને મહેમાન ટીમ દિલ્હી પૂરા 100 રન પણ બનાવી શકી ન હતી. દિલ્હીની ટીમ 94 રનમાં ઓલઆઉટ થતા સૌરાષ્ટ્રની ટીમને માત્ર 11 રનની લીડ મળી હતી.

# ઓસ્ટ્રેલિયન ઓપન: યોકોવિચે સેમિફાઈનલ મેચ છોડી દીધી

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 25

24 વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નોવાક યોકોવિચ ઓસ્ટ્રેલિયન ઓપન 2025ની સેમિફાઈનલ મેચ વચ્ચેથી ખસી ગયો છે. શુક્રવારે સર્બિયન ખેલાડીએ ઈજાના કારણે મેચમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. યોકોવિચના ખસી જવાથી તેના હરીફ વિશ્વના નંબર 2 એલેક્ઝાન્ડર ઝવેરેવને વોકઓવર મળ્યો અને તે પહેલીવાર આ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચ્યો છે. યોકોવિચને મેલબોર્નના રોડ લેવર એરેનામાં પહેલા સેટમાં 7-6થી હારનો સામનો કરવો પડ્યો હતો. ઓલિમ્પિક ટેનિસ ચેમ્પિયન યોકોવિચે બુધવારે મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં સ્પેનના ત્રીજા ક્રમાંકિત કાર્લોસ અલ્કારેઝને ચાર સેટ સુધી ચાલેલી મેચમાં પાછળ રહીને હરાવ્યો હતો. યોકોવિચ



ઓસ્ટ્રેલિયન ઓપનમાં મેન્સ સિંગલ્સમાં સૌથી સફળ ખેલાડી છે. તેણે આ ખિતાબ 10 વખત જીત્યો છે. મેચમાંથી ખસી ગયા બાદ મીડિયા સાથે વાત કરતા યોકોવિચે કહ્યું- એલેક્ઝાન્ડર ઝવેરેવ તેની રિટાયર થયા પછી યોકોવિચ (ડાબે) ને મળ્યો. મહેરબાની કરીને કોઈપણ ખેલાડી જ્યારે ઈજાને કારણે બહાર હોય ત્યારે તેને હુરિયો ન બોલાવો. હું જાણું છું કે દરેક જણ ટિકિટ માટે ચૂકવણી કરી છે, પરંતુ નોવાકે છેલ્લા 20 વર્ષોમાં રમતમાં પોતાનું સર્વસ્વ આપ્યું છે.

## મેલબોર્ન પાર્કમાં સબાલેન્કોનો સતત 19મો વિજય

(એજન્સી) બેલારુસ તા 25

બેલારુસની આર્યના સબાલેન્કોએ રશિયાની 27મી ક્રમાંકિત એનાસ્તેસિયા પાવલ્યૂચેન્કોને 6-2, 2-6, 6-3થી હરાવીને મેલબોર્ન પાર્ક ખાતે રમાતી ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં સતત 19મો વિજય હાંસલ કર્યો હતો. વધુ બે વિજયની સાથે સબાલેન્કો ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ જીતવાની હેટ્રિક નોંધાવી શકે છે. જો તે ચેમ્પિયન બનશે તો 24 વર્ષ બાદ ટાઈટલની હેટ્રિક નોંધાવનાર પ્રથમ મહિલા ખેલાડી બનશે. છેલ્લે માર્ટિના હિંગિસે 1997થી 1999માં ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ જીતવાની હેટ્રિક નોંધાવી હતી. સબાલેન્કો 2023 અને 2024માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં ચેમ્પિયન બની ચૂકી છે. સેમિફાઈનલમાં તેનો મુકાબલો 11મી ક્રમાંકિત પાઉલા બડોસા સામે થશે.

# મો શામી પગમાં પટ્ટી, બરાબર દોડી પણ નથી શકતો, શમીની ફિટનેસ પર ઉઠયા સવાલ

(એજન્સી) નવી દિલ્હી તા 25

મોહમ્મદ શમી એક વર્ષથી વધુ સમયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર છે અને ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણીમાં તેની પસંદગી કરવામાં આવી હોવા છતાં, તેની મેદાનમાં વાપસી હાલમાં શંકાના દાયરામાં છે. કારણ કે ચેન્નાઈમાં પ્રેક્ટિસ સેશનમાં જોવા મળેલું દ્રશ્ય તણાવભર્યું હતું. હવે શમીની ફિટનેસની સાથે-સાથે ટીમ મેનેજમેન્ટ પર પણ સવાલો ઉઠી રહ્યા છે.

ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણીની શાનદાર જીત સાથે શરૂઆત કરી છે, પરંતુ સ્ટાર ફાસ્ટ



બોલર મોહમ્મદ શમીની ફિટનેસની સ્થિતિ ચાહકો માટે ઉત્સુકતાનું કારણ બની રહી છે. શમીને ફિટ જાહેર કરીને T20 સિરીઝ માટે પસંદ કરવામાં આવ્યો હતો પરંતુ તેને પ્રથમ મેચમાં રમાડવામાં આવ્યો ન હતો. ટીમ દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે તે ફિટ છે, પરંતુ બીજી T20 મેચ પહેલા શમીની જે તસવીર સામે આવી છે તે હેરાન કરનારી છે. વર્લ્ડ કપ 2023 બાદથી ઈજાગ્રસ્ત શમી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી બહાર છે. લગભગ 14 મહિના સુધી ટીમ ઈન્ડિયાથી દૂર રહ્યા બાદ શમીને આ T20 સિરીઝ આવ્યો, જેથી તે ઈન્ટરનેશનલ ક્રિકેટના દબાણને સહન કરી શકે અને પોતાની લય પણ પાછી મેળવી શકે. તેમ છતાં, તેને પ્રથમ મેચમાં તક આપવામાં આવી ન હતી, જેણે બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. જેના કારણે શમીની ફિટનેસ અને ટીમ મેનેજમેન્ટ પર સવાલો ઉઠી રહ્યા છે.

# અભિષેક શર્મા થયો ઘાયલ, ચાલવું પણ મુશ્કેલ બન્યું



(એજન્સી) નવી દિલ્હી તા 25

કોલકાતામાં રમાયેલી પ્રથમ T20 મેચ ભારતે ખૂબ જ સરળતાથી જીતી લીધી હતી અને આ જીતના હીરોમાંનો એક યુવા ઓપનર અભિષેક શર્મા હતો, જેણે 79 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી પરંતુ બીજી T20 મેચ પહેલા તેની ફિટનેસ ટીમ ઈન્ડિયા માટે ટેન્શન બની ગઈ છે. ટીમ ઈન્ડિયા માટે T20 સિરીઝની શરૂઆત ઘણી જ સ્ફોટક રહી છે. ભારતીય ટીમે પહેલા તેની મજબૂત બોલિંગથી ઈંગ્લેન્ડને નાના સ્કોર પર હરાવ્યું અને પછી તેની વિસ્ફોટક બેટિંગથી મેચ ખૂબ જ સરળતાથી જીતી લીધી. કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં જીત બાદ હવે નજર ચેન્નાઈમાં રમાનાર બીજી T20 મેચ પર છે. પરંતુ શનિવારે મેચના 24 કલાક પહેલા જ ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. કોલકાતામાં જીતનો હીરો રહેલો વિસ્ફોટક ઓપનર અભિષેક શર્મા ઈજાગ્રસ્ત થયો છે, જેના કારણે હવે બીજી મેચમાં તેના રમવા અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. 24 જાન્યુઆરીએ પ્રેક્ટિસ સેશન દરમિયાન અભિષેકની પગની ઘૂંટી વળી ગઈ અને તેને દુખાવો થવા લાગ્યો. તેના માટે ચાલવું પણ મુશ્કેલ બની ગયું હતું અને તે લંગડાતો જોવા મળ્યો હતો. આવી સ્થિતિમાં, તેને પ્રેક્ટિસ સેશન છોડીને ડ્રેસિંગ રૂમમાં પરત ફરવું પડ્યું હતું, એવું કહેવામાં આવી રહ્યું છે કે અભિષેકે ટીમના ફિઝિયોની દેખરેખમાં લગભગ અડધો કલાક પસાર કર્યો હતો, પરંતુ તે પછી તે પ્રેક્ટિસ સેશન માટે પાછો ફર્યો નહોતો. હવે ટીમ કે BCCI દ્વારા અભિષેકની ઈજા કેટલી ગંભીર છે તે અંગે કોઈ અપડેટ આપવામાં આવ્યું નથી. જો કે, મેચના 24 કલાક પહેલા આવી ઈજા થવી એ સારો સંકેત નથી, કારણ કે આવી સ્થિતિમાં રમવા માટે મેદાન પર ઉતરવું મુશ્કેલ છે. અને જો ઈજા ગંભીર હશે તો ટીમ ઈન્ડિયાને આ સ્ટાર યુવા બેટ્સમેન વિના ઈંગ્લેન્ડનો સામનો કરવો પડશે.

## રોહિત શર્માએ ફરી કર્યા નિરાશ

(એજન્સી) નવી દિલ્હી તા 25

હિટમેન રોહિત શર્માનુ રણજી ટ્રોફીમાં નિરાશાજનક પ્રદર્શન યથાવત છે. સતત બીજીવાર રોહિત શર્મા નિષ્ફળ રહ્યા છે. આ વખતે રુષભ પંતની ટીમથી થયા આઉટ. રોહિત શર્માનો જાદુ રણજી ટ્રોફીમાં સતત ફ્લોપ રહ્યો છે. પ્રથમ પારીઓમાં જ તેઓ પોતાનુ પ્રદર્શન ન બતાવી શક્યા. પ્રથમ પારી જ તેઓ 3 રન બનાવીને આઉટ થયા હતા. તો બીજીવાર માત્ર 28 રન બનાવી લખનઉ સુપર જાયંટ્સની બોલિંગ પર પવેલિયન પરત ફર્યા હતા. રોહિત શર્માના પ્રદર્શનનો ખરાબ કાળ પૂર્ણ થવાનું નામ નથી લઈ રહ્યુ. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અસફળ રહ્યા બાદ તેઓએ હોમ ગ્રાઉંડ પર પરત ફર્યા હતા. પરંતુ અહીં પણ તેઓ અસફળ સાબિત થયા હતા. રણજી ટ્રોફીના પ્રથમ દિવસે જમ્મૂ-કાશ્મીર સામે પણ તેઓ માત્ર 3 રન ફટકારી લાચાર જોવા મળ્યા હતા. તો આ તરફ બીજા દિવસે રુષભ પંતની ટીમે તેમને પવેલિયન પરત મોકલ્યા હતા.

# ICC ટેસ્ટ ટીમ ઓફ ધ યર જાહેર, જસપ્રીત બુમરાહ સહિત 3 ભારતીયોનો સમાવેશ

(એજન્સી) નવી દિલ્હી તા 25

ICCએ ગયા વર્ષે ટેસ્ટ ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા 11 ખેલાડીઓની પ્લેઈંગ ઈલેવન તૈયાર કરી છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં જગ્યા બનાવનારી બે ટીમોનો માત્ર એક જ ખેલાડી આ ટીમનો ભાગ છે. જ્યારે ભારતના 3 ખેલાડીને વર્ષની શ્રેષ્ઠ ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે.વર્ષ 2024 ટેસ્ટ ક્રિકેટ માટે શાનદાર રહ્યું અને ઘણા શાનદાર પરિણામો જોવા મળ્યા. ઉપરાંત, કેટલાક ખાસ ખેલાડીઓએ તેમના પ્રદર્શનથી દરેકનું ધ્યાન ખેંચ્યું હતું અને પોતપોતાની ટીમની સફળતામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આવા 11 ખેલાડીઓને હવે ICC ટેસ્ટ ટીમ ઓફ ધ યર માટે પસંદ કરવામાં આવ્યા છે.ICCએ શુક્રવારે 24 જાન્યુઆરીએ આ ટીમની જાહેરાત કરી હતી, જેમાં ટીમ ઈન્ડિયાના 3 ખેલાડીઓને સ્થાન મળ્યું છે. ઓસ્ટ્રેલિયા તરફથી માત્ર એક ખેલાડીને સ્થાન મળ્યું છે, પરંતુ આ ખેલાડી બીજું કોઈ નહીં પણ સ્ટાર ફાસ્ટ બોલર પેટ કમિન્સ છે, જેને આ ટીમનો કેપ્ટન પણ બનાવવામાં આવ્યો છે. ICC બેસ્ટ ટેસ્ટ પ્લેઈંગ-11માં સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચનારી બે ટીમો (દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા) માંથી એકમાત્ર પેટ કમિન્સ જ આ ટીમમાં સ્થાન મેળવી શક્યો છે. આ ટેસ્ટ પ્લેઈંગ ઈલેવનમાં સૌથી વધુ 4 ખેલાડીઓ ઈંગ્લેન્ડના છે, જ્યારે ભારતના 3 , ન્યુઝીલેન્ડના 2 અને ઓસ્ટ્રેલિયા-શ્રીલંકાના 1-1 ખેલાડીનો સમાવેશ થયો છે. ભારતીય તરફથી યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને આ ટીમમાં સ્થાન મળ્યું છે, જ્યારે બીજા ઓપનર તરીકે ઈંગ્લેન્ડના બેન ડકેટ તેની સાથે છે.

# માન્ચેસ્ટર સિટી ચેમ્પિયન્સ લીગની બહાર થવાના ખતરા હેઠળ

(એજન્સી)પેરિસ તા 25

પેરિસ સેન્ટ જર્મેન સામે 4-2થી પરાજય થયા બાદ માન્ચેસ્ટર સિટી ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટમાંથી બહાર થવાના આરે આવી ગઈ છે. બે ગોલની લીડ લીધા બાદ માન્ચેસ્ટર સિટી પ્રારંભિક સફળતાનો ફાયદો ઉઠાવી શકી નહોતી. પીએસજીએ વળતો પ્રહાર કરીને મહત્ત્વપૂર્ણ વિજય હાંસલ કર્યો હતો. બીજી તરફ રિયલ મેડ્રિડે સાલ્ઝબર્ગને 5-1થી હરાવીને નોકઆઉટ તબક્કામાં સ્થાન નિશ્ચિત કર્યું હતું. 25મા ક્રમે છે. તે જો પોતાની છેલ્લી ગ્રૂપ મેચમાં ક્લબ બ્રૂગેને હરાવે તો નોકઆઉટમાં પ્રવેશી શકે છે. પીએસજી 22મા ક્રમે છે અને તેનો છેલ્લો મુકાબલો 24મા ક્રમાંકે રહેલી સ્ટુટગાર્ટ સામે થશે. આર્સનલ અને ઈન્ટર મિલાને પોતપોતાના મુકાબલા જીતીને ત્રીજું અને ચોથું સ્થાન મેળવ્યું છે. એસી મિલાને ગિરોનાને 1-0થી હરાવીને છઠ્ઠું સ્થાન હાંસલ કર્યું હતું.

# IPL ઓક્શનમાં કોઈએ ના ખરીદ્યો, રણજીમાં સદી ફટકારી આપ્યો જડબાતોડ જવાબ

(એજન્સી) મુંબઈ તા 25

મુંબઈ અને જમ્મુ-કાશ્મીર વચ્ચે રમાઈ રહેલી આ રણજી ટ્રોફી મેચમાં જ્યાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં હજારો રન બનાવનારા બેટ્સમેનો ખરાબ રીતે નિષ્ફળ રહ્યા હતા, ત્યાં મુંબઈના અનુભવી ઓલરાઉન્ડરે નીચલા ક્રમમાં આવીને ધમાકેદાર સદી ફટકારી હતી. નવેમ્બર 2024માં IPL ઓક્શનમાં આ ખેલાડીને કોઈ ફ્રેન્ચાઈઝીએ ખરીદ્યો ન હતો. એવામાં આ ખેલાડીએ મુશ્કેલ સમયમાં સદી ફટકારી જડબાતોડ જવાબ આપ્યો હતો. મુંબઈ અને જમ્મુ-કાશ્મીર વચ્ચે રમાઈ રહેલી રણજી ટ્રોફી મેચમાં મુંબઈના ઓલરાઉન્ડર શાર્દુલે બીજી ઈનિંગમાં શાનદાર સદી ફટકારી અને ફરી એકવાર પોતાની ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢી. શાર્દુલની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની આ બીજી સદી છે અને બંને વખત તેણે મુશ્કેલીમાં મુકાયેલી મુંબઈની ટીમને બહાર



કરી હતી.નવેમ્બર 2024માં IPL ઓક્શનમાં શાર્દુલ ઠાકુરને કોઈ ફ્રેન્ચાઈઝીએ ખરીદ્યો ન હતો. ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટેની ટીમમાં પણ તેને સામેલ ન કરવામાં આવ્યો અને છેલ્લા કેટલાક સમયથી તે ટીમની બહાર પણ ચાલી રહ્યો છે. આવા સમયમાં શાર્દુલે આ સદી ફટકારી ટીકાકારો, ટીમ પસંદગીકારો અને ફ્રેન્ચાઈઝી માલિકોને જડબાતોડ જવાબ આપ્યો છે. મેચના પહેલા દિવસે પણ શાર્દુલે લડાયક ઈનિંગ રમી અને માત્ર 47 રનમાં 7 વિકેટ ગુમાવી ચૂકેલી મુંબઈની ટીમને તેના 51 રનની મદદથી 120ના સ્કોર સુધી પહોંચાડી દીધી. તે દાવમાં શાર્દુલે તનુષ કોટિયન સાથે મળીને 63 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. ફરી એકવાર આ બંને બેટ્સમેનોએ મુંબઈ માટે ટ્રબલ-શૂટર તરીકે કામ કર્યું. બંને વચ્ચેની ભાગીદારી 101 રનથી શરૂ થઈ અને તેઓ ટીમને 200 રનથી આગળ લઈ ગયા. આ દરમિયાન શાર્દુલે તેની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની બીજી સદી માત્ર 105 બોલમાં ફટકારી હતી. શાર્દુલની આ ઈનિંગ એવા સમયે આવી છે જ્યારે તેને ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. 2021માં બ્રિસબેન ટેસ્ટ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવનાર શાર્દુલને આ વખતે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે પસંદ કરવામાં આવ્યો નથી.

### યુએસ સુપ્રીમ કોર્ટે પ્રત્યાર્પણને મંજૂરી આપી, રાણા-હેડલીએ એટેકની બ્લૂપ્રિન્ટ તૈયાર કરી હતી

# 26/11 મુંબઈ હુમલાનો આરોપી તહવ્વુર રાણાને ભારત લવાશે

(એજન્સી) મુંબઈ તા 25

મુંબઈ હુમલા (26/11)ના આરોપી તહવ્વુર રાણાને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવશે. યુએસ સુપ્રીમ કોર્ટે ભારત-યુએસ પ્રત્યાર્પણ સંધિ હેઠળ રાણાના પ્રત્યાર્પણને મંજૂરી આપી છે. તહવ્વુર રાણાની 2009માં FBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. 13 નવેમ્બર 2024ના રોજ રાણાએ પ્રત્યાર્પણના નિર્ણય સામે અપીલ કરી, જેને 21 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી. રાણા માટે પ્રત્યાર્પણ ટાળવાની આ છેલ્લી તક હતી. અગાઉ તેણે સાન ફ્રાન્સિસ્કોની કોર્ટમાં અપીલ કરી હતી, જ્યાં તેની અરજી ફગાવી દેવામાં આવી હતી. યુએસ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ હેઠળ તેને ભારત મોકલી શકાય છે. મુંબઈ હુમલાની 405 પાનાંની ચાર્જશીટમાં રાણાના નામનો પણ આરોપી તરીકે ઉલ્લેખ છે. આ મુજબ રાણા ISI અને લશ્કર-એ-તૈયબાનો સભ્ય છે. ચાર્જશીટ મુજબ રાણા હુમલાના મુખ્ય આરોપી ડેવિડ કોલમેન હેડલીને મદદ કરી રહ્યો હતો. 26 નવેમ્બર 2008એ મુંબઈમાં થયેલા હુમલામાં 166 લોકો માર્યા ગયા હતા. NSG કમાન્ડો અને સુરક્ષા દળોની કાર્યવાહીમાં 9 આતંકી પણ માર્યા ગયા હતા.આ હુમલાઓ લિયોપોલ્ડ કાફે, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, તાજમહેલ હોટલ પેલેસ, ઓબેરોય ટ્રાઈડેન્ટ, કામા હોસ્પિટલ, નરીમાન હાઉસ, મેટ્રો સિનેમા અને સેન્ટ ઝેવિયર્સ કોલેજ પર કરવામાં આવ્યા હતા.



### 26 નવેમ્બર 2008એ મુંબઈ પર હુમલો થયો હતો, 166 લોકોનાં મોત થયાં હતાં

26 નવેમ્બર 2008એ મુંબઈમાં થયેલા હુમલામાં 166 લોકો માર્યા ગયા હતા. NSG કમાન્ડો અને સુરક્ષા દળોની કાર્યવાહીમાં 9 આતંકી પણ માર્યા ગયા હતા. 26 નવેમ્બર 2008એ લશ્કર-એ-તૈયબાના 10 આતંકવાદીએ મુંબઈ પર હુમલો કર્યો હતો. હુમલામાં AK-47, IED, RDX અને ગ્રેનેડનો ઉપયોગ કરાયો હતો. બોમ્બવિસ્ફોટ, માસ શૂટિંગ અને લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. આ હુમલામાં 166 લોકોનાં મોત થયાં હતાં અને 300 લોકો ઘાયલ થયા હતા. માર્યા ગયેલા લોકોમાં કેટલાક અમેરિકન નાગરિકો પણ હતા.મુંબઈ પોલીસની ચાર્જશીટ મુજબ રાણા ભારત આવ્યા બાદ હુમલાની જગ્યા અને રહેવાની જગ્યાઓ જણાવવામાં આતંકવાદીઓને મદદ કરી રહ્યો હતો. રાણાએ જ બ્લૂપ્રિન્ટ તૈયાર કરી હતી, જેના આધારે આ હુમલો કરવામાં આવ્યો હતો.

**રાણાની અપીલ 15 ઓગસ્ટ 2024એ ફગાવાઈ હતી :** પ્રત્યાર્પણના નિર્ણય સામે રાણાની અપીલ અમેરિકી અદાલતે 15 ઓગસ્ટે ફગાવી દીધી હતી. યુએસ કોર્ટે 15 ઓગસ્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ હેઠળ તેને ભારત મોકલી શકાય છે. ભારતને સોંપવામાં ન આવે એ માટે પાકિસ્તાની મૂળના તહવ્વુર રાણાએ યુએસ કોર્ટમાં હેબિયસ કોર્પસ દાખલ કરી હતી. જ્યારે કોઈ વ્યક્તિને ગેરકાયદે કસ્ટડીમાં રાખવામાં આવે ત્યારે હેબિયસ કોર્પસ પિટિશનનો ઉપયોગ કરવામાં આવે છે, જોકે લોસ એન્જલસની ડિસ્ટ્રિક્ટ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે ભારતે જે આરોપોના આધારે તહવ્વુરના પ્રત્યાર્પણની માગ કરી છે એના પર વિચાર કરીને તેના પ્રત્યાર્પણની મંજૂરી આપી શકાય છે. પેનલે જણાવ્યું હતું કે રાણાના ગુનાઓ યુએસ અને ભારત વચ્ચેની પ્રત્યાર્પણ સંધિની શરતો હેઠળ આવે છે. ભારતે હુમલાને લઈને રાણા પર લાગેલા આરોપોના મજબૂત પુરાવા આપ્યા છે.

### ટ્રમ્પ રાષ્ટ્રપતિ હોત તો યુદ્ધ ન થયું હોત, 2020માં ટ્રમ્પ પાસેથી જીત છીનવી લેવામાં આવી હતી

# પુતિન પીગળ્યા, યુક્રેન યુદ્ધ મામલે વાતચીત માટે તૈયાર

(એજન્સી) મોસ્કો તા 25

પુતિને શુક્રવારે એક રશિયન ચેનલ સાથે વાત કરતા આ નિવેદન આપ્યું હતું. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શુક્રવારે કહ્યું કે જો 2022માં ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ હોત તો યુક્રેન યુદ્ધને ટાળી શકાયું હોત. તેમણે કહ્યું કે તેઓ આ મુદ્દે ટ્રમ્પ સાથે વાત કરવા તૈયાર છે. રશિયાના રાષ્ટ્રપતિએ દાવો કર્યો હતો કે 2020માં ટ્રમ્પ પાસેથી જીત છીનવી લેવામાં આવી હતી. એક રશિયન ટીવી ચેનલ સાથે વાત કરતા પુતિને કહ્યું - હું ટ્રમ્પ સાથે સંમત છું કે જો 2020માં તેમની જીત થઈ હોત, તો 2022માં યુક્રેન સંકટ કદાચ આવ્યું ન હોત. જ્યાં સુધી વાતચીતનો સવાલ છે - અમે હંમેશા કહ્યું છે, અને હું ફરી એકવાર ભારપુર્વક કહેવા માંગુ છું કે યુક્રેનના મુદ્દા પર વાતચીત માટે તૈયાર છું. અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ઘણી વખત દાવો કરી ચૂક્યા છે કે જો બાઈડનની જગ્યાએ તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ હોત તો યુક્રેન યુદ્ધ શરૂ ન થયું હોત. 20 જાન્યુઆરીએ શપથ ગ્રહણ વખતે પણ તેમણે ફરી આ વાત જણાવી હતી. 20 જાન્યુઆરીએ શપથ ગ્રહણ વખતે પણ તેમણે ફરી આ વાત જણાવી હતી. આ સમયે માત્ર ગોળીઓ ચલાવવામાં આવી રહી છે અને લોકોને મારવામાં આવી રહ્યા છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં 10 લાખથી વધુ લોકો માર્યા ગયા છે અને દર અઠવાડિયે હજારો લોકો જીવ ગુમાવી રહ્યા છે.



**ટ્રમ્પે કહ્યું- OPECએ દેશમાંથી તેલની કિંમતો ઘટાડવી જોઈએ :** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ (OPEC)ને તેલની કિંમતો ઘટાડવા માટે કહ્યું છે. ટ્રમ્પનું માનવું છે કે આનાથી રશિયા-યુક્રેન યુદ્ધને રોકી શકાય છે. સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક સમિટમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા બોલતા ટ્રમ્પે ત્રણ વર્ષ સુધી ચાલેલા યુક્રેન યુદ્ધ માટે OPEC+ દેશોના ગઠબંધનને જવાબદાર ગણાવ્યું હતું.

**ટ્રમ્પે કહ્યું- આ મૂર્ખતાભર્યું યુદ્ધ ખતમ કરો :** ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે ડીલ કરવી જોઈએ. તેમણે પુતિનને ચેતવણી આપી હતી કે, જો તેઓ યુક્રેનમાં 'મૂર્ખતાભર્યુ યુદ્ધ' સમાપ્ત નહીં કરે, તો તેમને હાઈ ટેરિફ અને વધારાના પ્રતિબંધોનો સામનો કરવો પડશે. ટ્રમ્પ ટૂંક સમયમાં પુતિન સાથે મુલાકાત કરી શકે છે. ટ્રમ્પે 20 જાન્યુઆરીએ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ પદના શપથ લીધા હતા.

**ટ્રમ્પ સાથે જોડાયેલા આ સમાચાર પણ વાંચો... :** ટ્રમ્પની યુદ્ધ રોકવાની ધમકી પર રશિયાએ કહ્યું: આમાં કંઈ નવું નથી, પહેલેથી જ પ્રતિબંધ લગાવાયા છે, યુક્રેનને શાંતિ માટે સમજાવો ટેરિફ લાદવાની ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીનો રશિયાએ જવાબ આપ્યો છે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, ક્રેમલિન (પ્રેસિડેન્ટ ઓફિસ)એ કહ્યું કે રશિયા પર પ્રતિબંધો અને ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકીમાં કંઈ નવું નથી.

# હમાસ ચાર ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે

### નામ જાહેર કર્યા 5 દિવસ પહેલા 3 બંધકોને છોડવામાં આવ્યા હતા ઈઝરાયલે 90 પેલેસ્ટાઈન કેદીઓને પણ મુક્ત કર્યા

(એજન્સી) તેલ અવીવ/રામલ્લાહ તા 25

હમાસ આજે ચાર ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે. તમામના નામ જાહેર કરવામાં આવ્યા છે. જે બંધકોને મુક્ત કરવામાં આવશે તે તમામ મહિલાઓ છે. તેમના નામ છે કેરિના એરીવ, નામા લેવિસ, લીરી અલાબાગ અને ડેનિએલા ગિલબોઆ છે. તેના બદલામાં ઈઝરાયલ લગભગ 50 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. આ પહેલા રવિવારે યુદ્ધવિરામના પહેલા દિવસે ઈઝરાયલે 90 પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત કર્યા હતા. તેમજ, હમાસે ઈઝરાયલની 3 મહિલા બંધકોને મુક્ત કરી હતી. તેમના નામ રોમી ગોનેન, એમિલી ડામરી અને ડોરોન સ્ટીનબ્રેચર હતા. આ દરમિયાન, ગાઝામાં બંધક બનેલા લોકોના સંબંધીઓએ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને બાકીના તમામ બંધકોને મુક્ત કરવા અપીલ કરી છે. યુદ્ધવિરામ ડીલ 3 તબક્કામાં પૂર્ણ થશે. પ્રથમ તબક્કામાં હમાસ ઈઝરાયલમાંથી અપહરણ કરાયેલા 33 બંધકોને મુક્ત કરશે. તેમજ ઈઝરાયલની સેના ગાઝા બોર્ડરથી 700 મીટર દૂર પાછળ હટશે. ઈઝરાયલના ન્યાય મંત્રાલયે 95 પેલેસ્ટિનિયન કેદીઓની યાદી પણ જાહેર કરી છે જેમને પ્રથમ તબક્કામાં મુક્ત કરવામાં આવશે. જેમાં 69 મહિલાઓ, 16 પુરૂષો અને 10 સગીરોનો સમાવેશ થાય છે.

ઈઝરાયલ 700થી વધુ પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત કરશે. તેમના નામની યાદી પણ જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં સામેલ ઘણા લોકો હમાસ અને પેલેસ્ટિનિયન ઈસ્લામિક જેહાદના સભ્યો સહિત હત્યાના આરોપમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. હમાસ 7 ઓક્ટોબર, 2023ના રોજ ઈઝરાયલમાં ઘુસીને 1200 લોકોની હત્યા કરી અને 251 લોકોને બંધક બનાવ્યા હતા. તેના થોડા કલાકો બાદ ઈઝરાયલની



સેનાએ ગાઝા પર હુમલો કર્યો હતો. યુદ્ધવિરામ ડીલ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે 15 જાન્યુઆરીએ જો બાઈડને કહ્યું કે આ ડીલ 19 જાન્યુઆરી એટલે કે રવિવારથી ત્રણ તબક્કામાં શરૂ થશે. આમાં 42 દિવસ સુધી બંધકોની આપ-લે કરવામાં આવશે. ગાઝામાં 19 જાન્યુઆરીથી 1 માર્ચ સુધી સંપૂર્ણ યુદ્ધવિરામ રહેશે. હમાસ ઈઝરાયલના 33 બંધકોને મુક્ત કરશે. ઈઝરાયલ તેના એક બંધકના બદલામાં દરરોજ 33 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. દરેક ઈઝરાયલ મહિલા સૈનિક માટે, 50 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવામાં આવશે.કતારની રાજધાની દોહામાં છેલ્લા ઘણા અઠવાડિયાથી યુદ્ધવિરામ માટેની વાટાઘાટો ચાલી રહી હતી. આ વાતચીતમાં ઈજિપ્ત અને અમેરિકા પણ સામેલ હતા. અલ જઝીરાના અહેવાલ મુજબ, કતારના પીએમ શેખ મોહમ્મદે બુધવારે હમાસ અને ઈઝરાયલના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી, ત્યારબાદ આ ડીલ પૂર્ણ થઈ.

# ઈઓવિન તોફાનથી સ્કોટલેન્ડ અને આયર્લેન્ડમાં તબાહી

(એજન્સી) ડબલિન તા 25

આયર્લેન્ડ અને સ્કોટલેન્ડના 28 શ હેરોમાં 'ઈઓવિન' તોફાન તબાહી મચાવી રહ્યું છે. આ દરમિયાન ઘણી જગ્યાએ 190 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. હવામાન વિભાગે તોફાનને લઈને સૌથી ખતરનાક 'રેડ એલર્ટ' જારી કર્યું છે અને લોકોને પોતાના ઘરમાં રહેવાની અપીલ કરી છે.



હવામાન વિભાગે 2011 પછી પહેલીવાર રેડ એલર્ટ જાહેર કર્યું છે. વાવાઝોડાને કારણે દેશભરમાં ટ્રેન અને ટ્રાફિક સેવા બંધ કરી દેવામાં આવી છે. આ સિવાય હવાઈ સેવાને પણ અસર થઈ છે. ખતરાને જોતા શાળા-કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે.

બીબીસીના જણાવ્યા અનુસાર તોફાનથી આયર્લેન્ડ સૌથી વધુ પ્રભાવિત થયું છે. અહીંના 7.25 લાખ ઘરો અને દુકાનોમાં વીજળી નથી. જ્યારે, ઉત્તરી આયરલેન્ડમાં 2.80 લાખ, સ્કોટલેન્ડમાં 1 લાખ અને વેલ્સમાં 5 હજાર ઘરોમાં વીજળી નથી.

વેલ્સમાં આવેલા વાવાઝોડાને કારણે દરિયાના મોજાં ખૂબ જ ઉછળ્યા હતા. વેલ્સમાં આવેલા વાવાઝોડાને કારણે દરિયાના મોજાં ખૂબ જ ઉછળ્યા હતા. સ્કોટલેન્ડમાં આવેલા તોફાનના કારણે દરિયાના પાણી રસ્તાને સ્પર્શવા લાગ્યા હતા. સ્કોટલેન્ડમાં આવેલા તોફાનના કારણે દરિયાના પાણી રસ્તાને સ્પર્શવા લાગ્યા હતા.

સ્કોટલેન્ડમાં ભારે વરસાદની ચેતવણી પણ આપવામાં આવી છે.

સ્કોટલેન્ડમાં ભારે વરસાદની ચેતવણી પણ આપવામાં આવી છે.

ઈંગ્લેન્ડના નોર્થ ઈસ્ટ ગઈ. ઈંગ્લેન્ડના નોર્થ ઈસ્ટ વિસ્તારમાં તોફાનના કારણે એક ડબલિનમાં તોફાનના કારણે એક ઝાડ રસ્તા પર પડી ગયું. આયર્લેન્ડની રાજધાની ડબલિનમાં તોફાનના કારણે એક ઝાડ રસ્તા પર પડી ગયું.

### ટ્રમ્પે 538 ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરી; લશ્કરી વિમાન દ્વારા દેશનિકાલ કરાયા

# ગલ્ફ ઓફ મેક્સિકો'નું નામ હવે 'ગલ્ફ ઓફ અમેરિકા' થયું

(એજન્સી) વોશિંગ્ટન તા 25

વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ X પર આ ફોટો શેર કર્યો છે. આમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. - Divya Bhaskar

વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ X પર આ ફોટો શેર કર્યો છે. આમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાવાર રીતે મેક્સિકોના અખાત(ગલ્ફ ઓફ મેક્સિકો)નું નામ બદલીને અમેરિકાના અખાત(ગલ્ફ ઓફ અમેરિકા) રાખ્યું છે. આ સિવાય અલાસ્કામાં સ્થિત માઉન્ટ ડેનાલીનું નામ પણ બદલીને માઉન્ટ મેકકેનલી કરવામાં આવ્યું છે. તેમના નામ બદલવાની જાહેરાત અગાઉ ટ્રમ્પ દ્વારા તેમના ચૂંટણી વચનમાં કરવામાં આવી હતી. આ સિવાય ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી અમેરિકામાં રાષ્ટ્રપતિ બન્યા છે ત્યારથી વહીવટીતંત્રે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર કડક કાર્યવાહી શરૂ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પે શપથ લીધા બાદ પહેલા જ દિવસમાં 538 ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવામાં આવી છે. વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે અત્યારસુધીમાં 538 ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે 373ની અટકાયત કરવામાં આવી છે અને કેમ્પમાં મોકલવામાં આવ્યા છે. તેઓ બધા ગુનેગાર છે. તેમના પર બળાત્કાર, હત્યા અને અપહરણનો આરોપ છે. ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર ઈતિહાસનું સૌથી મોટું દેશનિકાલ ઓપરેશન ચલાવી રહ્યું છે. ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે અને લશ્કરી વિમાન દ્વારા દેશનિકાલ કરવામાં આવ્યા છે, જોકે તેમને ક્યાં મોકલવામાં આવ્યા છે એની માહિતી આપવામાં આવી નથી. ગેરકાયદે ઘૂસણખોરીને રોકવા મેક્સિકો બોર્ડર પર સૈનિકો તહેનાત ગેરકાયદે ઘૂસણખોરીને રોકવા માટે અમેરિકાએ મેક્સિકો સાથેની દક્ષિણ સરહદ પર 1500 સૈનિકો તહેનાત કર્યા છે. એમાં 500 મરીન કોર્પ્સની સાથે 1000 સૈનિક સામેલ છે. વ્હાઈટ હાઉસે ટ્વિટર પર એનો એક વીડિયો પણ શેર કર્યો છે, જેમાં અમેરિકન ટેન્ક, હેલિકોપ્ટર અને સેનાના જવાનો સરહદ પર પહોંચતા જોઈ શકાય છે.પ્રેસ સેક્રેટરીએ કહ્યું હતું કે ટ્રમ્પે ચૂંટણી પહેલાં જે વચનો આપ્યાં હતાં એ હવે પૂરાં થઈ રહ્યાં છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ દેશની સરહદોની સુરક્ષા માટે દરેક સંભવિત રીતે તેમની કાર્યકારી સત્તાનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ વિશ્વને સ્પષ્ટ સંદેશો મોકલી રહ્યા છે કે જો તમે ગેરકાયદે દેશમાં પ્રવેશવા અને અમેરિકન કાયદાઓ તોડવાનું વિચારશો તો તમારે પરિણામ ભોગવવાં પડશે.ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને લઈને ખૂબ જ કડક છે. તેમણે શપથગ્રહણ સમારોહમાં એમ પણ કહ્યું હતું કે તેઓ એકપણ ગુનેગારને તેમના દેશમાં પ્રવેશવા દેવા માગતા નથી. 20 જાન્યુઆરીએ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યાના થોડા કલાકો પછી યુએસ સેનેટમાં ગેરકાયદે ઈમિગ્રેશન પર એક બિલ પસાર કરવામાં આવ્યું હતું.

# ભારે કરી, સિગરેટની આદત છોડાવવા પત્નીનો ગજબનો જુગાડ, પતિનુ માથુ કર્યું લોક

(એજન્સી) તુર્કી તા 25

આજે સમગ્ર વિશ્વ નશાની લતથી પરેશાન છે. ભારતની વાત કરીએ તો પંજાબનું નામ સૌથી પહેલા આવે છે. વ્યસન મુક્તિ માટે સરકારે વ્યસન મુક્તિ કેન્દ્રો પણ ખોલ્યા છે. સાથે જ વ્યસન અને ધૂમ્રપાનથી પીડિત વ્યક્તિ સમાજ માટે ઝેર ગણાય છે. માદક દ્રવ્યોના વ્યસનથી ઘણા ઘરો અને કુટુંબોનો નાશ થયો છે. માત્ર પીડિત જ નહીં પરંતુ તેના પરિવારના સભ્યો પણ વ્યસનમાંથી મુક્તિ મેળવવા માટે ઘણો સંઘર્ષ કરે છે. તુર્કીના ઈબ્રાહિમ યૂસેલ હેલ્મેટ જેવું જ તેના માથા પર મેટલ મેશ કેજ પહેર્યું હતું ધૂમ્રપાન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, છતાં લોકો તેને છોડતા નથી. 11 વર્ષ પહેલા, એક વ્યક્તિએ ધૂમ્રપાનની લતમાંથી મુક્તિ મેળવવા માટે પોતાની સાથે એક મોટો પ્રયોગ કર્યો હતો. કહેવાય છે કે કંઈ પણ કરવા માટે હિંમત અને ઈચ્છા શક્તિ હોવી જોઈએ. આ વ્યક્તિએ કંઈક આવું જ કર્યું હતું. ઈબ્રાહિમનું આ પગલું તે સમયે તુર્કિયે સહિત વિશ્વભરના મીડિયામાં ચર્ચાનો વિષય બન્યું હતું. તુર્કીના ઈબ્રાહિમ યૂસેલ હેલ્મેટ જેવું જ તેના માથા પર મેટલ મેશ કેજ પહેર્યું હતું, જે તેને સિગારેટ પીતા અટકાવતો હતો. આ પાંજરાની ચાવી માત્ર તેની પત્ની પાસે હતી. તેની પત્ની ભોજન સમયે આ પાંજરું ખોલતી હતી. ઈબ્રાહિમ છેલ્લા 26 વર્ષથી દરરોજ સિગારેટના બે પેકેટ પીતો હતો. તેણે ઘણી વખત ધૂમ્રપાન છોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ દરેક વખતે નિષ્ફળ ગયો. તે દર વર્ષે તેના ત્રણ બાળકોના જન્મદિવસ અને લગ્નની વર્ષગાંઠ પર તેના પરિવારને ધૂમ્રપાન છોડવાનું વચન આપતો હતો, પરંતુ થોડા દિવસો પછી તેણે ફરીથી ધૂમ્રપાન કરવાનું શરૂ કરી દીધુ હતુ. એ સ્પષ્ટ નથી થયું કે તેણે ધૂમ્રપાન સંપૂર્ણપણે છોડી દીધું હતું કે નહીં ઈબ્રાહિમનું આ પગલું તે સમયે તુર્કિયે સહિત વિશ્વભરના મીડિયામાં ચર્ચાનો વિષય બન્યું હતું. તેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં તેની પત્ની તેના માથા પર પાંજરું મૂકતી જોવા મળી હતી. જોકે, એ સ્પષ્ટ નથી થયું કે તેણે મિલિયન લોકો ધૂમ્રપાનને કારણે મૃત્યુ પામે છે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડેટા અનુસાર, દર વર્ષે વિશ્વભરમાં 8 મિલિયન લોકો ધૂમ્રપાનને કારણે મૃત્યુ પામે છે.

# અમેરિકામાંથી ડિપોર્ટ થતાં લોકોને હવે મેક્સિકો 9 કેમ્પમાં આશરો આપી આર્થિક મદદ પણ કરશે

(એજન્સી) ન્યૂયોર્ક/ મેક્સિકો સિટી તા 25

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગેરકાયદે ઈમિગ્રન્ટસ વિરુદ્ધ અભિયાનની સૌથી વધુ ચિંતા મેક્સિકોમાં છે. જ્યાંની સરકારે અમેરિકામાંથી દેશનિકાલ કરાયેલા પોતાના નાગરિકોને સુરક્ષિત પરત લાવવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શિનબામે ડોનાલ્ડ ટ્રમ્પના પગલાને એકતરફી ગણાવ્યું છે. તેમજ કહ્યું કે મેક્સિકોએ તૈયાર રહેવું પડશે કેમ કે ગેરકાયદે પ્રવાસીઓની સૌથી વધુ સંખ્યા મેક્સિકોની છે.

ટ્રમ્પના કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કરવાની સાથે જ મેક્સિકોની સરકારે 'મેક્સિકો એમ્બ્રેસ યુ' નામના અભિયાનની જાહેરાત કરી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ અમેરિકામાંથી દેશનિકાલ કરાયેલા મેક્સિકન નાગરિકોને પરત લાવવાનો છે. જે અંતર્ગત મેક્સિકોએ અમેરિકાની બોર્ડર પર 9 રિસેપ્શન સેન્ટર પણ ખોલ્યા છે. એટલું જ નહીં સરકાર પાસે દેશનિકાલ કરાયેલા લોકોને તેમના ગૃહ રાજ્ય સુધી પહોંચાડવા માટે 100 બસોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ ઘર સુધી પહોંચવા માટે રૂ. 9 હજાર રૂપિયાનું કેશ કાર્ડ મળશે. મેક્સિકોના મંત્રી રોસા ઈસેલા રોડ્રિગેઝે કહ્યું કે અમે નાગરિકોના સ્વાગત માટે તૈયાર છીએ. તેમજ અમે મેક્સિક કંપનીઓ સાથે તેમના રોજગારી માટે પણ ચર્ચા કરી રહ્યા છીએ. કેનેડામાં પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પના શપથગ્રહણ બાદ અમેરિકામાં કેનાડાથી આવતા લોકોની સંખ્યા મોટા પ્રમાણમાં વધી ગઈ છે. `ક્સિકો એમ્બ્રેસ યુ: સ્ટેડિયમોમાં પ્રવાસી કેમ્પ બનાવવામાં આવી રહ્યા છે ક્સિકો ઈમરજન્સીની જેમ કામ કરી રહ્યું છે. રાષ્ટ્રપતિ શિનબામે સંકેત આપ્યો છે કે તેઓ વિદેશી નાગરિકોને અસ્થાયી રીતે સ્વીકાર કરી શકે છે. સ્ટેડિયમમાં ટેન્ટ બનાવવામાં આવી રહ્યા છે. પાર્કિંગ સ્થળ અને રસોઈની જવાબદારી સુરક્ષાદળોની રહેશે. દેશની રેફ્યુજી કેમ્પની ક્ષમતાને 1300થી વધારીને 3 હજાર કરવામાં આવી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પના શપથ સમારોહમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ ભલે હસતા ચહેરમાં જોવા મળી હોય. પરંતુ એક મીડિયા રિપોર્ટમાં દાવો કર્યો છે કે દંપતીના એકદમ નજીકના લોકોનું માનવું છે કે બંને વચ્ચે બધુ ઠીક ચાલી રહ્યું નથી. આ ઉપરાંત 9 જાન્યુઆરીએ પણ દંપતી પૂર્વ રાષ્ટ્રપતિ કાર્ટરના અંતિમ સંસ્કારમાં સામેલ થયા હતા ત્યારે પણ આ જોવા મળ્યું હતું.

### AAP ના નવા પોસ્ટરથી રાજકીય ઘમસાણ : દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં રાજકીય સમીકરણ બદલાઈ રહ્યા

# કેજરીવાલ પોતે 'ઈમાનદાર' અને રાહુલ ગાંધી 'બેઈમાન',

(એજન્સી) નવી દિલ્હી I તા. 25

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ચૂક્યું છે અને હવે સત્તારુઢ આમ આદમી પાર્ટીએ અચાનક કોંગ્રેસ પર પ્રહાર કરવાનું શરૂ કરી દીધું છે જેના કારણે હવે રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. શનિવારે સવારે આમ આદમી પાર્ટીએ એક પોસ્ટર રિલીઝ કર્યું છે જેમાં લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીને 'બેઈમાન'ની લિસ્ટમાં સામેલ કરી દીધા છે. પોસ્ટરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ બાદ ત્રીજા નંબર પર રાહુલ ગાંધીની તસવીર છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ પોસ્ટર AAPની સુનિયોજિત વ્યૂહરચનાનો જ એક હિસ્સો છે. આ પોસ્ટરમાં કેજરીવાલને 'ઈમાનદાર' અને રાહુલ ગાંધીને 'બેઈમાન' ગણાવ્યા છે. પોસ્ટરમાં લખ્યું છે કે- 'કેજરીવાલની ઈમાનદારી બધા બેઈમાનો પર ભારી પડશે.' દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં રોજ રાજકીય સમીકરણ બદલાઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીને માત્ર ભાજપ જ નહીં પરંતુ કોંગ્રેસના ઉમેદવારોથી પણ કાંટાની ટક્કર મળી રહી છે. ત્યારે હવે આમ આદમી પાર્ટીને ડર છે કે, દિલ્હીમાં બદલાતા સમીકરણના કારણે મુસ્લિમ લઘુમતી અને દલિત વોટર રાહુલ ગાંધીના કહેવાથી પોતાના પક્ષમાંથી છટકી ન જાય.



### કોંગ્રેસના મોટા નેતાઓ સતત અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધી રહ્યા

હમણાં થોડા મહિના પહેલા સુધી ગઠબંધનનો હિસ્સો રહેલી બંને પાર્ટીઓ વચ્ચે આખરે દિલ્હીમાં ચાલી રહેલા આ યુદ્ધનો શું મતલબ છે? તો કોંગ્રેસને ખબર જ છે કે, જ્યાં સુધી તેઓ આમ આદમી પાર્ટીના વોટમાં ગાબડું નહીં પાડશે ત્યાં સુધી દિલ્હીમાં તેમની વાપસીનો રસ્તો માત્ર મુશ્કેલ જ નહીં પરંતુ અસંભવ છે. તેથી કોંગ્રેસના મોટા નેતાઓ સતત પ્રેસ કોન્ફરન્સ કરીને અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધી રહ્યા છે. દિલ્હીમાં પહેલા કામ કરી ચૂકેલી કેજરીવાલ સરકારના કાર્યકાળની સીએજી રિપોર્ટ સામે લાવવામાં આવી રહી છે, જેમાં કોંગ્રેસનો દાવો છે કે, કથિત રીતે ભ્રષ્ટાચારના કેસમાં અરવિંદ કેજરીવાલ સામેલ છે. નવી દિલ્હી વિધાનસભા બેઠક પર અરવિંદ કેજરીવાલનો સીધો મુકાબલો પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિત સાથે છે. તેથી રાહુલ ગાંધી ઉપરાંત અજય માકન અને સંદીપ દીક્ષિતને પણ આ પોસ્ટરમાં સામેલ કરવામાં આવ્યા છે. આ સાથે જ સ્વસ્થ થયા બાદ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી દિલ્હીમાં એક પછી એક અનેક રેલીઓ કરવાના છે, જેમાં તેમનો મુખ્ય ટાર્ગેટ કેજરીવાલ હશે.

### પોસ્ટર વોરથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને દૂર રાખ્યા

AAPનું માનવું છે કે, જો રાહુલ ગાંધીને ભાજપના નેતાઓ સાથે ન ઊભા રાખ્યા તો તેઓ એક મોટા વોટ બેન્કને આમ આદમી પાર્ટીમાંથી પોતાના તરફ ખેંચી શકે છે. જોકે, આમ આદમી પાર્ટીએ પોતાના આ પોસ્ટર વોરથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને દૂર રાખ્યા છે.

### અરવિંદ કેજરીવાલ સામે આ મોટો પડકાર

વર્ષ 2012માં નવી પાર્ટી બનાવ્યા બાદ અરવિંદ કેજરીવાલે પહેલી વાર 2013ની વિધાનસભા ચૂંટણીમાં દિલ્હીમાં ઉતર્યા હતા. ત્યારે કેજરીવાલ અને તેમની પાર્ટીનું ફોકસ ભ્રષ્ટાચાર વિરોધી મુદ્દાઓ પર હતું. લોકોએ તેમની પાર્ટી અને તેમના એજન્ડાનું સ્વાગત કર્યું અને 2013માં તેમને ઘણી બેઠકો પર જીત અપાવી. ત્યારે પણ અરવિંદ કેજરીવાલ ભાજપ અને કોંગ્રેસના નેતાઓ પર સીધા પ્રહારો કરતા હતા અને તેમને ભ્રષ્ટચારી જાહેર કરી દેતા હતા. પરંતુ આ વખતે સમીકરણો બદલાઈ ગયા છે, કારણ કે અરવિંદ કેજરીવાલ સામે જ ભ્રષ્ટાચારના ઘણા કેસ ચાલી રહ્યા છે. તેથી અરવિંદ કેજરીવાલ સામે પડકાર એ છે કે તેઓ માત્ર પોતાને જ 'ઈમાનદાર' વ્યક્તિ સાબિત કરે અને અન્ય પાર્ટીના નેતાઓને 'બેઈમાન' જાહેર કરે.

---

### અમેરિકાને ભારતની ચોખ્ખી વાત

## 'પહેલા પુરાવા આપો પછી જ ગેરકાયદે પ્રવાસીઓને પાછા લઈશું..'

(એજન્સી) નવી દિલ્હી I તા. 25

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલને અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને દેશનિકાલ કરવા અંગે જણાવ્યું હતુ કે, 'અમે એવા ભારતીય નાગરિકોને પાછા લાવીશું જેઓ નિર્ધારિત સમયગાળા કરતાં વધુ સમય માટે અને યોગ્ય દસ્તાવેજો વિના અમેરિકા સહિત ક્યાંય પણ રહી રહ્યા છે. પરંતુ શરત એ છે કે તેમની રાષ્ટ્રીયતા ચકાસતા જરૂરી દસ્તાવેજો અમારી સાથે શેર કરવા જોઈએ. રણધીર જયસ્વાલે જણવ્યું હતું કે, 'ભારત-અમેરિકા સંબંધો ખૂબ જ મજબૂત છે. બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો ખૂબ જ ખાસ છે. અમે વેપાર સંબંધિત કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા માટે અમેરિકા અને ભારત વચ્ચે પદ્ધતિઓ સ્થાપિત કરી છે. અમારો અભિગમ હંમેશા આ રહ્યો છે. બંને દેશોના હિતોને ધ્યાનમાં રાખીને રચનાત્મક રીતે મુદ્દાઓનું નિરાકરણ લાવવાનો ઉદ્દેશ્ય છે. અમે અમેરિકી વહીવટીતંત્ર સાથે સંપર્કમાં છીએ.'યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા ભારતમાંથી લગભગ 18,000 ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ઓળખ કરવામાં આવી હોવાના અહેવાલો અંગે રણધીર જયસ્વાલે જણવ્યું હતું કે, 'ભારત ગેરકાયદે ઈમિગ્રેશનનો વિરોધ કરે છે કારણ કે તેનાથી થતા વિવિધ પ્રકારના સંગઠિત ગુનાઓ. અમે તેમને પાછા લઈશું જો દસ્તાવેજો અમારી સાથે શેર કરવામાં આવે જેથી અમે તેમની રાષ્ટ્રીયતા અને તેઓ ખરેખર ભારતીય છે તેની ચકાસણી કરી શકીએ.

---

### વિશ્વના સૌથી ઊંચા ચિનાબ પુલ પરથી પસાર થઈ, ટૂંક સમયમાં સેવા શરુ

# કાશ્મીરમાં પ્રથમ વંદે ભારત ટ્રેનનું ટ્રાયલ પૂર્ણ

(એજન્સી) જમ્મુ-કાશ્મીર I તા. 25

જમ્મુ-કાશ્મીર માટે વંદે ભારત એક્સપ્રેસની રાહ હવે લગભગ પૂરી થઈ ગઈ છે. આ ટ્રેનની ટ્રાયલ પૂર્ણ થઈ ગઈ છે અને તે વિશ્વના સૌથી ઊંચા પુલ પરથી પસાર થવામાં સફળ રહી છે. આ ટ્રેનને ખાસ કરીને આ પ્રદેશની ઠંડીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. તેના કાચ પર બરફ જામશે નહીં અને તે -30 ડિગ્રી સેલ્સિયસમાં પણ સરળતાથી ચાલશે.વંદે ભારત ટ્રેન જમ્મુ અને કાશ્મીરના રિયાસીમાં વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ ચિનાબ બ્રિજ પરથી પસાર થઈ. અહીં વંદે ભારત ટ્રેનની ટ્રાયલ પૂર્ણ થઈ ગઈ છે. આ પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પર સ્થિત છે. ગયા અઠવાડિયે, તેનું ટ્રાયલ રન ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પર સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.આ ટ્રાયલ રન કટરા-બડગામ રેલવે ટ્રેક પર કરવામાં આવ્યો હતો. આ ટ્રેનમાં કુલ 18 કોચ છે. જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં રેલ્વેની કનેક્ટિવિટી સુધારવા માટે, ઘણી રેલ્વે લાઈન નાખવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજ એટલે કે ચિનાબ બ્રિજ પર ટ્રેન ચલાવવી એ રેલવે બોર્ડ માટે એક સફળતા છે.



### કાશ્મીર ખીણ માટે વિશેષ વંદે ભારત ટ્રેન

આ વંદે ભારત ટ્રેનને 'કાશ્મીર સ્પેશિયલ' બનાવવામાં આવી છે. વંદે ભારત ટ્રેન બનાવતા પહેલા રેલવે દ્વારા કાશ્મીર ખીણના હવામાનને ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. આ વંદે ભારત ટ્રેન યાત્રીઓ માટે ખૂબ જ વાજબી હશે અને મુસાફરીને પણ સરળ બનાવશે.કટરાથી બનિહાલનું અંતર 90 મિનિટમાં હવે વંદે ભારત ટ્રેન દ્વારા કાપી શકાશે. ગણતંત્ર દિવસ પર કાશ્મીર ઘાટીને આ ભેટ આપવામાં આવશે. આ ટ્રેનમાં મુસાફરી કરનારા લોકો કાશ્મીરનું સ્વર્ગ જોઈ શકશે. આ ટ્રેન ઊંચા પર્વતો પરથી 160 કિમી પ્રતિ કલાકની ઝડપે પસાર થશે. ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રૂટ પર આ ટ્રેન સેવા શરૂ થવાથી મુસાફરોને ઘણી સુવિધા મળશે.

### માઈનસ તાપમાનમાં પણ ઝડપથી દોડશે વંદે ભારત

કાશ્મીર ખીણમાં, આ ટ્રેન -30 ડિગ્રી તાપમાનમાં પણ મુસાફરોને ડેસ્ટીનેશન સુધી પહોંચાડશે. આ ટ્રેનને ઝડપથી દોડાવવા માટે તેમાં એરપ્લેનની કેટલીક ખાસિયતો પણ ઉમેરવામાં આવી છે. ખાસ રીતે તૈયાર કરવામાં આવેલી આ ટ્રેનના કાચ પર ક્યારેય બરફ જામશે નહીં, જેના કારણે વિઝિબિલિટીમાં કોઈ પણ પ્રકારની સમસ્યા નહીં થાય.

---

### કર્ણાટકની બેંકમાંથી રૂ. 2.34 કરોડની ડિજિટલ લૂંટ

વિજયનગર : કર્ણાટકના વિજયનગર જિલ્લામાં એક મોટી ડિજિટલ લૂંટનો કેસ સામે આવ્યો છે. આ લૂંટ બેંકમાં કરવામાં આવી છે. હેકરોએ પ્રતિષ્ઠિત બલ્લારી જિલ્લા સહકારી કેન્દ્રીય (બીડીસીસી) બેંકમાંથી ૨.૩૪ કરોડ રૂપિયા ચોરી લીધા છે. આ બેંક વિજયનગર અને બલ્લારી જિલ્લાઓમાં સંચાલિત થાય છે. ફિલ્મી સ્ટાઈલે કરવામાં આવેલી આ લૂંટમાં બેંકના આરટીજીએસ/એનઈએફટી ટ્રાન્ઝેકશન સિસ્ટમને નિશાન બનાવી હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ બીડીસીસી બેંકથી આઈડીબીઆઈ બેંકમાં ફંડના રેગ્યુલેશન ટ્રાન્સફર દરમિયાન, હેકર્સ લેવડદેવડ માટે ઉત્પન્ન એક્સએમએલ ફાઈલોમાં એકાઉન્ટ નંબર અને આઈએફએસસી કોડને બદલવામાં સફળ રહ્યાં હતાં.

---

### બંનેએ પોતાના પરિવારજનોની હાજરીમાં ધામધૂમથી 7 ફેરા લીધા

# પ્રેમી સાથે લગ્ન કરવા 'ગોરી મેમ' અમેરિકા છોડી બિહાર પહોંચી, ગામમાં સર્જાયું કૂતુહલ

(એજન્સી) નવી દિલ્હી I તા. 25

એક અનોખી પ્રેમ કહાણી ચર્ચામાં છે. જેમાં એક અમેરિકન યુવતી ભારતીય યુવકના પ્રેમમાં પોતાનો દેશ છોડીને તેની સાથે લગ્ન કરવા માટે ભારત આવી ગઈ છે. યુવક બિહારનો રહેવાસી છે અને બંનેએ ગત 20 જાન્યુઆરીએ હિન્દુ રીતિ રિવાજ સાથે બિહારમાં જ લગ્ન કરી લીધા. આ લગ્નમાં યુવતીના પરિવારજન અને મહેમાન પણ સામેલ થયા અને લગ્નના સાક્ષી બન્યા. હવે આ લગ્નની ચર્ચા સમગ્ર બિહારમાં થઈ રહી છે અને લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

લગ્ન બિહારના સારણ જિલ્લાના દાઉદપુર વિસ્તારના ચંદઉપુર ગામમાં થયા. વરનું નામ આનંદ કુમાર સિંહ અને કન્યાનું નામ સફાયર સેંગર છે. બંને અમેરિકામાં મળ્યા હતા. આનંદ કુમાર જે હોટલમાં શેફ હતા. સફાયર ત્યાંની મેનેજર હતી. આનંદે જણાવ્યું કે સાથે કામ કરતાં બંનેની મિત્રતા થઈ અને આ મિત્રતા આગળ વધી, જેને તેમણે પ્રેમનું નામ આપ્યું.બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો અને પોતાના પરિવારજનો સાથે વાત કરી. પરિવારજનો પણ લગ્ન માટે માની ગયા અને સફાયર પોતાના પરિવાર સાથે ઈન્ડિયા આવી ગઈ. ગામમાં જ બંનેએ પોતાના પરિવારજનોની હાજરીમાં ધામધૂમથી 7 ફેરા લીધા. લગ્નમાં સમગ્ર ગામ, સગાં-વ્હાલા અને મિત્રો સામેલ થયા. લગ્ન સંપૂર્ણ હિંદુ રીતિ રિવાજ સાથે થયા. આનંદે જણાવ્યું કે અમારા લગ્નને સમગ્ર ગામનું સમર્થન મળ્યું. સગા-વ્હાલા પણ ખૂબ ખુશ છે.

### આનંદે સફાયરને હિન્દી ભાષા શીખવાડી

આનંદ કુમારે જણાવ્યું કે સફાયર સેંગરની સાથે હું 6 વર્ષથી રિલેશનમાં છું. હું 10 વર્ષથી અમેરિકામાં છું. મે હોટલ મેનેજમેન્ટ કર્યું હતું અને 10 વર્ષ પહેલા અમેરિકા ગયો હતો, ત્યાં પહેલા મે શેફની નોકરી કરી, જ્યાં મને સફાયર મળી. આજે ત્યાં અમારી પોતાની રેસ્ટોરન્ટ છે અને તેને અમે બંનેએ મળીને શરૂ કરી છે. સફાયરને થોડી હિન્દી પણ આવડે છે. જે મે જ તેને 6 વર્ષમાં શીખવાડી છે.

---

### મહાકુંભમાં ફરી લાગી આગ...

# પાર્કિંગમાં 2 ગાડીઓ ભડભડ સળગી ઉઠી, મોટી દુર્ઘટના ટળી

(એજન્સી) પ્રયાગરાજ I તા. 25

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભના મેળામાં શનિવારે વહેલી સવારે 7 વાગે ફરીથી આગ લાગવાની ઘટના બની છે. મેળામાં સેક્ટર 2 પાસે પાર્ક કરેલી કારમાં આગ લાગી હતી. જોકે ફાયર બ્રિગેડ વિભાગે તાત્કાલિક આગ પર કાબૂ મેળવી લીધો છે, જોકે સદનસીબે મોટો અકસ્માત થતાં બચી ગયો હતો. એક ગાડી સંપૂર્ણપણે બળીને ખાખ થઇ ગઇ છે, જ્યારે બીજી ગાડી અડધી બળી ગઇ છે. પ્રાપ્ત માહિતી અનુસાર મહાકુંભ નગરમાં શનિવારે ફરી એકવાર મોટી દુર્ઘટના ટળી છે. પાર્કિંગમાં ઉભેલી ગાડીને આગ લાગી હોવાની જાણકારી વહીવટી તંત્રને આપવામાં આવી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ દુર્ઘટનામાં કોઇ મોટું નુકસાન થયું નથી. આ દુર્ઘટના વિશે ફાયર બ્રિગેડના અધિકારી વિશાલ યાદવે જણાવ્યું હતું કે અમારી પાસે અનુરાગ નામના વ્યક્તિનો કોલ આવ્યો હતો. તેણે જણાવ્યું હતું કે પાર્કિંગમાં ઉભેલી કારને આગ લાગી છે. જેના લીધે બાજુમાં પાર્ક કરેલી બીજી ગાડી પણ અડધી સળગી ગઇ હતી. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. બધા લોકો સુરક્ષિત છે. આ ઘટના સવારે 7 વાગે બની હતી.



---

### આરોપીએ પોતાના ઉંચા પદનો ખોટી રીતે દુરુપયોગ કર્યો

## કાર્યસ્થળે મહિલાકર્મી સાથે અનિચ્છનીય વ્યવહાર જાતીય સતામણી ગણાય: મદ્રાસ હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી I તા. 09

મદ્રાસ હાઈકોર્ટે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું હતું કે કાર્યસ્થળ પર મહિલાઓ સાથે અનિચ્છનીય વ્યવહાર પણ યૌન ઉત્પીડનની કેટેગરીમાં આવે છે. ઉત્પીડનકર્તાની મંશા ગમે તે હોય પરંતુ આ કૃત્ય આપરાધિક કૃત્ય છે. કાર્યસ્થળે મહિલાઓના શારીરિક શોષણને અટકાવતો કાયદો ઈરાદા કરતા કૃત્ય પર વધુ ધ્યાન આપે છે. એક આઈટી કંપની એચસીએલ ટેક્નોલોજીના એક કર્મચારી સામે મહિલા કર્મચારીએ લગાવેલા આરોપો મામલે હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી.કર્મચારી પર પોતાની સાથે કામ કરનારી ત્રણ મહિલા કર્મચારીઓના યૌન ઉત્પીડનનો આરોપ લગાવવામાં આવ્યો હતો. મદ્રાસ હાઈકોર્ટે આ મામલે કહ્યું હતું કે જો કોઈનો વ્યવહાર સામેની વ્યક્તિને અપ્રિય લાગતો હોય તો તે યૌન ઉત્પીડન માનવામાં આવશે. પછી આવો વ્યવહાર કરનારાનો ઈરાદો ગમે તે હોય. ન્યાયાધીશ આર. એન. મંજુલાએ કહ્યું હતું કે કાર્યસ્થળ પર કોઈ દ્વારા મહિલા સાથે અનિચ્છનીય વ્યવહાર યૌન ઉત્પીડન છે. જો કોઈ વ્યવહાર સ્વીકાર્ય ના હોય અને બીજી વ્યક્તિ ખાસ કરીને મહિલાઓને અપ્રિય અને અનિચ્છનીય લાગતો હોય તો નિશ્ચિત રુપે તે યૌન ઉત્પિડનની વ્યાખ્યામાં આવે છે. શ્રમ ન્યાયાલયના એક આદેશને રદ કરતી વખતે હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી. એચસીએલ ટેક્નોલોજીની ઈંટરનલ કંપ્લેંટ કમિટીએ પોતાના એક કર્મચારી વિરુદ્ધ લાગેલા આરોપોને નકારી દીધા હતા. મહિલાઓની ફરિયાદ હતી કે આરોપીએ પોતાના ઉંચા પદનો ખોટી રીતે દુરુપયોગ કર્યો છે. જ્યારે હું કામ કરી રહી હતી ત્યારે આરોપીએ મારી પાછળ ઉભા રહીને મારા ખભાને સ્પર્શવા અને બળજબરીથી હાથ મિલાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે આરોપી કર્મચારીએ દાવો કર્યો હતો કે હું એક સુપરવાઈઝર તરીકે માત્ર પાછળ ઉભો રહીને તેનું કામ જોઇ રહ્યો હતો આ દલીલને હાઈકોર્ટે ફગાવી હતી.

---

### જીબીએસના લક્ષણોમાં હાથપગ સુન્ન થઈ જવું અને લાંબા સમય સુધી ઝાડા થવાનો સમાવેશ થાય છે

# જમ્મુ-કાશ્મીર બાદ મહારાષ્ટ્રમાં ફેલાઈ રહસ્યમય બીમારી, 73 લોકો ભરડામાં, તંત્રમાં દોડધામ

(એજન્સી) જમ્મુ-કાશ્મીર I તા. 25

જમ્મુ-કાશ્મીર બાદ મહારાષ્ટ્રના પૂણેમાં એક રહસ્યમય બીમારી ફેલાઈ છે. અત્યાર સુધીમાં 73 લોકો આ બીમારીના ઝપેટમાં આવ્યા છે. પૂણેની ત્રણ હોસ્પિટલોએ આ અંગે સ્થાનિક અધિકારીઓને ચેતવણી આપી છે. આ બીમારી નવજાત શિશુઓને પણ અસર કરી રહ્યો છે. મહારાષ્ટ્ર સરકાર આ રોગ અંગે સતર્ક છે, જ્યારે આ મામલો કેન્દ્ર સરકાર સુધી પહોંચ્યો છે. એવું કહેવાય છે કે આ બીમારી ગુઈલેન-બેરે સિન્ડ્રોમ (GBS) છે. આ સિન્ડ્રોમ માનવ રોગપ્રતિકારક શક્તિને નિશાન બનાવે છે. રાહતની વાત એ છે કે આ રોગની સારવાર શક્ય છે.

પૂણેના સ્થાનિક સમુદાયોમાં દર મહિને એક કે બે જીબીએસ દર્દીઓ નોંધાય છે. પરંતુ છેલ્લા એક અઠવાડિયામાં જીબીએસથી પીડિત 14 દર્દીઓને વેન્ટિલેટર પર રાખવા પડ્યા. ત્યારબાદ મહારાષ્ટ્ર આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો અને ઘરે ઘરે જઈને સર્વે શરૂ કરવામાં આવ્યો. આ દરમિયાન કોઈ જીબીએસ દર્દી છે કે નહીં તે શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સાથે લોકોમાં જાગૃતિ પણ ફેલાવવામાં આવી. બે દિવસમાં મ્યુનિસિપલ અને જિલ્લા આરોગ્ય કર્મચારીઓએ લગભગ 7,200 ઘરોનો સર્વે કર્યો.નિષ્ણાત ડૉક્ટરોના જણાવ્યાનુસાર, કેમ્પાયલોબેક્ટર જેજુની નામના પેથોજેનિક બેક્ટેરિયા જીબીએસ માટે જવાબદાર છે. આ રોગ લોકોની રોગપ્રતિકારક શક્તિ પર હુમલો કરે છે. વિવિધ હોસ્પિટલોમાં દર્દીઓના સ્ટૂલ ટેસ્ટમાં પણ આ જ બેક્ટેરિયા મળી આવ્યા છે. દર્દીઓમાં આઠ વર્ષનો બાળક અને એક નવજાત બાળકનો સમાવેશ થાય છે, તેથી ડોક્ટરોની ચિંતા પણ વધી ગઈ છે.નિષ્ણાત ડૉક્ટરોના જણાવ્યાનુસાર, સર્વે દરમિયાન લોકોને રોગના લક્ષણો વિશે પૂછવામાં આવ્યું હતું. જીબીએસના લક્ષણોમાં હાથપગ સુન્ન થઈ જવું અને લાંબા સમય સુધી ઝાડા થવાનો સમાવેશ થાય છે.



કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સેન્ટ્રલ સર્વેલન્સ યુનિટ (CSU) એ પૂણેમાં જીબીએસના વધતા જતા કેસોની નોંધ લીધી છે. આ પછી સ્થાનિક અધિકારીઓની મદદ માટે ડોકટરોની એક ટીમ પૂણે મોકલવામાં આવી રહી છે. સારવાર માટે વિવિધ હોસ્પિટલો તૈયાર કરવામાં આવી રહી છે. સાસૂન હોસ્પિટલમાં 16 જીબીએસ દર્દીઓ સારવાર હેઠળ છે. કુલ 73 દર્દીઓમાંથી 44 દર્દીઓ પૂણે ગ્રામ્યના છે. જ્યારે, 11 પૂણે કોર્પોરેશન વિસ્તારના રહેવાસીઓ છે અને 15 પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન પટ્ટાના રહેવાસીઓ છે. સૌથી વધુ દર્દીઓમાં, કિર્કીટવાડીના 14, ડીએસકે વિશ્વાના 8, નાંદેડ શહેરના 7, ખડકવાસલાના 6 દર્દીઓનો સમાવેશ થાય છે. દર્દીઓની ઉંમર વિશે વાત કરીએ તો ત્રણ દર્દીઓ પાંચ વર્ષથી ઓછી ઉંમરના, 18 દર્દીઓ 6થી 15 વર્ષની વચ્ચેના અને 7 દર્દીઓ 60 વર્ષથી વધુ ઉંમરના છે.

---

### હિન્દુ મહિલાનું આપમેળે ઈસ્લામમાં ધર્માંતરણ નથી થઈ જતું

## મુસ્લિમ સાથે લગ્ન કરવાથી હિન્દુ મહિલા મુસ્લિમ નથી બની જતી : દિલ્હી હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી I તા. 25

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે એક પારિવારિક વિવાદના નિકાલ વખતે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું હતું કે કોઈ મુસ્લિમ શખ્સ સાથે લગ્ન કરી લેવા માત્રથી કોઈ હિન્દુ મહિલાનું આપમેળે ઈસ્લામમાં ધર્માંતરણ નથી થઈ જતું. પરિવારની સંપત્તિમાં હિસ્સા માટે એક બહેને ગુહાર લગાવી હતી જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી. પુષ્પલતા નામની મહિલાએ વર્ષ ૨૦૦૭માં પોતાના સાવકા ભાઈઓ સામે સંપત્તિ મુદ્દે દાવો કર્યો હતો, પુષ્પલતાનો દાવો હતો કે મારા પિતાની સંયુક્ત પરિવારની સંપત્તિનો હિસ્સો મને આપવામાં નથી આવ્યો અને મારા સાવકા ભાઈઓ આ સંપત્તિને મારી મંજૂરી વગર જ વેચી રહ્યા છે. જ્યારે પુષ્પલતાના પિતાએ તેમજ તેના સાવકા ભાઈઓએ એવો દાવો કર્યો હતો કે પુષ્પલતાએ બ્રિટનમાં એક પાકિસ્તાની મૂળના મુસ્લિમ સાથે લગ્ન કરી લીધા હોવાથી તે હવે હિન્દુ નથી રહી માટે હિન્દુ વારસા કાયદા મુજબ તેને સંપત્તિમાં હિસ્સાનો કોઈ અધિકાર નથી રહ્યો.



બીજી તરફ કોર્ટે આંશિક રીતે મામલાનો સ્વીકાર કરતા કહ્યું હતું કે વાદી હવે હિન્દુ નથી રહી તે સાબિત કરવાની જવાબદારી પ્રતિવાદી એટલે કે સાવકા ભાઈઓની રહેશે. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે સંપત્તિ પર દાવો કરનારી બહેન પુષ્પલતાએ પોતાના સોગંદનામામાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે તે હાલ પણ હિન્દુ ધર્મ અપનાવીને જ જીવન જીવી રહી છે, તેણે ઈસ્લામ ધર્મ નથી અપનાવ્યો. દિલ્હી હાઈકોર્ટે આ સાથે જ અરજદાર બહેનને પરિવારની સંપત્તિમાં પાંચમો હિસ્સો આપવાનો આદેશ આપ્યો હતો. અને સ્પષ્ટતા કરી હતી કે કોઈ હિન્દુ મહિલાના મુસ્લિમ સાથે લગ્ન થઈ જવા માત્રથી તે મહિલા આપમેળે મુસ્લિમ નથી બની જતી.

# રાજ્યમાં સતત બીજા દિવસે ઠંડા પવન ફૂંકાયા

**દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થયો, આગામી બે દિવસ સ્થિતિ યથાવત રહેવાની શક્યતા**



અમદાવાદ | રાજ્યમાં આજે સતત બીજા દિવસે ઠંડા પવન ફૂંકાતા વાહનચાલકો પરેશાન જોવા મળ્યા હતા. રાજ્યમાં ગતરોજ દિવસ દરમિયાન ઠંડા પવનો ઉત્તર પૂર્વ દિશા તરફથી ફૂંકાઈ રહ્યા હતા જેની ગતિ 15 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી. મધ્ય ગુજરાતના ભાગોમાં તેજ ગતિ સાથે પવનો ફૂંકાતા અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાં મહત્તમ તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું હતું તથા રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન સામાન્યથી નજીક અથવા તો સામાન્યથી ઓછું નોંધાયું હતું. પરંતુ રાત્રિ દરમિયાનનું લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર આવ્યા ન હતા. ઉત્તર પશ્ચિમ ભારતમાં સક્રિય થયેલી સિસ્ટમને કારણે પવનની ગતિ વધુ રહી હતી. હજુ પણ આગામી 48 કલાક સ્થિતિ યથાવત રહેવાની શક્યતાઓ છે. બીજી તરફ દિવસે ગરમીનો અનુભવ થાય છે પરંતુ ઠંડા પવન અને કારણે જ્યારે પવન આવે ત્યારે ગુજરાતવાસીઓ ઠંડક અનુભવી રહ્યા છે લઘુત્તમ તાપમાનમાં ફેરફાર ન આવતા ગુજરાતવાસીઓ સામાન્ય ઠંડીનો અનુભવ કરશે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે પણ પવનની ગતિ સામાન્ય કરતા થોડા અંશે વધુ રહી શકે છે. એટલે કે ક્યારેક 10 થી 15 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે આ ઉપરાંત છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યનું લઘુત્તમ તાપમાન યથાવત નોંધાયો હતો તમામ જિલ્લાઓમાં કોઈ મોટા નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યા ન હતા.

**10.24 લાખના ગાંજા સહિત 25 લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો**

# બગોદરામાંથી ઝડપાયો 102 કિલો ગાંજો

(એજન્સી) અમદાવાદ | તા 25

મદાવાદના ગ્રામ્ય વિસ્તાર બગોદરામાંથી 102 કિલો ગાંજો ઝડપાયો હોવાની વાત સામે આવી છે જેમાં બગોદરા પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે,ઓરિસ્સાથી ટ્રકમાં ગાંજો ગુજરાત આવ્યો હોવાની વાત પણ સામે આવી છે જેમાં પોલીસે 10.24 લાખના ગાંજા સહિત 25 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે,બગોદરા પોલીસે એક આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથધરી છે.



## બગોદરા પોલીસે 102 કિલો ગાંજો ઝડપ્યો

બગોદરા પોલીસ વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ઓરિસ્સાથી એક ટ્રકમાં ગાંજો ગુજરાતમાં આવી રહ્યો છે અને તે બાબતને લઈ ટ્રકને રોકી ચેકિંગ કરતા સામે આવ્યું કે આરોપી ઓરિસ્સાથી આ ગાંજો લઈ ગુજરાતમાં આવ્યો છે,આ ગાંજો ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ હાથધરી છે,હજી સુધી સામે આવ્યું નથી કે આ ગાંજો કોણે મંગાવ્યો હતો,પોલીસના સૂત્રો તરફથી વાત કરવામાં આવે તો આ ગાંજો બગોદરા થઈને ખેડા પહોંચાડવાનો હતો.40 મિનિટનો સમય લાગ્યો હતો.

## 6 મહિના પહેલા પણ ઝડપાયો હતો બગોદરામાં ગાંજો

બગોદરા પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે એક ટ્રક ચેકીંગ કરતાં ટ્રકના કેબીનમાંથી છણીયાનાં કોથળામાંથી 9.525 કિલોગ્રામ ગાંજો મળી આવતાં પોલીસે 95,250 રૂપીયાનો ગાંજો, 15,00,000 રૂપીયાની ટ્રક, 1500 રૂપીયા રોકડા, 1000 રૂપીયાનો મોબાઈલ મળી 15,97,750 રૂપીયાનો મુદામાલ કબ્જે કરીને 2 વ્યક્તિને ઝડપી લઇ ગાંજો મંગાવનાર અને વેચાણ આપનારને વોન્ટેડ જાહેર કરી 4 વિરૂદ્ધ એન.ડી.પી.એસ.એકટ હેઠળ ગુનો નોંધી

## રાજયપાલની ઉપસ્થિતિમાં 15મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ગૌરવભેર ઉજવણી સંપન્ન

ગાંધીનગર : 99 કરોડથી વધુ મતદાતાઓ ધરાવતા ભારતમાં આજે 15 મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી થઈ રહી છે.ગાંધીનગરમાં મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ચૂંટણી તંત્રના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતાં કહ્યું હતું કે, ભારત જેવા મહાન લોકતાંત્રિક રાષ્ટ્રમાં નાનામાં નાના નાગરિકના મતનું-અભિપ્રાયનું મૂલ્ય છે. માનવજીવનમાં સ્વતંત્રતાથી મોટું કોઈ સુખ નથી અને પરતંત્રતાથી મોટું કોઈ દુ:ખ નથી.આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, 99 કરોડથી અધિક મતદાતાઓવાળા આપણા દેશમાં જ્યાં છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં સરેરાશ 65 ટકા જેટલું મતદાન થયું હોય તો પણ આપણા દેશમાં અડધા દિવસમાં ચૂંટણી પરિણામો મળી જાય છે. જ્યારે વિકસિત દેશોમાં પણ ચૂંટણી પરિણામો આવતાં દિવસો નીકળી જાય છે. ગુજરાતમાં વર્ષમાં ચાર વખત મતદારયાદી સુધારણા કાર્યક્રમો થાય છે અને યુવા મતદારોને મતદાર યાદીમાં સમાવિષ્ટ કરાય છે.એટલું જ નહીં, આપણા દેશમાં ચૂંટણીઓ યોજાય ત્યારે દુનિયાના અનેક દેશોના પ્રતિનિધિઓ આપણી ચૂંટણી પ્રક્રિયાનો અભ્યાસ કરવા આવે છે.

## ગોતામાં ટ્રાફિકજામ કરતી 3 રેસ્ટોરાંનું ગેરકાયદે બાંધકામ તોડી રોડ ખોલાયો



અમદાવાદ | એસજી હાઈવે પર આવેલા ગોતાની ટી.પી-57માં સોલા તરફના 12 મીટરના રોડ પર તાણી બંધાયેલાં 4 કોમર્શિયલ એકમ મ્યુનિએ તોડી પાડ્યા છે. કેટલીક જાણીતી રેસ્ટોરાંએ પણ અહીં ગેરકાયદે બાંધકામ કર્યું હતું. મ્યુનિએ શુક્રવારે આ ચાર કોમર્શિયલ એકમ ઉપરાંત 2 ઝૂંપડાં, 2 કાચા શેડ સહિતના બાંધકામ તોડી પાડી 1765 ચોરસ મીટર જગ્યા ખૂલ્લી કરી છે. ગોતામાં જાહેર રોડ પર જ મારુતિ નંદન કાઠિયાવાડી હોટલ, જલારામ પરાઠા, ભગીરથ ગાંઠિયા સહિતના એકમોએ જાહેર રોડ પર જ ગેરકાયદે બાંધકામ કર્યું હતું. ઉ.પશ્ચિમઝોન દ્વારા કાર્યવાહી હાથ ધરી આ તમામ ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. હવે ત્યાં પહોળો રસ્તો બનતાં ટ્રાફિકની સમસ્યા હળવી બનશે. આ સિવાય બોડકદેવ વોર્ડમાં પણ આંબલીમાં 18 રહેણાંક પ્રકારના બાંધકામ અને 3 કોમર્શિયલ એકમો પણ તોડી પાડી 5708 ચો.મી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. ઉપરાંત મ્યુનિએ એક પ્લોટનો કબજો લીધો છે.

## 979 જગ્યાની ભરતી, IASની 749 પોસ્ટ, 11મી ફેબ્રુઆરી સુધી અરજી કરી શકાશે

અમદાવાદ | યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)એ આઈએએસ, આઈપીએસ, આઈએફએસ સહિતની કુલ 979 જગ્યાની ભરતી જાહેરાત કરી છે, જેમાં 38 પોસ્ટ દિવ્યાંગજનો માટે આરક્ષિત છે. જાહેરાત અનુસાર ઉમેદવારો 11 ફેબ્રુઆરી સુધીમાં યુપીએસસીની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરી શકાશે. આ વખતે આઈએએસ, આઈએફએસ, આઈપીએસ સહિતની કુલ 21 સેવામાં ભરતી કરાશે. પ્રારંભિક પરીક્ષા 25 મેએ યોજાશે. અરજી કરનારા ઉમેદવારોને માટે ફરજિયાતપણે ‘વન ટાઈમ રજિસ્ટ્રેશન’ પ્રક્રિયા અનિવાર્ય છે. એક વાર અરજી કર્યા પછીથી તેમાં સુધારો કરવા માટેનો વિકલ્પ પણ આપવામાં આવશે.ગત વર્ષની તુલનાએ આ વર્ષે કુલ જગ્યાઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષે 1100થી વધુ જગ્યાની ભરતી જાહેર કરવામાં આવી હતી.